સળંગ અંક-૩૩, વર્ષ-૯, એપ્રિલથી જૂન-૨૦૨૨

ISSN : 2321-4880

ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક
ધરોહરને ઉજાગર કરતું સામયિક

અતુલ્ય વારસો®

Know Your Identity



10મા વર્ષમાં મંગલ પ્રવેશ

પાટણ વિશેષાંક

VISIT…

LANZAROTE Caliente.COM

ચિત્ર સંદર્ભ: હેમલ સોલંકી

પ્રગતિપથ પર અગ્રેસર પાટણ



- સુપ્રીત સિંઘ ગુલાટી IAS

ગુજરાતની પ્રાચીન રાજધાની અને ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતું પાટણ હંમેશાંથી પોતાની આગવી ઓળખ ધરાવે છે. રાજા સિદ્ધરાજ જયસિંહના સમયે પુરાતન પાટણ નગરી ગુર્જર પ્રદેશના રાજકીય અને વહીવટી સત્તાનું કેન્દ્રબિંદુ હતું. પાટણની ભૂમિ તપોભૂમિ છે. પાટણમાં પુરાણ પ્રસિદ્ધ સરસ્વતી નદી આવેલી છે. આ નદીના કિનારે ભારતભરમાં પ્રસિદ્ધ માતૃતીર્થ સિદ્ધપુર વસેલું છે. ધાર્મિક વારસાની સાથે પાટણને શિક્ષણક્ષેત્રે આગવી ઓળખ આપનાર આચાર્ય હેમચંદ્રાચાર્યનો સમૃદ્ધ વારસો પ્રાપ્ત થયો છે.

પાટણે આધુનિક પરિવર્તનોને સ્વીકારીને પોતાનો મૂળ આત્મા જીવંત રાખ્યો છે એમ કહીએ તો એ અતિશયોક્તિ નથી. પાટણ આપણા દેશ ઉપરાંત વિદેશમાં પણ તેની ઐતિહાસિક સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો એવી રાણીની વાવ તથા હસ્તકલાનો ઉત્તમ નમૂનો એવા ભાતીગળ છાંટ ધરાવતા પટોળાને લીધે વિખ્યાત છે. પાટણના નગરજનો સૌહાર્દ અને બંધુત્વની ભાવનાથી રહે છે.

પાટણની ખમીરવંતી પ્રજા જીવનમાં આવતા પડકારોને ઝીલીને જિંદાદિલીથી જીવે છે. પાટણ જિલ્લામાં ઉજવાતા અનેક મેળાઓ પ્રજાની ઉત્સવપ્રિયતાનો પરિચય આપે છે. ગુજરાત રાજ્ય તમામ ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે પાટણ જિલ્લો પણ એમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી સહભાગી બની રહ્યો છે. રાજ્ય સરકારની તમામ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ પાટણ જિલ્લાના છેવાડાના માનવીને મળે એ માટે જિલ્લા વહીવટીતંત્ર કટિબદ્ધતાથી કાર્ય કરી રહ્યું છે. જિલ્લાના નાગરિકોને ઉમદા આરોગ્ય, શિક્ષણ, કૃષિ વિષયક તથા અન્ય સેવાઓ મળી રહે એ માટે તમામ વિભાગો અસરકારક કામગીરી કરી રહ્યા છે. પાટણ જિલ્લાએ 'નલ સે જલ' યોજનામાં રાજ્યમાં સાતમા ક્રમે લક્ષ્યાંક પૂર્ણ કરવાની સિદ્ધિ મેળવી છે. પાટણ શહેર નજીક ૧૦૦ કરોડના ખર્ચે પ્રાદેશિક વિજ્ઞાન મ્યુઝિયમ બનાવીને રાજ્ય સરકારે પાટણને ગૌરવ બક્ષ્યું છે, જેનાથી પાટણની યશકલગીમાં એક વધુ પીંછું ઉમેરાયું છે. કોરોના મહામારીના સમયે જિલ્લાના નાગરિકોએ રાખેલ સંયમ અને ધીરજ ખૂબ જ પ્રસંશનીય છે. નાગરિકોએ આવા મુશ્કેલ સમયે વહીવટીતંત્રને સંપૂર્ણ સહયોગ આપ્યો એ બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

હજુ પણ આપણે સૌએ સાથે મળીને આપણા પાટણ જિલ્લાને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો છે. તમામ નાગરિકો સુખ-શાંતિથી રહીને પોતાનું જીવન વ્યતીત કરી શકે એ માટે પ્રયાસો કરવાના છે. મને પૂરો વિશ્વાસ છે કે પાટણના નાગરિકો પોતાની કુનેહ, આવડત અને પરિશ્રમથી જિલ્લાને રાજ્યમાં આગવી ઓળખ અપાવશે.

(લેખક પાટણ જિલ્લાના કલેક્ટર છે.)

अतुल्य वारसो®
Know Your Identity

ISSN : 2321- 4880
નોંધણી નંબર :
સોસાયટી નોંધણી નં. : ગુજ/૧૪૩૩૬/અ'વાદ.
જાહેર ટ્રસ્ટ નોંધણી નં. : એફ/૧૪૧૪૯/અ'વાદ.

પ્રકાશક :
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર(HCRC),
ગુજરાત રાજ્ય, અમદાવાદ

તંત્રી : કપિલ ઠાકર

સહતંત્રી : કિન્નરી શાહ

સલાહકાર સમિતિ : શ્રી પ્રવીણ ક. લહેરી, શ્રી વાય. એસ. રાવત, ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. વિશાલ જોષી, શ્રી કીર્તિ ઠાકર, ડૉ. રફીકાબેન સુલતાના, ડૉ. પી. એસ. ઠક્કર

સહયોગી ટીમ : મનિષ વૈદ્ય, રામ બ્રહ્મભટ્ટ, વિષ્ણુસિંહ ચાવડા, હર્ષ પટેલ, મહાદેવ બારડ, ડૉ.શિવશંકર જોશી

કો-ઓર્ડિનેટર : રોનક રાણા

ફોટોગ્રાફર : નરેન્દ્ર ઓતિયા

પ્રુફ રીડર : ધ્રુવા જેટલી

મુખપૃષ્ઠ ફોટો : રાણકી વાવમાં આવેલ મહિસાસૂર મર્દિનીના શિલ્પનું ચિત્રાંકન
ચિત્રકાર: વૈશાલી ભાવસાર, અમદાવાદ

લેઆઉટ એન્ડ ડિઝાઈન : રાજ કુમાવત

Keep in touch with us for Subscription :
9825129703, 9328312363
atulyavarso
@AtulyaVarso001
atulyavarso.magazine
atulyavarso@gmail.com
atulyavarso
www.atulyavarso.com

સહયોગ રાશી : વાર્ષિક રૂા. ૫૦૦/-

અનુક્રમણિકા

તંત્રી લેખ



આપણું ગુજરાત એ ખૂબ જ ઐતિહાસિક અને અતિ પૌરાણિક વિરાસત ધરાવતું અને સાથે જ સાચવીને (શું સાચવીને?) બેઠેલું રાજ્ય છે. નજીકના રાજ્યોમાં તેમજ દુનિયાના અમુક અપવાદને બાદ કરતા ઘણા દેશોમાં સ્થાનિક ઇતિહાસ તપાસવામાં આવે તો ૨૦૦, ૫૦૦ કે ૧૦૦૦ વર્ષથી પ્રાચીન સભ્યતા જોવા નથી મળતી. જ્યારે આપણા ગુજરાતમાં ૧૦૦ વર્ષની પ્રાચીનતાથી લઈને ૫૦૦૦ વર્ષથી વધારે પ્રાચીન સભ્યતા ધોળાવીરા અને એથી પણ હજારો/લાખો વર્ષ અગાઉનાં મળી આવેલા માનવ સભ્યતાનાં વિવિધ સ્થળો ગુજરાતને અતિ પ્રાચીનકાળમાં લઇ જાય છે. એથી પણ વિશેષ લાખો વર્ષ અગાઉથી અસ્તિત્વ ધરાવતા ડાયનાસોરનાં અવશેષો આપણા રાજ્યને પુરાતાત્વિક દ્રષ્ટિએ અતિ સમૃદ્ધ બનાવે છે. આવા આપણા ગુજરાતમાં અનેક પ્રાચીન નગરો હયાત છે, જે આજે પણ ઐતિહાસિક કાળની અનેક નિશાનીઓ સાચવીને બેઠા છે. એવું જ એક અતિ અગત્યનું, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પુરાતાત્વિક નિશાનીઓને સાચવીને બેઠેલું નગર એટલે આપણું પાટણ. ગુજરાત રાજ્યની પ્રથમ રાજધાની એવું અણહિલવાડ પાટણ વર્તમાન સમયમાં પણ તત્કાલીન સમયના, તેથી પણ પ્રાચીન અને ત્યારબાદના અનેકવિધ અવશેષો સાચવીને બેઠું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અમોને પાટણ ખાતે હેરિટેજ વોક રૂટ અને અતુલ્ય વારસોનો વિશેષાંક તૈયાર કરવાની તક મળી, જેનાં લીધે પાટણને વધુ નજીકથી જાણવાનો મોકો મળ્યો. વર્તમાનમાં પણ આ નગરમાં અનેકવિધ સ્થાપત્યો, સાંસ્કૃતિક વારસો જીવંત છે, જેને યોગ્ય ઢાંચામાં ઢાળીને હેરિટેજ પ્રવાસન ક્ષેત્રે વિકાસ થઇ શકે તેવી અનેકવિધ તકો આ નગરમાં છુપાયેલી છે. તેનો સાક્ષાત્કાર અમારા પાટણનાં સંશોધન દરમિયાન થયો. પાટણનાં પાડા, વાડા અને પોળ વિશે, જૈન વિરાસત વિશે, જળ સ્મારકો વિશે, કોટ અને દરવાજાઓ વિશે, શિવાલયો, શક્તિ મંદિરો, કાષ્ઠકલાનાં મકાનો, માટીના રમકડાં, પટોળા અને મશરૂની કામગીરી જેવી વિવિધ માહિતીથી અમે માહિતગાર થયા. આજે પ્રાચીન કિલ્લાની દીવાલ નગરનાં અમુક ભાગમાં જોઇ શકાય છે અને પ્રાચીન દરવાજાઓમાંથી બચેલા દરવાજાઓ આજે પણ તત્કાલીન સમયની જાહોજલાલી દર્શાવે છે.

પાટણમાં તૈયાર કરવામાં આવેલ હેરિટેજ વોકનું બ્રોશર અને અતુલ્ય વારસો વિશેષાંક આ નગરનાં ઐતિહાસિક સ્મારકોને ઉજાગર કરવાની એક પહેલ છે અને આગામી સમયમાં અહીં હેરિટેજ પ્રવાસન ક્ષેત્રે વિકાસની તકો વધશે તેવી અમોને આશા છે. સૌપ્રથમ અમો અધિક કલેક્ટર શ્રી પ્રદીપસિંહ રાઠોડ સાહેબનાં આભારી છીએ કે તેઓએ અમોને પાટણમાં કામગીરી કરવા આમંત્રિત કર્યા. માન. કલેકટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટી સાહેબનો ખૂબ ખૂબ આભાર કે તેઓશ્રીએ સતત માર્ગદર્શન અને પ્રેરણા આપી. મિત્ર અમિતભાઇ ગઢવીનો હેરિટેજ વોક રૂટ અને પાટણ વિશેષાંકનાં તૈયારી અને અંત સુધી સતત સાથે રહી સહયોગ પૂરો કરવા માટે અમો આભારી છીએ. પાટણ વિશેષાંકમાં લેખો દ્વારા સહયોગ પૂરો પાડનાર સૌનો અત્રે આભાર વ્યક્ત કરીએ છીએ. અતુલ્ય વારસોનો પાટણ વિશેષાંક હેરિટેજ અને વાંચનપ્રેમી સૌને અને ખાસ કરીને પાટણનાં નગરજનોને ઉપયોગી સાબિત થશે તેવી અમોને આશા છે.

- કપિલ ઠાકર

ચિત્ર સંદર્ભ: ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ

અણહિલવાડ પાટણની અસ્મિતા



- રજની વ્યાસ

ગુજરાતના સુવર્ણયુગ સાથે સોલંકી રાજવીઓની રાજધાનીનું નગર પાટણ એક કાળે વિસ્તારમાં અને વૈભવમાં, શોભામાં અને સમૃદ્ધિમાં, વાણિજ્યમાં, વીરતામાં ને વિદ્યામાં, તે કાળની ધારા-અવંતી જેવી શ્રી સરસ્વતી અને સંસ્કારલક્ષ્મીથી સમૃદ્ધ નગરીઓની સ્પર્ધા કરતું હતું. તે ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતું. ગુજરાતની સત્તાના તેમજ ગુર્જર સંસ્કૃતિના કેન્દ્ર તરીકે આજની વાત જુદી છે. મહાકાળ જાય છે અને જતાં જતાં તે ઉત્પાત કરતો જાય છે. સરસ્વતી નદીને તટે વસેલું આ એક વખતનું મહાનગર પાટણ એક સમયે ગુજરાતની રાજધાની હતું. ઇ.સ. થી એટલે કે વનરાજ ચાવડાના સમયથી માંડીને ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ અને સોલંકીયુગના, બલ્કે ગુજરાતની રજપૂત સત્તાના અંત સુધી વાઘેલાઓ વગેરેએ વચ્ચે વચ્ચે અન્ય સ્થળો બદલ્યાં છતાં પાટણ જ ગુજરાતની વાસ્તવિક રાજધાની રહ્યું હતું.

ગુજરાતને 'ગુજરાત' નામ મળ્યા પછી પાટણ તેનું પહેલું પાટનગર બન્યું. પાટણ તેની સ્થાપના બાદ 14મી સદી સુધીનાં લગભગ થી વધુ વર્ષ પર્યંત ગુજરાતનું પાટનગર રહેલું. એટલું જ નહીં, તે ગુજરાતનું રાજકીય અને વિદ્યાકીય ઉપરાંત સંસ્કૃતિનું કેન્દ્ર પણ હતું. સહસ્રલિંગ તળાવને કાંઠે અનેક મઠો અને પાઠશાળાઓ હતા. રાજસ્થાન, સિંધ, માળવા અને ઉત્તર ભારતના સાર્થવાહોના માર્ગોનું તે કેન્દ્ર રહેલું. ભીમદેવ પહેલો, કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાળના શાસન દરમ્યાન તે સમૃદ્ધિની ટોચે હતું. ત્યારે પાટણનો ઘેરાવો 30 કિમી જેટલો હતો. 84 ચૌટાં અને 84 ચોક હતા. તે વખતે પાટણની વસ્તી પણ ઘણી હતી.

પાટણ એટલે સંસ્કૃતમાં 'પત્તન શહેર'. આમ, પાટણ એ સામાન્ય શહેરવાચક નામ છે. ગુજરાતમાં અન્ય સ્થળોનાં નામ સાથે પણ 'પાટણ' શબ્દ શહેરવાચક તરીકે જોડાયેલો છે, જેમકે પ્રભાસ પાટણ. આમ, નગરી વિશેષનું નામ પાટણ સાથે જોડાય છે. તે રીતે 'પાટણ' રાજધાનીનું પૂરું નામ અણહિલપુર પાટણ છે. પણ હવે 'પાટણ' એટલે અણહિલપુર પાટણ જ સમજાય છે, કારણ કે તે સૌથી મહત્વનું પાટણ હતું.

અણહિલપુર-પાટણનું નામ ગુજરાતના સામ્રાજ્યનો પાયો નાખનાર વનરાજ ચાવડાના બાળમિત્ર અને સહાયક ભરવાડ અણહિલના નામ પરથી પડ્યું હોવાનું કહેવાય છે. અનુશ્રુતિ પ્રમાણે વિ. સં. 802 (ઈ. સ. 746, 28 માર્ચ)ના દિવસે અણહિલ ભરવાડે બતાવેલી જગ્યાએ વનરાજ ચાવડાએ આ શહેરની સ્થાપના કરી હતી. પંચાસરના રાજા જયશિખરીનું કલ્યાણના રાજા ભુવડને હાથે યુદ્ધમાં મૃત્યુ થયા પછી બાળક વનરાજને મામા સુરપાળ અને તેની માતા રાણી રૂપસુંદરીએ ઉછેર્યો. વનરાજે પછી ટોળી જમાવીને રાજ્યની સ્થાપના કરી અને અહિલપુર-પાટણ વસાવ્યું. આ વનરાજ ચાવડાથી જ ગુજરાતના રજપૂત યુગના ઇતિહાસનો આરંભ થાય છે. આજે પણ, મૂળ પંચાસરના દેવાલયમાંથી લવાયેલી પારસનાથ ભગવાનની મૂર્તિ પંચાસરા પારસનાથને નામે ઓળખાતા પાટણના દેરાસરમાં જોવા મળે છે. તે દેરાસરના એક ગોખમાં વનરાજ ચાવડાની પુરાણી મૂર્તિ પણ છે. આજે પંચાસર પાટણથી થોડેક દૂર નાનકડું ગામ છે.

ચિત્ર સંદર્ભઃ બિપીન પટેલ

ચાવડાઓ પછી સોલંકીઓ આવ્યા. તેમાં મૂળરાજદેવે ગુજરાતના રાજ્યનો બધી રીતે વિસ્તાર અને વિકાસ કર્યો. પણ ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણયુગ સોળે કળાએ પ્રકાશ્યો સિદ્ધરાજ જયસિંહના સમયમાં! તે સમયના અત્યંત વિસ્તૃત નગર પાટણની જાહોજલાલી અને શોભાનાં વર્ણનો અનેક પ્રાચીન ગ્રંથોમાં જળવાયેલાં છે. શ્રી કનૈયાલાલ મુનશીની વિખ્યાત નવલકથા 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' ઉપરાંત ભીમદેવ સોલંકીના સમયના મહમૂદ ગઝનીના આક્રમણની કથા રજૂ કરતી 'જય સોમનાથ' નવલકથામાં આ સ્થાનનું મહત્વ રહ્યું છે. તો લેખક નંદશંકરની ગુજરાતની પહેલી નવલકથા 'કરણ ઘેલો' અને શ્રી મુનશીની છેલ્લી ઐતિહાસિક નવલકથા 'ભગ્ન પાદુકા'માં સોલંકી પછીના વાઘેલાઓના વંશના છેલ્લા રાજવી અને ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કરણ વાઘેલાની કથા આલેખાઇ છે. તેમાં પણ પાટણ જ કેન્દ્રમાં છે. એ સિવાય પણ સોલંકી-કથા પર આધારિત નવલકથાઓમાં પાટણ કેન્દ્રવર્તી છે.

પાટણ ગુજરાતના સામ્રાજ્યનું સત્તાકેન્દ્ર જ નહીં, પરંતુ વિદ્યાકળાના પરમધામ સમું સંસ્કૃતિકેન્દ્ર પણ હતું, જેમાંથી ગુજરાતની પોતાની આગવી સાંસ્કૃતિક અસ્મિતા પ્રગટી. તેના વિકાસમાં જેમ રાજા તરીકે સિદ્ધરાજ જયસિંહનો ફાળો છે, તેમ પરમ વિદ્વાન અને ધર્મપુરુષ તરીકે શ્રી હેમચંદ્રાચાર્યનો ફાળો છે. એ જૈન સાધુ કલિકાલ સર્વજ્ઞ કહેવાયા છે. તેમણે અનેક શાસ્ત્રો રચ્યા, વિદ્વાનો તૈયાર કર્યા ને પાટણને ભોજની ધારાનગરી સાથે સ્પર્ધા કરતું કર્યું. તેમણે ગુજરાતને ગૌરવવંતું બનાવ્યું. તેમણે રચેલ મહાન વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'માં સિદ્ધરાજ તેમજ હેમચંદ્રાચાર્યનું નામ દ્વિઅર્થી રીતે સંકળાયેલું છે, તે વાજબી જ છે, કારણ કે એની સહાય અને બીજાના વિદ્વત્તાયુક્ત પરિશ્રમ વગર એ થઇ ન શકે. એ વ્યાકરણગ્રંથ પૂરો થયો ત્યારે હાથી પર તેની સવારી કાઢી હતી અને તેની આગળ સૌ સાથે હેમચંદ્રાચાર્ય ઉપરાંત મહારાજા સિદ્ધરાજ પણ ચાલતા પાટણની શેરીઓમાં ફરેલા અને વિદ્યાનું - સંસ્કારિતાનું ગૌરવ કરેલું. એ 'શબ્દાનુશાસન'નું આઠમું પ્રકરણ એ ગુજરાતની આગવી ભાષા 'ગુજરાતી'નું આદ્ય વ્યાકરણ ગણાય છે.

સોલંકીઓનું એ પાટણ અનેક મહાલયો - દેવાલયો, સ્થાપત્યોથી ભરપૂર હતું. તેમાં સિદ્ધરાજના સમયમાં બંધાયેલા સહસ્રલિંગ તળાવનું વર્ણન વાંચતાં તેની વિશાળતા ને ભવ્યતાથી આશ્ચર્ય પમાય છે. એ ચોમેર બાંધેલા ઘાટવાળા વિશાળ તળાવની કાંઠે શિવની હજાર દેરીઓ હતી. તેની આસપાસનાં મંદિરો, પાઠશાળાઓ વગેરેમાં ધર્મ અને વિદ્યા વિકસતાં. પુરાતત્વવિદો દ્વારા ખોદકામ કરતાં મળી આવેલા આ તળાવના ઓવારાનું તેમ જ સરસ્વતી નદીમાંથી પાણી આવવાના માર્ગનું નાળું વગેરેનું બાંધકામ હેરત પમાડે જેવું છે.

ચોમેર સંખ્યાબંધ શિલ્પાકૃતિઓવાળાં શિવમંદિરો, આ તળાવના ગોળાકારે ગોઠવેલા પથ્થરોનું ચણતરકામ આજે હજાર વર્ષે પણ જડબેસલાક છે. પાટણમાં આજે પણ અનેક જૂના અવશેષો જોવા મળે છે. હમણાં થોડાં વર્ષો પહેલાં જ જેનું ખોદકામ થયું ને તેનું અદ્ભુત સ્થાપત્ય તથા શિલ્પસમૃદ્ધિ પ્રગટ થયાં છે તે રાણકીવાવ 'રાણીની વાવ' તરીકે પણ જાણીતી છે. રાજા ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી આ વાવ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. તેની દીવાલો-ગોખમાંની અદ્ભુત સૌંદર્યમંડિત શિલ્પાકૃતિઓ આશ્ચર્યકારક શિલ્પકલા પ્રત્યક્ષ કરે છે. પાટણ નજીક ભૂતિયા વાસણા જેવા નાનકડા ગામે પણ કૂવો ખોદતાં દસમી સદીના અવશેષો મળ્યા છે.



પાટણમાં આ ઉપરાંત અનેક સુંદર જિનાલયો જોવા મળે છે તથા ત્યાંના સમૃદ્ધ ગ્રંથભંડારોમાં હજારો પ્રાચીન હસ્તપ્રતો તેમજ પ્રાચીન ગ્રંથોની નકલો સચવાયેલી છે. શ્રી મુનશીના પ્રયત્નથી તેમજ અનેક દાતાઓની સહાયથી ત્યાં હેમચંદ્ર-સ્મારક થયું છે. તેમાં આધુનિક વ્યવસ્થાનો ઉપયોગ કરીને ઠેરઠેરથી હસ્તપ્રતો લાવીને સંઘરવામાં આવી છે. હવે તો પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કેન્દ્ર બન્યું છે એટલે પ્રાચીન ઇતિહાસ-કળાના સંશોધનાત્મક અભ્યાસને તેમજ સંગ્રહાલયો વગેરે દ્વારા અવશેષોની જાળવણીને અધિક વેગ મળશે એવી આશા છે.

પાટણ હેમચંદ્રાચાર્ય જેવા સાધુઓ, કુમારપાળ જેવા રાજાઓ તેમજ ઉદયન જેવા મંત્રીઓને કારણે મોટું જૈન કેન્દ્ર બન્યું ને વ્યાપાર તેમજ કલાત્મક જિનાલયોથી સમૃદ્ધ બન્યું. રાજા અને પ્રજાની વિશાળ હૃદયની ધર્મસહિષ્ણુતા અને વ્યાપક ધર્મદૃષ્ટિને કારણે તે શૈવ-બ્રાહ્મણ, દેવાલયો ને સંસ્કૃત વિદ્યાનું પણ કેન્દ્ર બન્યું. તેના વિકાસમાં જૈનો તેમ જ નાગરોનો પણ ફાળો હતો, તો રજપૂતોના શૌર્યએ તેને શક્તિ આપી હતી.

અહીંના જ્ઞાનભંડારોનો ખાસ ઉલ્લેખ કરવા જેવો છે. 800થી 1000 વર્ષ પુરાણા અને દુનિયાભરમાં અલભ્ય ગણાય તેવા ગ્રંથો અહીં મોટી સંખ્યામાં સચવાયાં છે. પાટણના એક જ્ઞાનભંડારમાં તો પંદર હજારથી વધુ પ્રાચીન ગ્રંથો જળવાયા છે. અહીં તાડપત્ર, ભૂર્જપત્ર, કાપડ વગેરે પર લખાયેલા ગ્રંથો જોવા મળે છે. એમાં કેટલાક અદ્ભુત ચિત્રોથી સુશોભિત છે તો સોનારૂપાના રંગોવાળા પણ છે. ઉપરાંત આવા ગ્રંથો તૈયાર કરવાનાં પ્રાચીન સાધનો પણ નમૂનારૂપે અહીં સચવાયેલાં જોવા મળે છે. આમાં મુખ્યત્વે ધાર્મિક સાહિત્ય છે. પણ તે ઉપરાંત કાવ્ય, નાટક, વેદાંત, આયુર્વેદ અને જ્યોતિષ, ઇતિહાસ તેમ જ પુરાણના વિષયોના પણ ઘણા ગ્રંથો છે. મુનિશ્રી જિનવિજયજી તથા મુનિશ્રી પુણ્યવિજયજી જેવા સાધુ વિદ્વાનો અને અન્ય સંશોધકોએ ગ્રંથોની લિપિ ઉકેલી તેમને પ્રકાશમાં લાવવા ઘણો શ્રમ કર્યો છે. પાટણમાં અગિયાર મોટા ગ્રંથભંડારો છે. આ ભંડારોમાં જૈનેતર કૃતિઓ પણ પ્રાપ્ત થઇ છે. તે બધાના અભ્યાસ, પ્રકાશન વગેરેમાં ડૉ. સાંડેસરા, મમ. કે. કા. શાસ્ત્રી તથા પાટણના જ રામલાલ મોદી અને કનૈયાલાલ દવે જેવા ગઇ પેઢીના વિદ્વાન સંશોધકોનો ઘણો મોટો પુરુષાર્થ છે. પાટણને પણ સયાજીરાવની સંસ્કારી અને ઉદાર રાજવી રીતિનો લાભ મળ્યો છે. પાટણમાં શાંતિનાથનું જે મંદિર હતું તે મસ્જિદમાં ફેરવી નાખવામાં આવેલું. આ મસ્જિદ આજે શેખ ફરીદના રોજા તરીકે ઓળખાય છે. હરિહરેશ્વરના મંદિરની નજીક 'બ્રહ્મકુંડ' નામથી જાણીતું બનેલું અષ્ટકોણીય જળાશય આવેલું છે. બ્રહ્મકુંડની પાસે અમદાવાદના સર ચિનુભાઈ માધવલાલ બૅરોનેટના કુટુંબનાં પૂર્વજ સતી પ્રાણકુંવરબાઈની સમાધિ આવેલી છે. તેમણે ઈ. સ. 1799 (વિ. સં. 1855)માં અહીં સતી તરીકે સમાધિ લીધેલી. દૂર-સુદૂરના વિસ્તારના ગામડાંઓમાં મળી આવેલા અવશેષોથી મૂળ પાટણના વિસ્તારનો ખ્યાલ આવે છે. આજે તો ચોમેરનો કોટ નથી, ખાઈ પુરાઈ ગઈ છે, સરસ્વતી નદીનો પ્રવાહ પણ કંઈક દૂર ગયો છે ને નગરના અવશેષો તો ઉપર ગણાવ્યા તે જૂજ બાકી રહ્યા છે.


મુસ્લિમ સમયનાં કેટલાંક સ્થાનો મળે છે ખરાં, પણ આજે પાટણ નવો જિલ્લો બનતાં હવે પાટણ શહેર જિલ્લાનું મુખ્ય મથક છે. અહીંનો વિશ્વવિખ્યાત પટોળાનો હાથવણાટનો ઉદ્યોગ હવે માંડ એક કુટુંબ જાળવી રહ્યું છે, તો 'કાદંબરી' જેવા કપરા સંસ્કૃત ગદ્યગ્રંથનો જૂની ગુજરાતી ભાષાના પદ્યમાં કાવ્યમય અનુવાદ કરનાર અને પદો લખનાર લગભગ પંદરમી સદીના કવિ ભાલણનું નામ તો 'ભાલણની ખડકી' એ નામ રૂપે જ રહ્યું છે. અહીંના સહસ્રલિંગ તળાવના કાંઠા પરના શિવાલયો અને સંસ્કૃત પાઠશાળામાં મહાન સંસ્કૃત વિદ્વાનોએ જે વિદ્યાગ્રંથો સર્જ્યા તે તો હવે અપ્રાપ્ય જ નહીં, વિસ્મૃત પણ છે. જૈન સાધુઓ – હેમચંદ્ર ઉપરાંત રામચંદ્ર, ગુણચંદ્ર અને અન્ય ધર્મજ્ઞો-સાહિત્યજ્ઞોની કૃતિઓ ભંડારોમાં સચવાઈ રહી તે ભાગ્યશાળી ગણાય. લોકોક્તિઓમાં વણાઇ ગયેલાં પાટણનાં પટોળા વિદેશોમાં વિખ્યાત છે, જે કીમતી હતા અને રાજાઓ અને શ્રેષ્ઠીઓ પહેરતા. કપરી અને ખર્ચાળ કળા મિલના ઉદ્યોગો સાથે કેમ ટકી શકે ? નમૂનારૂપે એકાદ કુટુંબ હયાત છે. એની કલાભક્તિ તો જોયે જ પરખાય અને કારીગરી કેટલી કપરી છે તે પ્રત્યક્ષ જોઈએ તો જ સમજાય. અલાઉદ્દીન ખિલજીએ પાટણ ભાંગ્યા પછી અહમદશાહે પાટનગર બદલ્યું અને સાબરમતીને તીરે 'અહમદાબાદ' (અમદાવાદ) વસાવ્યું ને પાટણનાં મહત્વ અને જાહોજલાલીનો અસ્ત થયો. વર્તમાન પાટણને જોઇને કવિ નરસિંહરાવે ગાયું - 'પાટણપુરી પુરાણ હાલ તુજ હાલ જ આવો.' હવે ત્યાં ઉદ્યોગો વિકસી રહ્યા છે ને તે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક થયું છે. તો આશા રાખીએ કે 'સરસ્વતીને તીરે' ફરી પાછું વિદ્યાસંસ્કૃતિનું કેન્દ્ર વિકસે. કાળના ઉદરમાં ઊતરી ગયેલી ગઈકાલ તો પાછી આવતી નથી પણ નવી 'આજ'નો ઉદય તો થાય જ છે. એનો એ જ સનાતન સૂર્ય નવી તિથિ બનીને પાછો આવે છે ને!

જ્ઞાન મંદિરની સ્થાપના: શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપના પાટણ શ્રી સંઘે કરી હતી, જેનું ઉદ્ઘાટન વિદ્યાપુરુષ કનૈયાલાલ મુનશીના વરદ હસ્તે 7 એપ્રિલ, 1939ના રોજ કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનમંદિરની સ્થાપના પૂર્વે પાટણની વિભિન્ન શેરીઓમાં (પાડાઓમાં) વ્યક્તિગત કે સંયુક્ત માલિકીપણા હેઠળ નીચે દર્શાવ્યા મુજબના 20 જ્ઞાનભંડારો અસ્તિત્વ ધરાવતા હતા. આ ગ્રંથોનાં દર્શન દુર્લભ હતા. દાદા ગુરુ પ્રવર્તક કાંતિવિજયજીની નાદુરસ્ત તબિયતને લીધે મુનિ પુણ્યવિજયજીને અહીં સતત 18-20 વર્ષ રોકાવું પડેલું. તેમના જ પ્રયાસોને લીધે જૈન ભંડારોનાં તાળાં ખૂલ્યાં અને હસ્તપ્રતોનો ઉપયોગ સુલભ થયો. તેમણે હસ્તપ્રતો એકત્રિત કરી કાગળ ઉપર લખાયેલ 14789 હસ્તપ્રતોનું સૂચિપત્ર બનાવ્યું, જેનું પ્રકાશન 1972માં થયું. અહીં સંગ્રહિત હસ્તપ્રતો પૈકી ઈ.સ.1064માં લખાયેલ હસ્તપ્રત સૌથી જૂની છે.

(સ્વ. શ્રી રજની વ્યાસ ગુજરાતની અસ્મિતા પુસ્તકના લેખક છે.)



ગુજરાતની અસ્મિતાનું આધારબિંદુ : પાટણ



- કનૈયાલાલ મા. મુનશી

ખરી દૃષ્ટિએ આ પાટણ ગાયકવાડી મહેસાણા પ્રાંતનું ગામ નથી, પણ સામર્થ્ય અને સમૃદ્ધિ, વિદ્યા અને રસિકતામાં અયોધ્યા ને પાટલીપુત્ર, રોમ, એથેન્સ અને પેરિસનું સમોવડીયું શહેર છે. પાંચમી સદીમાં લાખ્ખારામથી તેરમી શતાબ્દી સુધી આ પુણ્યભૂમિએ શા શા ચમત્કારો નથી જોયા? ગામ રૂપે એણે જન્મ લીધો ત્યારથી ઘણીબધી બાબતમાં એ પ્રથમ હતું. શ્રી હેમચંદ્રાચાર્ય પોતે એને ધમંગાર કહે છે.

આ ભાગ્યશાળી ભૂમિએ વનરાજની વીરતા જોઇ ને ચાલુક્યવીર મૂલરાજની શકિતનાં દર્શન કર્યાં. બાણાવાળી ભીમની હાકે ગાજી સિદ્ધચક્રવર્તી જયસિંહદેવનાં સામર્થ્ય ને વ્યવસ્થાશકિતથી અંકિત થઇ, પરમભટ્ટાર્ક કુમારપાલનાં નૈતિક શાસનોની એ પ્રયોગશાળા બની અને વસ્તુપાલ તેજપાલનાં ઔદાર્ય ને મુત્સદ્દીગીરીનાં એણે દર્શન કર્યાં. નૃત્ય ને ગીતરસ ને ઉલ્લાસથી એની દિશાઓ ગાજતી. અદ્ભુત સ્થાપત્યે એને સૌંદર્યના સત્વ સરખી બનાવી દીધી હતી.

"અશેષવિધાપારંગત" શ્રી દીર્ઘાચાર્ય તપોનિધિ (ઇ.સ. ૯૯૫) ના સંસ્કારોએ, કૌલ કવિ ધર્મની કૃતિઓએ, અભય દેવસૂરિ જેવાનાં આર્ટ ઉર્મિકથનોએ અને શ્રી પાલથી સોમેશ્વર સુધીના કવિઓની કાવ્યસમૃદ્ધિએ એને સંસ્કારી કરી. પણ એ બધામાં બે હતા શ્રેષ્ઠ, એક શૌર્ય અને વ્યવસ્થાનો સ્વામી, જેણે ગુજરાતમાં રાજકીય ઐક્ય સ્થાયી સ્વરૂપે આપ્યું અને બીજા સાહિત્યના સ્વામી, જેણે ગુજરાતને કલ્પી, શબ્દમાં ઉચ્ચારી, તેને સાહિત્ય વડે સરજી અસ્મિતા આપી. સિદ્ધરાજ અને હેમચંદ્રને એક કરતું 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' એ માત્ર વ્યાકરણ નથી. ગુજરાતનું જીવનઝરણું નિ:સારતી કૃપાશ્રયી ગંગોત્રી છે. આજે આપણે જેને ગુજરાત કહીએ છીએ એનો પિતા તો છે સિદ્ધરાજ.

મૂલરાજે જે શરૂ કર્યું તે તેના વંશજે પૂરું કર્યું. ગુજરાત માત્ર પ્રાંત નથી, માત્ર જનસમુદાય નથી, માત્ર સંસ્કારિક વ્યક્તિ નથી, એ તો પેઢીધર ગુજરાતીઓએ સંકલ્પપૂર્વક સેવેલી, પેઢીએ પેઢીએ નવી સિદ્ધિ પામતી, સામુદાયિક ઇરછાશકિતએ સબળ બનેલી જીવનભાવના છે.

આ ભાવનાનું તીવ્ર ભાન તે ગુજરાતની અસ્મિતા. એ અસ્મિતા હેમચંદ્રાચાર્યની કલ્પનામાં પ્રગટી, બ્રહ્માના માનસમાંથી સરસ્વતી પ્રગટી હતી તેમ! ગઇકાલે અમે પાટણનું સહસ્રલિંગ સરોવર જોયું. એ જોયા પછી એમાં આટલું સ્થાપત્ય હશે, આટલી વિશાળ કલા હશે, એનો ખ્યાલ જ નહોતો આવ્યો. જે સૌંદર્ય આજે જોઇએ છે એ અગાઉ અનેકગણું હશે! આ તળાવ આખું ખોદાઇ રહે તો દુનિયાની સૌથી સુંદર વસ્તુઓમાં સહસ્રલિંગ તળાવ ગણાય. સહસ્રલિંગ તળાવમાં, રાણીની વાવમાં ગિઝનીને મારીને હઠાવનાર વીર ભીમદેવનાં પગલાં થયાં હશે! અને સિદ્ધરાજ જેવા પ્રતાપી રાજાએ અને કેટલાય મહાન આચાર્યો અને વિદ્વાનોએ આ પત્થરોને પોતાના ચરણસ્પર્શથી પવિત્ર કર્યા હશે. ધંધુકાના મોઢ વાણિયાનો એ છોકરો સંવત ૧૧૪૫માં જન્મ્યો. પાંચ વર્ષે એણે દીક્ષા લીધી.

એકવીસમે વરસે એ આચાર્ય થયો. તપસ્વી, મુત્સદ્દી અને વિદ્યાનિધિ. વર્ષો સુધી પાટણના સંસ્કાર સ્વામીઓમાં એણે ચક્રવર્તી પદ ભોગવ્યું. સિદ્ધરાજના વિજયોમાં, ધનિકોની વ્યાપારશકિતમાં, લોકોના ગગનગામી ઉત્સાહમાં હેમચંદ્રાચાર્યની કલ્પનાએ એક અને અપૂર્વ એવા ગુજરાતનું દર્શન કર્યું. જૈન સાધુને સાહજિક એવું પરિભ્રમણ ત્યાગી એમણે એમની કલ્પનાના ગુજરાતને ચરણે જીવન ધર્યું. એમની સર્જકતાએ નવી કલ્પનાસૃષ્ટિ રચી. પાટણ અયોધ્યાથી વધ્યું. નગરોમાં પ્રથમ સ્થાન પામ્યું. ગુજરાતની કલ્પનાને તેનાં સહસ્ર પ્રતિબિંબો વડે ચમકાવનાર સિદ્ધરાજ પોતે વિક્રમાદિત્યની ભભકે શોભતા થયા. ચાલુકયવંશે રઘુવંશની અમરકીર્તિ પ્રાપ્ત કરી. સોરઠ અને માળવાના પરાજયે ગર્વ પ્રેર્યો. પાટણને ગુજરાતનો આત્મા કરીને સ્થાપ્યું.

ચિત્ર સંદર્ભ: વૈશાલીબેન ભાવસાર

અણહિલવાડ પાટણનું વૈવિધ્યપૂર્ણ ઐશ્વર્ય

- પ્રદીપસિંહ રાઠોડ



ચિત્ર સંદર્ભ: બિપીન પટેલ

"શૌર્યમાં, શાસ્ત્રમાં, શમમાં, સમાધિમાં, સત્યમાં, ષડદર્શનમાં અને વેદના છ અંગોમાં આ નગર (પાટણ)ના લોકો અગ્રેસર છે. ભૂમિના સ્વતિક સમાન ધર્મનું ગૃહ અને ન્યાયનું સ્થાન લક્ષ્મી વડે સદાકાળ આલિંગિત એવું અણહિલવાડ નામનું નગર છે."
- કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજી

રાજયની પ્રથમ રાજધાની અને ઐતિહાસિક નગરી અણહિલવાડ પાટણ એટલે શ્રી, સંસ્કાર, સાહિત્ય, સંસ્કૃતિ અને સ્થાપત્યનું સંગમ સ્થાન. પાટણનો ઇતિહાસ ભવ્ય અને દિવ્ય રહ્યો છે. રાજા વનરાજ ચાવડાએ તેમના મિત્ર અણહિલ ભરવાડના બહુમાનમાં તેમની ચિરંજીવી સ્મૃતિ સ્વરૂપે પાટણ નગરની સ્થાપના વિ.સં ૮૦૨ એટલે કે ઈ.સ. ૭૪૬ માં કરી હતી, જે વિવિધ ગ્રંથો અને અન્ય આધારભૂત ઐતિહાસિક સ્ત્રોતોમાં પ્રતિધ્વનિત છે. ચાવડા વંશના રાજવીઓએ પાટણમાં લગભગ ૧૯૨ વર્ષ રાજ કર્યું અને ત્યારબાદ સોલંકી વંશના રાજા મૂળરાજ સોલંકી ગાદી પર આવ્યા અને સોલંકી વંશનું રાજ્ય સ્થાપ્યું. આ સાથે પાટણનો સુવર્ણયુગ શરૂ થયો. તેઓના સમયમાં પાટણનો વિસ્તાર વધ્યો હતો, પરંતુ મહારાજા સિદ્ધરાજના સમયમાં પાટણની જાહોજલાલી સોળે કળાએ ખીલી હતી. સોલંકી રાજવીઓ બાદ પાટણની ધુરા વાઘેલા વંશજોના હાથમાં આવી હતી.

પાટણના ગૌરવશાળી ઇતિહાસને રજૂ કરતા અનેક શિલ્પો અને સ્થાપત્યો આજે પણ અડીખમ ઉભા છે, જેમાં યુનેસ્કો વિશ્વ ધરોહરમાં સ્થાન પામેલી રાણીની વાવ સ્થાપત્યનો અણમોલ નમૂનો છે. અમુક સંદર્ભો તો એને "ભુગર્ભ મહેલ" તરીકે પણ ઓળખાવે છે. આ ઉપરાંત સહસ્ત્રલિંગ તળાવ, પૌરાણિક મહાદેવ મંદિર, જૈન મંદિરો એ સમયને જીવંત કરે છે. સ્થાપત્યકલાની સાથે સાથે પાટણ હસ્તકલા અને સાહિત્યકલામાં પણ અગ્રેસર હતું. પાટણના પટોળા, મશરૂ કાપડની બનાવટ તેમજ ઓતિયા પરિવાર દ્વારા બનાવવામાં આવતા માટીનાં વિશિષ્ટ રમકડાં આ નગરીની હસ્તકલાના ઉત્તમ ઉદાહરણો છે. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય લિખિત 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથ આ ધરાની અમુલ્ય સાહિત્યિક સંપત્તિ છે.

વિક્રમ સંવત **૯૯૭** માં મૂળરાજ સોલંકીના રાજ્યારોહણથી માંડી વિક્રમ સંવત **૧૨૨૯** માં રાજા કુમારપાળના અવસાન સુધીના લગભગ **૨૨૫** વર્ષના ગાળામાં પાટણનો સર્વાંગી વિકાસ થયો હતો. રાજકીય દ્રષ્ટિએ એ સમયે ગુજરાતનું સામ્રાજય દક્ષિણે કોંકણથી લઇને ઉત્તરે દિલ્હી સુધી અને પૂર્વે ગૌડથી માંડીને સિંધ સુધી વિસ્તરેલું હતું. આવું મહાન સામ્રાજય પાટણ તત્કાલીન ભારતવર્ષનું આર્થિક અને વ્યાપારી દ્રષ્ટિએ સમૃદ્ધતમ પાટનગર હતું તેમજ સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ પાટણ ભારતની એક વિદ્યાપીઠ સમાન હતું.

અંગ્રેજી ઇતિહાસકાર કર્નલ જેમ્સ ટોડ લખે છે કે, અણહિલપુરનો ઘેરાવો **૧૨** કોસમાં છે. (એક કોસ બરાબર ત્રણ માઇલ થાય એટલે કે પ્રાચીન પાટણનો ઘેરાવો **૩૬** માઇલ હતો.) આ શહેરમાં ૮૪ ચોક અને ૫૨ (બાવ્વન) બજારો છે. સોના અને રૂપાના સિક્કાઓ પાડવાની ટંકશાળો છે. શહેરમાં દરેક જ્ઞાતિજનોના જુદા જુદા મહોલ્લા છે. (જે આજે પણ મહદ્અંશે જળવાઇ રહ્યા છે, જેવાકે નાગરવાડો, ભીલવાસ, લીંબજમાતાનો પાડો, કુંભારવાસ વગેરે.)



પાટણના કેટલાક પૌરાણિક નામો પણ પ્રચલિત છે, જેમાં અણહિલવાડ, અણહિલપુર, અણહિલપાટક, અણહિલવાટક, અણહિલપત્તન, અણહિલપાટકપત્તન, અણહિલવાડપત્તન વગેરે નામોનો સમાવેશ થાય છે. પ્રાચીન ઇતિહાસમાં પાટણને 'નરસમુદ્ર' કહેવામાં આવ્યાનો પણ સંદર્ભ છે. સોલંકીવંશના છેલ્લા રાજવી ત્રિભુવનપાલના અવસાન પછી પાટણનું રાજ્ય વિક્રમ સંવત ૧૩૦૦માં વાઘેલા વંશના પ્રથમ રાજવી વિસલદેવ વાઘેલા પાસે આવ્યું. વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલાના સમયમાં એટલે કે વિક્રમ સંવત ૧૩૬૦માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીના સુબા ઉલુઘખાનની આગેવાની હેઠળ મુસલમાન લશ્કરે પાટણ પર ચડાઇ કરી અને પાટણનું પતન થયું. પાટણ પાટનગર મટી મુસ્લિમ સૂબાઓનું વહીવટી મુખ્ય મથક બન્યું.

ત્યારબાદ અહમદશાહે ગુજરાતનું પાટનગર બદલ્યું અને સાબરમતી નદીના તીરે 'અહમદાબાદ' એટલે કે હાલનું અમદાવાદ વસાવ્યું, જેની પુરાણી નગર રચના અને સ્થાપત્યો પાટણને આબેહૂબ મળતા આવે છે. આમ આશરે ૬૫૦ વર્ષ સુધી આ ભવ્ય નગર ગુજરાતની રાજધાની રહ્યું અને ત્યારબાદ અમદાવાદ વસ્યા પછી ધીમે ધીમે તેની જાહોજલાલી ઓછી થવા લાગી. જો કે, આજે પણ આ નગર તેની ભવ્યતાની અનોખી ઝાંખી કરાવે છે.

ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરની છબિ અકબંધ રાખી આજનું આધુનિક નગર પાટણ અનેક ક્ષેત્રોમાં પ્રગતિશીલ રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની દીર્ઘદ્રષ્ટિ થકી માળખાગત સુવિધાઓ, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, પ્રવાસ, પર્યટન તેમજ આરોગ્યક્ષેત્રે પાટણ દેશના અન્ય શહેરો સાથે તંદુરસ્ત સ્પર્ધા કરી રહ્યું છે અને સર્વાંગી વિકાસના નવા-નવા આયામો સર કરી રહ્યું છે. જિલ્લા વહીવટતંત્ર દ્વારા લોકોની અપેક્ષાઓ સાથે તાલમેલ જાળવી સંસ્કાર, સંસ્કૃતિ અને સર્વસ્વીકૃતિની વિભાવના સાથે પાટણના ગૌરવશાળી વારસાનું જતન થઇ રહયું છે.

(લેખક પાટણ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર છે)

તાજેતરમાં જિલ્લા વહીવટીતંત્ર અને ટીમ અતુલ્ય વારસો દ્વારા ફુલોની રંગોળી અને દિવડાઓથી શણગારવામાં આવેલ ત્રિકમ બારોટની વાવની સુંદર ઝલક.

શ્રી કાલિકા માતાજી



- અશોક વ્યાસ

ગુર્જર પ્રદેશના અતિ પ્રતાપી અને મહત્ત્વાકાંક્ષી રાજા સિદ્ધરાજ જયસિંહ સોલંકીએ સહસ્ત્રલિંગ તળાવ તથા રાણકીવાવ જવાના રસ્તા ઉપર બારમી સદીમાં શ્રી કાલિકા માતાજીનું મંદિર બંધાવ્યું હતું. અહીં કિલ્લામાંથી સ્વયંભૂ પ્રગટ થયેલાં સંપૂર્ણ મુખારવિંદ સાથે શ્રી કાલિકા માતાજી સાક્ષાત્ બિરાજમાન છે. સંપૂર્ણ મુખારવિંદનો ઉલ્લેખ એટલા માટે કરવો પડ્યો કારણ કે પાવાગઢમાં બિરાજમાન શ્રી કાલિકા માતાજીનાં નેત્રો (આંખો) સુધીનાં દર્શન થાય છે, કલકત્તામાં આવેલ કાલીઘાટમાં બિરાજમાન શ્રી કાલિકા માતાજીનાં નાસિકા (નાક) સુધીના દર્શન થાય છે, જ્યારે અહીં સંપૂર્ણ મુખારવિંદનાં દર્શન થાય છે.



મુખ્ય મંદિરના ગર્ભગૃહ ઉપર ત્રણ શિખરોની રચના છે. ગર્ભગૃહમાં કિલ્લામાંથી પ્રગટ થયેલાં શ્રી કાલિકા માતાજી તથા એમની સમીપમાં ખૂબ જ સૌમ્ય એવાં શ્રી ભદ્રકાળી માતાજી (જેમના મૂર્તિ વિધાનની સવિસ્તર માહિતી આપણે આગળ ઉપર જોઈશું) બિરાજમાન છે. મંદિરના ગર્ભગૃહમાં જ આગળ વધીએ તો શ્રી ક્ષેમંકરી (ખીમજ) માતાજી તથા એમની બરોબર બાજુમાં શ્રી મહિષાસુરમર્દિની બિરાજમાન છે. એમની બન્ને બાજુ તથા ઉપરના ભાગમાં નાના-નાના ગવાક્ષોમાં નવદુર્ગાનાં નવ સ્વરૂપો કંડારેલાં છે. શ્રી કાલિકા માતાજી પાર્વતી સ્વરૂપ છે, એટલે શિવા કહેવાય છે. શ્રી માતાજીને દરરોજ પંચામૃત (દૂધ, દહીં, મધ, ઘી અને ખાંડ) માં કેસર, ચંદન, કપૂર તથા અત્તર વગેરેથી સંમિશ્રિત દ્રવ્યો વડે 'શ્રીસૂક્ત' ના મંત્રો વડે અભિષેક કરાય છે. દર બેસતા મહિને નારિયેળનું પાણી તથા શેરડીનો રસ ઉપર જણાવેલ દ્રવ્યોમાં ઉમેરીને સોળ વખત 'શ્રીસૂક્ત' ભણીને અભિષેક થાય છે.

ત્યારબાદ શ્રી માતાજીનું ષોડશોપચાર વિધિથી વેદોક્ત મંત્રો વડે પૂજન થાય છે. શ્રી માતાજીને દરરોજ અમારી છેલ્લી સાત પેઢીથી અવિરતપણે બિલિપત્ર, ધરો અને તુલસી અચૂક ધરાવાય છે. બન્ને માતાજીને પૂરા છ વારની સાડી દરરોજ લગભગ નવી ધરાવાય છે. શ્રી માતાજીને દરરોજ વિવિધ વાહનો જેવાં કે સિંહ, સૂંઢવાળો સિંહ, વાઘ, હાથી, કૂકડો, હંસ, વૃષભ વગેરે પર સવારી કરાવાય છે.

શ્રી માતાજીને સોનાના, ચાંદીના, હીરાના, જરદોશીના, સિતારાના તથા વિવિધ રંગવાળા મોતી-જરદોશી તથા ડાયમન્ડથી વિભૂષિત અનેકવિધ ઘાટવાળા દાગીનાના સેટ જે બનારસ, મેરઠ, કલકત્તા, મથુરા-વૃંદાવન, પાટણ તથા વિદેશોમાં તૈયાર કરાવેલા છે, તે વાર-તહેવારે ધરાવાય છે.

એટલું જ નહીં, પૂજારીશ્રીના પરિવારે (કેટલાક વિદેશોમાં વસે છે અને કેટલાક આવ-જા કરે છે) વિદેશોમાંથી ખરીદેલ રૂબી, એમેથિસ્ટ, ફ્રુલનિટ્સ, ટરમેલીન, રોઝ ક્વાર્ટ્સ અને સોડાલાઇટ જેવા, રત્નોથી વિભૂષિત અલૌકિક અને અદ્ભુત ઘરેણાં શ્રી માતાજીને અર્પણ કર્યાં છે, જે ચૈત્રી-આસો નવરાત્રિમાં તથા દીવાળીના તહેવારોમાં જ ખાસ કરીને ધરાવાય છે. આ તહેવારો દરમિયાન થતાં શ્રીમાતાજીનાં શ્રૃંગાર દર્શન અદ્ભુત અને અનન્ય હોય છે. સામાન્ય દિવસોમાં પણ શ્રી માતાજીના જે શણગાર સજાવાય છે તેના દર્શનમાત્રથી અભિભૂત થઈ જવાય છે. વાર-તહેવારે થતા અપ્રતિમ શૃંગાર તથા વિદેશોમાંથી ખરીદેલા નયનાભિરામ રંગબેરંગી રેશમનાં ફૂલો તથા ફૂલોના હારની આંગી વગેરે સજાવાથી બન્ને માતાજી એવાં તો દૈદીપ્યમાન લાગે છે કે શ્રી માતાજીના સન્મુખથી દૂર ખસવાનું મન ન થાય. આ બાબતમાં પૂજારીશ્રીનો અભિગમ એવો છે કે શ્રી માતાજીના દર્શને આવનાર દર્શનાર્થીને એવી અનુભૂતિ થવી જોઈએ કે 'શ્રી માતાજી જ્યાં પણ બિરાજમાન હશે, ત્યાં તે આવાં જ લાગતાં હશે!

પાટણનાં નગરદેવીનું મહાત્મ્ય

ઇતિહાસ સાક્ષી છે કે, મોગલ સલ્તનતે સોમનાથ ઉપર તથા પાટણ ઉપર વારંવાર ચઢાઈ કરી, મંદિરો તથા નગરોને લૂટયાં. એમણે અનેક શિલ્પ-સ્થાપત્યોને તોડી નાખ્યાં. મંદિરની મૂર્તિઓને પણ નુકશાન પહોંચાડ્યું. અનેક મંદિરોને તોડી મસ્જિદોમાં પરિવર્તિત કર્યા. પરંતુ એવું કહેવાય છે કે શ્રી કાલિકા માતાજીની હાજરીને કારણે આ મંદિર કે મૂર્તિને નુકશાન ન પહોંચ્યું. સિદ્ધરાજના સમયમાં પણ શ્રીમાતાજી નગરની બહાર બિરાજમાન હતાં, અને આજે પણ શહેરની બહાર જ બિરાજમાન છે.

સોલંકી કાળના સમૃદ્ધ નગર એવા પાટણમાં તમામ ધંધાઓ માટે વિપુલ તકો હતી. વેપારીઓ દૂરદૂરથી તથા પરદેશથી પણ વેપાર અર્થે અહીં આવતા. એવું કહેવાય છે કે, 'પાટણ નગરી' ને સેલ્ફ-સફિશિયન્ટ એટલે કે આત્મનિર્ભર બનાવવા માટે સિદ્ધરાજે તમામ કોમના લોકોને અહીં વસાવેલા અને તમામને આજીવિકાની સાધન-સામગ્રી પૂરતા પ્રમાણમાં પૂરી પાડેલી.

આમ, પાટણમાં પુરાતનકાળથી તમામ કોમના લોકો વસેલા જોવા મળે છે. આ તમામ કોમના લોકો જાતિ-ભેદભાવ વિના પરાપૂર્વથી શ્રીકાલિકા માતાજીનાં 'નગર દેવી' તરીકે અનન્ય ભક્તિભાવથી શ્રદ્ધાપૂર્વક પૂજન-અર્ચન-દર્શન કરે છે. આજે પણ, પાટણમાં વસતી તમામ જ્ઞાતિ તરફથી આ મંદિરમાં શ્રીમાતાજી સમક્ષ વર્ષમાં એક વખત અચૂક યજ્ઞ કરવામાં આવે છે. સૌ જ્ઞાતિજનો ભેગા મળી શ્રીમાતાજીને નૈવેદ્ય ધરાવે છે. સૌ સાથે બેસીને જમે છે અને દરવર્ષે ઉજાણી કરે છે. બીજું, શ્રી કાલિકા આધશક્તિ હોવાથી પાટણ શહેરમાં કોઇપણ પ્રકારનું નવું વાહન આવે, પછી તે ખાનગી માલિકીનું હોય, અર્ધસરકારી હોય કે સરકારી હોય, સૌ પ્રથમ શ્રીમાતાજીને પ્રસાદ, ચૂંદડી તથા શ્રીફળ ચઢાવીને, પૂજારીશ્રીના હસ્તે વાહનનું પૂજન કરાવીને જ ઉપયોગમાં લેવામાં આવે છે. એસ. ટી. ની નવી બસો પણ આમાં બાકાત નથી. આ શિરસ્તો પરાપૂર્વથી આજે પણ જળવાઇ રહ્યો છે.

(લેખક કાલિકા માતા મંદિર ટ્રસ્ટ, પાટણના વ્યવસ્થાપક છે)

અણહિલપુર અને નવા પાટણની સ્થાપના કુંડળી





- ડૉ. કમલ પંડ્યા

ગુર્જર રાષ્ટ્ર કે ગુજરાત જેને સંસ્કારી ભાષામાં હિંદનું નંદનવન કહેવામાં આવે છે, તે અનેક નગરો અને મહાનગરોથી વિભૂષિત છે. તેમાં કેટલાંક તો પ્રાચીન અને અતિ પ્રાચીન હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જે છેક પૌરાણિક યુગનાં હોવાનું મનાય છે.

હાલના અણહિલપુર પાટણ (જૂના અને નવા) ની સ્થાપનાની બાબત ચર્ચાનો વિષય છે. ચાવડા, સોલંકી, અને વાઘેલાઓના સમયમાં ગુજરાત સમૃદ્ધ અને વૈભવશાળી હતું. તેમાંય સોલંકીયુગ ગુજરાતનો સુવર્ણયુગ હતો એમ આજે અનેક પુસ્તકો પરથી આપણે જોઇ શકીએ છીએ. અણહિલપુરની સ્થાપના વિક્રમ સંવત ૮૦૨ માં ચાવડા વંશના વીરપુરુષ વનરાજ ચાવડાએ કરી હતી. આ ઇતિહાસ પ્રસિદ્ધ વાત છે, પણ 'વિચારશ્રેણી', 'જનયુગ' વગેરેમાં છપાયેલી વંશાવલી, 'પ્રબંધ ચિંતામણી' તથા કેટલાક સાહિત્ય, શિલાલેખો, રાજવંશાવલી અને વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે આ નગરની સ્થાપનાના માસ, વાર અને તિથિ બાબતે મતભેદ છે. જોકે, જૈનાચાર્ય શ્રી શાંતિ વિજયજી મહારાજના હસ્તલિખિત પુસ્તક સંગ્રહમાંથી જૂના અને નવા પાટણની સ્થાપના વિશેની કુંડળીઓ મળી આવી છે.


જૂના પાટણની કુંડળી

સંવત ૮૦૨ વર્ષ શાકે ૬૬૮ પ્રવર્તમાન વૈશાખ સુદિ ૩ નક્ષત્ર રોહિણી, ઉદયાત ઘટી ૨૨,પલ 30 સમયે શ્રીમદણહિલપુર પાટણ શિલાનિવેશ-અણહિલપુર પાટણની જન્મોતરી.


જન્મલગ્ન: ઐતિહાસિક દ્રષ્ટિએ કુંડળી મહત્વનું સાધન છે, તેથી તે સમજવી ઘટે. જૂના પાટણની સ્થાપના વિશે જુદા-જુદા ગ્રંથોમાં જુદા-જુદા ઉલ્લેખો મળી આવે છે. 'રાસમાળા'માં એક કવિતને આધારે પાટણની સ્થાપના મિતિ સં.૮૦૨ ના માઘ વદ-૭ ને શનિવાર આપવામાં આવી છે. પાટણમાં ગણપતિ મંદિરના શિલાલેખ મુજબ સં ૮૦૨ ના ચૈત્ર સુદ- ૨ ને શુક્રવાર, 'પ્રબંધ ચિંતામણી' પ્રમાણે સંવત ૮૦૨ ના વૈશાખ સુદ બીજ ને સોમવાર, 'ધર્મારણ્ય' પ્રમાણે સં ૮૦૨ ના અષાઢ સુદ ત્રીજને શનિવાર, 'રાજવંશાવલી' પ્રમાણે સં ૮૦૨ ના શ્રાવણ સુદ બીજને સોમવાર તથા, 'વિચારશ્રેણી' પ્રમાણે સં ૮૦૨ ના વૈશાખ સુદ બીજને સોમવાર, આટલી તિથિઓ મળી આવે છે.

આ પૈકી સંવત ૮૦૨ના વૈશાખ સુદ બીજને સોમવાર તથા અષાઢ સુદ ત્રીજને શનિવાર એ બેના જ વાર તિથિથી મળે છે. તે ઉપરથી પાટણના ઇતિહાસવિદ શ્રી રામલાલ મોદીએ એવું અનુમાન કર્યું છે કે વૈશાખ સુદ બીજને સોમવારના દિવસે પાટણની સ્થાપનાની ધર્મક્રિયા થઇ હશે, અને તે વખતે શરૂ કરેલું યજ્ઞનું સત્ર બે માસ ચાલ્યું હશે અને લોકો અષાઢ સુદ ત્રીજને શનિવારથી ગામમાં રહેવા આવ્યા હશે. પાટણ અખાત્રીજના દિવસે વસ્યું એમ “મિરાતે સિકંદરી” માં પણ જણાવેલ છે, જ્યારે પાટણમાં એવી લોકવાયકા છે કે તે શનિવારે વસેલું છે.

જૂના પાટણની કુંડળી - જન્મ લગ્ન



નવા પાટણની કુંડળી - વર્ષ લગ્ન



વિશેષ વિશ્વસનીય પ્રમાણોને અભાવે, પાટણમાં લોકો અષાઢ સુદ ત્રીજને શનિવારથી રહેવા આવ્યા હતા. એ અનુમાનનો પ્રતિકાર કરી શકાય તેમ નથી તો સંવત ૮૦૨ની અખાત્રીજનો દિવસ ધારવામાં આવતો હોય તો તે દ્રષ્ટિએ આ કુંડળી મહત્વની છે.

નવા પાટણની કુંડળી: સ્વસ્તિ શ્રી વિક્રમાર્ક સમયાતીત સંવત ૧૭૯૨ વર્ષ શાલિવાહનકૃત શાકે ૧૬૫૭ પ્રવર્તમાને ઉત્તરાયણગતે સૂર્ય, ચૈત્ર માસે, કૃષ્ણ પક્ષે ૧૪ ચતુર્દશી, ઘટી ૫૯, પલ ૩, વર્ષે તિથો ગુરુવારે ચંદ્રમિનસ્થે, સૂર્યોદયાત ઘટી ૧૧, પલ ૬, અક્ષર ૧૩, વ્યક્ષર ૧૩ સમયે શ્રી અણહિલપુર શિલાનિવેશકસ્ય શુભકારી વર્ષ ૯૯૦પ્રવેશ

વર્ષલગ્ન : ઉપરોક્ત કુંડળી મુજબ સંવત ૧૭૯૨ એટલે કે ઈ. સ.૧૭૩૬ માં નવા પાટણની સ્થાપના થઈ. પરંતુ દિલ્હીના અલ્લાઉદ્દીન ખિલજીએ કરણ વાઘેલાને હરાવી જૂના પાટણનો નાશ કર્યો. ત્યારપછી, ટુંક સમયમાં જ પાટણ ફરીવાર વસ્યું હોવું જોઈએ, કેમકે અહમદશાહે ૧૪૧૧-૧૨ માં અમદાવાદ વસાવ્યું, ત્યાં સુધી ગુજરાતની રાજધાની અને રાજકાજનું કેન્દ્રસ્થાન પાટણ હતું. નવું પાટણ અણહિલપુરના જૂના ખંડેરોથી અગ્નિ ખૂણે આવેલું છે. નવા પાટણની આસપાસ કિલ્લો છે, તે ક્યારે બંધાવ્યો એ વિશેનો ઉલ્લેખ કોઇ સ્થળે મળતો નથી. પાટણ શહેરનું અસ્તિત્વ તો ૧૭૩૬ કરતા ઘણા જૂના સમયથી હતું, એટલે ઈ.સ. 1736 માં પાટણનો કિલ્લો બંધાવ્યો એમ માનવું વાસ્તવિક છે. તે વખતે દિલ્હીના તખ્ત ઉપર સુલતાન મહમદશાહ (૧૭૧૯-૧૭૪૮) હતો. ઈ. સ.૧૭30 માં જોધપુરનો મહારાજા અભયસિંહ ગુજરાતનો સૂબો નિમાયો હતો અને તે જ વર્ષમાં તેનો ભાઈ વખતસિંહ પાટણનો હાકેમ નિમાયો હતો. ઇ.સ.૧૭33 માં રતનસિંહ ભંડારીને પોતાના નાયબ તરીકે નીમી અભયસિંહ દિલ્હી ગયો. ઇ. સ.૧૭૩૬ માં પાલનપુરનો પહાડખાન ઝાલોરી વખતસિંહ નાયક તરીકે પાટણનો હાકેમ બન્યો. આ અરસામાં નવા પાટણનો કિલ્લો બંધાયો હોવો જોઇએ. તે વખતે ગુજરાતમાં અંધાધૂંધીનું વાતાવરણ હતું, તેને કારણે પાટણ જેવી અગત્યની જગ્યાએ કિલ્લેબંધી કરવાની જરૂર જણાઈ હોય તો નવાઈની વાત નથી. આ કુંડળીના વાર, તિથિ વગેરે શ્રી કેશવરામ શાસ્ત્રીએ ગણતરી કરતા શુદ્ધ જણાયા છે.

(લેખક બી.ડી. આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ, પાટણ ખાતે આચાર્ય તરીકે ફરજ નિભાવે છે.)

પાટણનું ગૌરવ: "ભવાઈ" કલા

- મનુભાઇ ત્રિવેદી

ગુજરાતમાં જુદી-જુદી જ્ઞાતિઓ દેવ-દેવીઓના સ્થાનકે (જાતર) ભવાઇના વેશો ભજવે છે. જ્યારે સિનેમા યુગ ન હતો ત્યારે પ્રજા માટે ભવાઇ, રામલાલ, નાટક વિગેરે મનોરંજન હતું. હાલ આ ભવાઈ કલા ભાગ્યે જ જોવા મળે છે. ટી.વી.ના રસિયાઓ પણ ભવાઇ અને નાટકના ભારે શોખીન હોય છે. ભવાઇ કલામાં શ્રૃંગાર, બિભત્સ, હાસ્ય જેવા નવ પ્રકારના રસ જોવા મળે છે. સિદ્ધપુરના ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિના શ્રી અસાઇન ઠાકરને સિદ્ધપુરની જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મુક્યા ત્યારે તેમણે ભવાઇ મંડળી રચીને ૩૬૫ વેશો લખ્યા અને તેમાંના કેટલાય ભજવ્યા. જ્ઞાતિએ તડ બહાર મૂક્યા એમાંથી 'તરગારા' શબ્દ પ્રચલિત બન્યો હશે એમ લાગે છે. પછીતો ભોજક અને નાયક થયા. ભવાઇ એટલે ભવની વહી. એમાં કાંસિયા, નરઘાં અને ભૂંગળ એમ ત્રણ વાજિંત્રોથી કામ ચાલે છે. પહેલાં તો સ્ત્રી પાત્ર પુરૂષો જ ભજવતા. હવે ક્યાંક રંગલીના વેશમાં સ્ત્રી પાત્રમાં સ્ત્રીઓ જોવા મળે છે. ભવાઇમાં ગણપતિ, બ્રાહ્મણ, સાધુ, સાધ્વી, સરાણીયા, ઝંડા ઝૂલણ, મિંયા બીબી, જુઠુણ, રામદેવ, રામ-રાવણ, જોગણી, કાલકા, પુરબીયો, દરજી અને અડવા જેવા મુખ્ય વેશો ભજવાતા જોવા મળ્યા છે. અંબાજી, બહુચરાજી, પાલોદરમાં, જોગણી માતાના મેળામાં, પટેવાણામાં, નવરાતરમાં ભવાઇ રમાતી જોવા મળતી. આજે પણ નવરાતરમાં ભવાઇ રાખવામાં આવે છે.


પાટણમાં દરજી જ્ઞાતિની ભવાઇ નવરાતરની પાંચમે સાગોટાની શેરીમાં બે રાત્રી રમાય છે. ઘીમટામાં ત્રાગડ સોની જ્ઞાતિની ભવાઇમાં બહુચરાજીના સ્થાનકે દિવાળી પછી આઠમ-નોમ બે રાત રમાય છે. જ્યારે ઔદિચ્ય સહસ્રના બ્રાહ્મણ જ્ઞાતિની ભવાઇ જાળેશ્વર મહાદેવમાં ભાદરવા સુદ ચૌદશે મોટો મેળો (લોકમેળો) ભરાય છે, જેમાં એક રાતની ભવાઇ રમાય છે. પહેલાના વખતમાં ભવાઇના ચુનંદા કલાકારો જે ભવાઇ કરતા તેવી તો ભવાઇ આજે ભાગ્યે જ જોવા મળે. આજે સિનેમા, ટી.વી. ના યુગના કારણે ભવાઇમાં પણ નવા યુગના વેશો ભજવાય છે. જેમાં સિનેમા, નાટક કે રામલીલાના થોડા રંગ ઘૂસી ગયા છે. પાટણમાં દરજી જ્ઞાતિનો ઝંડો, વાગડ સોનીની જ્ઞાતિનો "અડવો" અને ઔ.સ. બ્રાહ્મણ જ્ઞાતિનો જાળેશ્વર મહાદેવની રમાતી ભવાઇનો "રાવણ" જોવાનો એક લ્હાવો છે. પાત્રો સાથે મનમેળ કરી, પાત્રમાં લીન બનીને કલાકાર ખીલે છે, ત્યારે જોવાની મઝા જુદી જ હોય છે. ઘીમટાની ભવાઇમાં સધરા જેસંગ બંને જરૂરી વેશ, ભવાઇમાં પગનો તાલ, ઘૂંઘરુ સાથે સારો જામે છે. હલકકંઠ, રાગરાગણીઓ સાથે મઝાની ભવાઇ જોવા મળે છે.

માનવીની ભવાઇઓ હળવી શૈલીમાં રજૂ કરતા ભવાઇના વેશોમાં કજોડાનો વેશ થોડાક વર્ગને આભા બનાવી દે તેવો હોય છે. એક ગામડામાં જોઇએ સુધારણાં ફાગણ વદ ચૌદશ અમાસે કુંવારકાં માતાજીના ચોકમાં રમાતી ભવાઇ પણ બહુ જ સુંદર હોય છે, ત્યાં તરગાળા રમે છે. પાટણમાં દરજી, બ્રાહ્મણ કે સોની લોકોની ભવાઇ માટે એમ કહેવાય છે કે અન્ય સ્થળે એ કલાકારો ભવાઇ રમવા ન જઇ શકે. ભવાઇ કલાકારોના વારસોએ ભવાઇ રમવાના દિવસે ભવાઇ રમવી પડે એવું "કરવેઠું" પણ છે. ભવાઇ રમાતી હોય એ સ્થળ ચાચરચોકથી ઓળખાય છે.

પાટણમાં રમાતી ભવાઇમાં પાટણના દરવાજા, પાટણના દેવ-દેવીઓના સ્થાનકોનો ઉલ્લેખ જોવા મળે છે. છીંડીયાના છેલ છબીલા, બગવાડાના બળીયા, ગુંગણીના ગુણવંતા-ત્રણે સાથે મળીયા તા..તા.. થૈ થૈ...થૈ. વિગેરે ભલે રે ભાઇ નાચો મારા દેવતા. કેટલાક વેશમાં બોધપણ "જોબન જતા ત્રણ કેટલાક વેશમાં બોધપણ "જોબન જતા ત્રણ ચાર ગયા, કાંચકી, કાજલ અને કંકુ, જોબન જતા ચાર ગયા, કાન, વાળ, આંખ અને દાંત- નિંદન આવે ત્રણ જણા માથે વેર, ઘરે પરણવા લાયક કન્યા, અને માથે દેવું (કરજ)" ભલે ભવાઇ સાંભળે તેની અંબા બહુચર પુરે આસ, અસાઇત મૂખ માં ચરે, હવે જોવા માંડો વેશ. સંક્ષેપમાં ભવાઇ એક પ્રકારની દેવ-દેવીઓને રીઝવવાની ભક્તોની શક્તિ છે, ઉપાસના છે, રીઝવવાનું સાધન છે. પાટણમાં વસતા દરજી, સોની કે બ્રાહ્મણો આ ગુજરાતના ગૌરવ સમી ભવાઇ કલા સાચવી રાખે, અને સુનિશ્ચિત કરે કે ભવાઇ કળા લુપ્ત ન થાય. નવા કલાકારો આમાં સંપૂર્ણ રસ લે, પુરેપુરૂ સમજી કલાકાર રંગમંચમાં આવે તો જ ગૌરવ સચવાય. સમાજ પણ કલાકારોને નવાજે, પ્રોત્સાહન આપે. એક જુદી અકાદમી સ્થાપી ભવાઇ કલા જાળવવા નમ્ર સૂચન છે.

(સ્વ. શ્રી મનુભાઇ ત્રિવેદી પાટણના સંશોધક હતા.)

પાટણની ગૌરવગાથા



- મુકુંદભાઇ બ્રહ્મક્ષત્રિય

કોઇપણ નગરની પ્રજાની પ્રકૃતિમાં ખાસ ફેર પડતો નથી. દેશકાળ મુજબ એમાં ભરતી-ઓટ આવે પણ મૂળ સ્વભાવ અને અસલ પ્રકૃતિમાં કોઇ બદલાવ જોવા મળતો નથી. ધરતીની, તેના પાણીની, તેની આબોહવાની અને તેના વાતાવરણની આ ખાસિયત છે. પાટણના નગરજનોનું શ્રી હેમચંદ્રાચાર્યે જે વર્ણન કર્યું છે તે મહદ્અંશે આજના પાટણને અને તેના નગરજનોને લાગુ પડે છે એમ કહેવામાં કોઇ અતિશયોક્તિ નથી.

પાટણના સંત પુરૂષો

સંતો એ હરતા ફરતા તીર્થો છે. જે શહેરમાં પૂર્ણ સંતો વસે છે, તે શહેર ધન્ય બને છે. પાટણમાં આવા વંદનીય સંતપુરૂષો બિરાજમાન છે.

(૧) **શ્રી નર્મદાગીરીજી મહારાજ:** પાટણમાં અઘોરી પંથનો અખાડો વિખ્યાત છે. આ ગાદી પર અનેક ચમત્કારી સંતો થઇ ગયા છે. સંત શિરોમણી પ્રાત: સ્મરણીય પૂજ્ય નર્મદાગીરીજી મહારાજ હાલ આ જગ્યાના વિધમાન મહંત છે. સંપૂર્ણ સાત્વિક, ઓછાબોલા, પણ ઊંચી સાધનાવાળા પૂ. નર્મદાગીરી મહારાજે હજારો લોકોનાં દુ:ખ દૂર કર્યાં છે. પાટણના લોકો માટે આ એક આશ્રયસ્થાન છે.

(૨) **મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ:** છેલ્લા પચ્ચીસ વર્ષથી શ્રી ભાનુવિજયજી મહારાજે સરસ્વતીના કાંઠે ધર્મની ધૂણી ધખાવી છે. સર્વધર્મ પ્રત્યે સદ્ભાવ અને સમભાવની ભાવના વિકસાવવાના ઉદ્દેશથી એમણે જૈન ધર્મના જ સાધુ મટી વિશ્વના સંત બન્યા છે. આ કોઇ નાનીસૂની ઘટના નથી. તમામ ધર્મોના ગ્રંથો પર તેમનાં પ્રવચનોની જ્ઞાનગંગા, પાટણમાં ચાલી રહી છે. સાગોડિયામાં સર્વમંગલમ્ આશ્રમમાં તથા પાટણમાં વિવિધ સામાજિક, આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

(૩) **શ્રી જયદેવપ્રસાદ પાઠકજી:** ઢંઢેરવાડાના નાકે આવેલ શ્રી અંબાજીમાતા તથા કરંડીયા વીરના સ્થાનમાં એક વખત બિરાજતા પૂ. શ્રી ગોરજી મહારાજની જગ્યાના લોકપ્રિય નામથી ઓળખાતી જગ્યામાં હાલ શ્રી જયદેવપ્રસાદ પાઠકજી બિરાજમાન છે. જસમાની દેરી પાસે શ્રી કરંડીયા વીરની જગ્યા એમણે વિકસાવી છે. તેઓ દુ:ખીઓનાં દુ:ખ દૂર કરે છે. માનવસેવાની ઉત્કૃષ્ટ ભાવનાથી જ તેઓ આ સદ્પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

(૪) **શ્રી કમરઅલી બાપુ:** પાટણની પશ્ચિમે આવેલ અનાવાડા ગામમાં શ્રી કમરઅલી બાપુ રૂમી પીરની દરગાહના સ્થાનમાં રહેતા. તમામ ધર્મોના ભાઇ બહેનો તેમના આશીર્વાદ લેવા આવતા. વટેમાર્ગુઓ માટે પાણીની વ્યવસ્થા વગેરે જેવી પ્રવૃત્તિઓ આજે પણ ચાલુ છે. તેઓ થોડાંક વખત પહેલાં જ ગુજરી ગયા છે.

(૫) શ્રી દેવપુરી મહારાજ: નવી કાળિકાના મંદિરમાં ધૂણો ધખાવીને બેઠેલા આ મહંતશ્રી નોંધારાના આધાર જેવા હતા. સંપૂર્ણ સાત્વિક, નિસ્પૃહી અને સેવાભાવી સંતે આ જગ્યાનો ઉદ્ધાર કર્યો છે. એમના આશીર્વાદથી અનેક લોકો આજે સુખી છે. તેઓ થોડાંક વર્ષો પહેલાં જ દેવ થઇ ગયા છે.

(૬) શ્રી તપસી બાપુ: જિના રામજી મંદિર (ગામ મંદિર) માં થોડાક વર્ષો પહેલાં એક તપસ્વી સાધુ રહેતા. ચારે બાજુ અગ્નિ પ્રગટાવી તેઓ ઉનાળામાં તપ કરતા. માથે મોટી જટાધારી બાપુ મહાન તપસ્વી હતા. એમનો અનુયાયી વર્ગ ઘણો મોટો હતો. તેઓશ્રી પણ દેવ થઇ ગયેલા છે.

આ સિવાય પાટણમાં બ્રહ્નનિષ્ઠ શ્રી ત્રિકમલાલજી મહારાજ એક મહાન યોગી થઇ ગયા, જેમનો આશ્રમ આજે પણ વિધમાન છે. ભાણસાહેબની પરંપરામાં થઇ ગયેલા પાટણના લુહાણા જ્ઞાતિના શ્રી લાલ બાપુની જીવંત સમાધિ આજે પણ મીરા દરવાજા બહાર લક્ષ્મીપુરામાં છે.

જૈન પરંપરામાં મહાન સંતો શ્રી પુણ્યવિજયજી, શ્રી કાન્તિવિજયજી, શ્રી ન્યાય વિજયજી જેવા અનેક કર્મઠ પુરુષોએ પાટણની ધરતીને ધન્ય બનાવી છે. જૈન આચાર્યોએ કરેલ સાહિત્યસેવા અમૂલ્ય છે. ગંગામાતાની વાડીવાળા પૂજ્ય ગંગાસતીજી, ધીવટામાં પાનશ્યામજીના પાડાનાં પાનબાઇ (જેઓએ પ્રભુ દ્વારકાધીશજીને પાટણમાં (જેઓએ પ્રભુ પ્રભુ દ્વારકાધીશજીનેપાટણમાં પ્રગટ થવા ફરજ પાડેલી), ઘુઘરાબાવાની વાડીનાં કેટલાક સંતો થઇ ગયા.

પાટણને મુસ્લિમ સાહિત્યકારો 'નહરવાલા' તેમજ 'પિરાણ પટ્ટણ' પણ કહે છે. આપણા આ પિરાણ પટ્ટણમાં અનેક સમર્થ મુસ્લિમ સંતો, ઓલિયાઓ, મુરશીદો થઇ ગયા. આમ પાટણ એ તમામ ધર્મોના સંતોની ભૂમિ છે. પાટણમાં ભગવાન સ્વામીનારાયણ પણ કટકીયાવાડામાં જાતે પધાર્યા હતા. પોંડિચેરીના સમર્થ યોગી શ્રી ચંપકલાલજી પુરાણી પણ પાટણના વતની હતા.

પાટણના સુપ્રસિદ્ધ લોકસેવકો:

નિસ્વાર્થભાવે જનસેવા કરે અને લોકોનું કામ કરે એ લોકસેવક કહેવાય. પાટણમાં આવા કેટલાક લોકસેવકો થઇ ગયા.

(૧) ડૉ. ઠાકોરલાલ પંડ્યા : ડૉ. પંડ્યા અભ્યાસ ગૃહ સાથે જેમનું નામ જોડાયેલું છે એ ડૉ. ઠાકોરલાલ પંડ્યા એક કેળવણીકાર હતા. તેઓ પાટણમાં નોકરી કરવા આવેલા. પાટણ જ્યારે પ્લેગના રોગમાં સપડાયું ત્યારે એમણે સ્વયંસેવકોની એક ટુકડી ઉભી કરી, પાટણના લોકોની સેવા કરી. રોગીઓની સેવા કરતાં કરતાં તેઓ પણ એ જ રોગના ભોગ બન્યા અને પોતાની જાતનું બલિદાન આપી અમર થઇ ગયા. ડૉ.પંડ્યા સેવામંડળ અને ડૉ. પંડ્યા અભ્યાસ ગૃહ એ બે સેવાભાવી સંસ્થાઓ સાથે તેમનું નામ જોડાયેલું છે.

(૨) શ્રી મણિલાલ માધવલાલ દવે: શ્રી દવે સાહેબ પાટણ હાઇસ્કૂલના આચાર્ય હતા. એક ઉત્તમ કેળવણીકાર હોવા ઉપરાંત અતિ લોકપ્રિય લોકસેવક હતા. ગાંધી વિચારશ્રેણીને વરેલા ખાદીધારી, ઉંચી પડછંદ કાયા ધરાવતા શ્રી દવે સાહેબ પાટણમાં અભ્યાસગૃહમાં સેવા આપતા. પોતે છાત્રાલયમાં રહી અનેક વિદ્યાર્થીઓને તેમણે કેળવણી આપી છે.

(૩) શ્રી નટુભાઇ રાવળ: તેઓ પણ એક કેળવણીકાર હતા. સંપૂર્ણ સાદાઇ, ગાંધીવાદી પ્રકૃતિ ધરાવતા હતા. વર્ષો સુધી તેઓ પાટણ વિદ્યાર્થીમંડળના મંત્રીપદે રહ્યા. તેઓ 'અભ્યાસગૃહ પત્રિકા' નામનું માસિક ચલાવતા હતા. ભારતના નામાંકિત રાજદ્વારી પુરુષોને પાટણમાં નોતરી તેમના વકતવ્યોનો પાટણને લાભ અપાવતા હતા. તેઓ બાળમંદિર, કુમાર મંદિર તથા શાળા પણ ચલાવતા હતા.

(૪) શ્રીરામપ્રસાદ ભૈયાજી: શ્રી ભૈયાજી પણ ગોકુળથી આવી પાટણમાં વસેલા. પાટણમાં તેઓ ભૈયાજી પહેલવાનના નામે જાણીતા હતા. હજારો યુવાનોને તેમણે કસરત કરાવી ખડતલ બનાવ્યા છે. અખાડા પ્રવૃત્તિના તેઓ પ્રણેતા હતા. જ્યારે પાટણમાં બાથ ન હતો ત્યારે દેરાણી જેઠાણીના કૂવામાં સેંકડો યુવાનોને તેમણે તરતાં શીખવાડયું હતું.

(૫) શ્રી હરિભાઈ રામી: શ્રી હરિભાઇ રામી તે જમાનાના હિંદુ મહાસભાના અગ્રણી કાર્યકર હતા. તેઓ જીવ્યા ત્યાં સુધી તેમણે સ્મશાન ગૃહ સંભાળ્યું હતું. નિર્વાસિત સ્મશાન ભૂમિના આધ સ્થાપકો પૈકીના તેઓ એક હતા. તેઓ વાળાની દવા સમી બાજુના લાશોનો અંતિમસંસ્કાર પણ કરતા. વિધવા અને ત્યકતા બાઇઓને સહાય કરતા. શ્રીરામપ્રસાદ ભૈયાજી તથા શ્રી હરિભાઇ રામીએ સાથે મળી હિંમતથી અનેક નિરાધાર બહેનોને સહાય કરી છે.

(૬) શ્રી વિજયકુમાર માધવલાલ ત્રિવેદી: પાટણના પનોતા પુત્ર એવા શ્રી વિજયકુમાર ત્રિવેદી એક રાજકીય નેતા તો હતા જ, પણ સાચા અર્થમાં પાટણના ઉદ્ધારક હતા. આજના નવા પાટણને ઘડવામાં તેઓનું નામ મોખરે ગણાય. પાટણમાં કે. ડી. પોલિટેક્નીક તથા આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ ચલાવતી નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં તેમનો સિંહફાળો છે. સરસ્વતી નદી પરનો પુલ બાંધી પાટણ અને બનાસકાંઠા જિલ્લાને જોડવાનો યશ પણ તેમને ફાળે જાય છે. ગુજરાત રાજ્યના મંત્રીમંડળમાં પણ તેઓ સ્થાન પામ્યા હતા.

(૭) ડૉ. સેવંતીલાલ શાહ : પાટણ નગરપાલિકાના લગભગ **૨૫** વર્ષ સુધી પ્રમુખપદે રહી સેવા કરનાર અને અણીશુદ્ધ વહીવટ કરનાર ડૉ. શાહની નગરસેવા ચિરસ્મરણીય બનશે. પાટણમાં ડામરની સડકો એમના વખતમાં થઇ. એમણે હિંમતથી વેરા નાખી અને વેરામાં વધારો કરી શહેરના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એક કાબેલ, પ્રમાણિક, સ્પષ્ટવક્તા અને કુશળ પ્રમુખ તરીકે પાટણ સુધરાઇના ઇતિહાસમાં તેમનું નામ કાયમ માટે અંકાયેલું રહેશે.

(૮) શ્રી અમીચંદ ખેમચંદ શાહ: શ્રી અમીચંદભાઇ ખેમચંદભાઇ શાહ તથા શ્રી રંજુલાલ આર. શાસ્ત્રીએ પાટણનું ટી.બી. સેનેટોરિયમ બાંધવામાં તથા તેને નિભાવવામાં અમૂલ્ય ફાળો આપેલ છે. બંને ગાંધીવાદી વિચારસરણીના પાટણના કર્મઠ પુરુષો છે.

પાટણના સંશોધકો:

(૧) ડૉ. ભોગીલાલ જયચંદ સાંડેસરા : ડૉ. સાંડેસરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પુરાતત્ત્વ વિદ્યાશાખાના નિયામક હતા. તેઓએ અનેક સંશોધનાત્મક ગ્રંથો લખ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે પણ તેઓ રહી ચૂક્યા છે. "વસ્તુપાળ અને તેનું સાહિત્ય વર્તુળ" એ વિષય પર તેમણે પી.એચડી.ની ડીગ્રી મેળવી હતી. તેમણે અનેક સંશોધન પત્રો રજૂ કરેલાં છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક સેમિનારોમાં તેમણે પ્રવચનો આપેલા છે. તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સંશોધક હતા.

(૨) શ્રી કનૈયાલાલ ભાઇશંકર દવે: શ્રી કનૈયાલાલ ભાઇશંકર દવે પાટણના કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમણે કોલેજની કોઇ ડીગ્રી લીધી જ નહોતી છતાં પ્રાચીન પાટણ વિશેનું એમનું સંશોધન બહોળું છે. "ગુજરાતનું મૂર્તિવિધાન' ગુજરાત સરકારે પ્રસિદ્ધ કર્યું છે. "સરસ્વતી પુરાણ" એમણે શોધી કાઢ્યું હતું. પાટણના મહોલ્લા પોળો, ચૈત્ય પરિપાટીઓ, નવા પાટણનો ઇતિહાસ વગેરે સંશોધન ક્ષેત્રે એમનો ફાળો અદ્વિતીય છે.

(૩) શ્રી રામલાલ ચુનીલાલ મોદી: શ્રી રામલાલ ચુનીલાલ મોદીના નામથી જાણીતા શ્રી રામલાલ મોદી પાટણ હાઇસ્કૂલમાં શિક્ષક હતા. સંશોધનના કોઇ સાધનો ઉપલબ્ધ નહોતાં એવા સમયમાં શ્રી મોદીનું સહસ્રલિંગ સરોવર ઉપરનું સંશોધન, તેમણે તૈયાર કરેલો નકશો અને તેમના સુપ્રસિદ્ધ સંશોધન લેખો ગુજરાત ઇતિહાસ પરિષદના દરેક અધિવેશનમાં અચૂક યાદ કરવામાં આવે છે. પાટણના વયોવૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની શ્રી પુરુષોત્તમદાસ શાહે, શ્રી રામલાલ ચુનીલાલ મોદીના લેખોનો સંગ્રહ બે ભાગમાં પ્રસિદ્ધ કર્યો છે. શ્રી કનૈયાલાલ દવે તથા શ્રી રામલાલ ચુનીલાલ મોદીનું બધું જૂનું સાહિત્ય ફરી પ્રકાશિત કરવા જેવું છે.

પાટણના દાનવીરો :

જે જમાનામાં રૂપિયો ગાડાના પૈડા જેવો હતો, એ જમાનામાં પાટણમાં ભામાશા જેવા દાનવીરો વસતા હતા. પાટણના એ દાતાઓ ધન કમાઇ જાણ્યા અને ધન વાપરી પણ જાણ્યા. પ્રાચીન પાટણમાં જગડુશા, વસ્તુપાળ, તેજપાળ જેવા દાનવીરો તો હતા જ પણ મારા નવા પાટણમાં પણ આવા અનેક દાનવીરો છે.

પાટણની પ્રજાને મફત પાણી પાનાર દાનવીર :

સને ૧૯૧૫ની સાલમાં શેઠ શ્રી પૂનમચંદ ન્યાલચંદે રૂપિયા અઢી લાખની દેણગી પાટણ સુધરાઇને આપી અને પાટણની પ્રજાને તદ્દન મફત પીવાના પાણીની સુવિધા કરી આપી. હિંગળા ચાચર ચોકમાં આ દાનવીરનું બાવલું શોભી રહ્યું છે. જિલ્લે-જિલ્લે તેમણે પાણીની ટાંકીઓ બંધાવી હતી.

મફત દાક્તરી સારવાર માટે સરકારી દવાખાનું :

સને ૧૯૨૦માં શેઠ શ્રી ન્યાલચંદ લલ્લુચંદે રૂપિયા દોઢ લાખ વડોદરા રાજ્યની સરકારને હોસ્પિટલનું નવું મકાન બાંધવા માટે દાનમાં આપ્યા હતા અને પાટણમાં એ વખતે ૩૨ દર્દીઓની સગવડવાળી હોસ્પિટલ તૈયાર કરી. આ મકાન પાછળ ત્રણ લાખ રૂપિયા ખર્ચ થયો હતો.

પાટણમાં મફત પ્રસૂતિગૃહ :

એ જમાનામાં આ પ્રકારની આ પ્રથમ સંસ્થા હતી. પાટણના સુપ્રસિદ્ધ દાનવીર, જસ્ટિસ ઓફ ધી પીસ, ઉદાર દાતાર મંડળ રાવ બહાદુર શેઠ કીલાચંદ દેવચંદની નેવુ હજાર રૂપિયાની ઉદાર સખાવતથી શ્રી જ્ઞાનબાઇનું નામ જોડી જ્ઞાનબાઇ પ્રસૂતિગૃહ વડોદરા રાજ્ય તરફથી બાંધવામાં આવ્યું છે. આ બન્ને દવાખાનાં શહેરના મધ્ય ભાગમાં આવેલાં છે, જે સરકાર ચલાવે છે.

ચતુર્ભુજ બાગના દાતા :

રાજરત્ન ઝવેરી વિઠ્ઠલદાસ ચતુર્ભુજે એ જમાનામાં રૂપિયા સાત હજારની બક્ષિસ સુધરાઇને આપી હતી. તેમના પિતાનું નામ જોડીને સુધરાઇએ ચતુર્ભુજ બાગ બનાવ્યો છે. આ બગીચાના આગળના ચોગાનને ચીમની ચોક કહેવામાં આવતો. સુધરાઇ તરફથી સયાજીરાવ મહારાજનું બાવલું આ બાગમાં મૂકવામાં આવેલ છે. શહેરના મધ્યભાગમાં આવેલ આ નાનકડો બગીચો સુધરાઇ સારી રીતે જાળવે છે.

શેઠશ્રી પ્રભુદાસ પુરુષોત્તમદાસ પ્રજાપતિ :

ખૂબ જ ઓછાબોલા પણ ઘણા મોટા દાન આપનાર શ્રી પ્રભુદાસ પ્રજાપતિ એક સાત્વિક પુરુષ છે. તેમણે નાનાં-મોટાં થઇને લગભગ રૂપિયા સાઇઠ લાખનાં દાનો આપેલાં છે. પાટણના રેડક્રોસ ભવનમાં, સર્વ મંગલમ આશ્રમમાં તથા પ્રજાપતિ સમાજમાં તેમણે મોટી રકમનાં દાનો આપેલાં છે. તેમણે આપેલા દાનોની યાદી આ ગ્રંથમાં અન્ય જગ્યાએ આપેલી છે.

આ સિવાય કે. ડી. પોલિટેક્નીકના મુખ્ય દાતા શ્રી કીલાચંદ દેવચંદે એ જમાનામાં સાડા સાત લાખ રૂપિયાની ઉદાર સખાવત કરી હતી. પાટણની આર્ટ્સ, સાયન્સ, કોમર્સ એજ્યુકેશન, લૉ કોલેજમાં, એક્સપેરિમેન્ટલ હાઇસ્કૂલ વગેરેમાં તેમજ ધી નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઇમાં અનેક દાતાઓએ મોટી રકમો દાનમાં આપી પોતાનાં નામ સંસ્થા સાથે જોડી પાટણની પ્રજાને અર્પણ કરેલ છે. આ જ રીતે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં વિશાળ ભવનો, બ્લડબેંક, ઉત્તર ગુજરાત સ્વાસ્થ્ય મંડળ, જનતા હોસ્પિટલ, ટી.બી. સેનેટોરિયમ, ફીઝીયોથેરાપી સેન્ટર જેવી અનેક સેવાભાવી સંસ્થાઓમાં દાનવીરોએ ઉદાર હાથે મોટી રકમોનાં દાન આપેલાં છે. જેનાથી પાટણની પ્રજાને અનેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ થઇ છે.





કલાત્મક જિનાલયો

વિ.સં. ૮૦૨થી વિ.સં. ૧૩૫૬ એમ લગભગ સાડા પાંચસો વર્ષ સુધી 'અણહિલવાડ પાટણ ગુજરાતનું પાટનગર રહ્યું. આચાર્ય શીલગુણી મહારાજ સાહેબના ભવિષ્ય મુજબ વનરાજ ચાવડો ગુજરાતનો પ્રથમ રાજા થયો. એ જ રીતે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ભાખેલા ભવિષ્ય મુજબ કુમારપાળ ગુજરાતનો રાજા થયો. આમ ગુજરાતના રાજવીઓ ઉપર જૈન ધર્મનો પ્રભાવ શરૂઆતથી હતો. વનરાજ, ભીમદેવ, મૂળરાજ, સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પ્રતાપી રાજાઓએ પાટણ ઉપર રાજ્ય કર્યું. પાટણ વિદ્વાનોની અને જૈનધર્મની માનીતી નગરી હતી. રાજાઓએ જૈન આચાર્યોને રાજ્યાશ્રય આપ્યો હતો. આજનું નવું કિલ્લેબંધ પાટણ પણ ઐતિહાસિક માહિતીનું કેન્દ્ર છે. પાટણમાં કલાત્મક શિખરબંધ જિનાલયો, સમૃદ્ધ જ્ઞાનભંડાર, કાષ્ઠકલાયુક્ત દેરાસરો વગેરે આજના પાટણ નગરની સમૃદ્ધિના શિરમોર સાધનો છે. આ જિનાલયનો ઇતિહાસ લખવા યોગ્ય જ નહી પણ વાગોળવા જેવો છે. આજના પાટણમાં લગભગ સો ઉપરાંત સુંદર કલાત્મક શિખરબંધી જિનાલયો આવેલા છે, જે પાટણની શોભા છે અને એટલે જ પાટણ એ જૈનધર્મનું પિયર ગણાય છે. પાટણના કોઇક મહોલ્લામાં એક જિનાલય તો કોઇકમાં વળી બે જિનાલય તો કોઇક મહોલ્લામાં તો ત્રણ-ત્રણ વિશાળ જિનાલયો દર્શનીય છે. પાટણનાં જિનાલયોની અનેક ચૈત્ય પરિપાટીઓ આલેખાયેલી છે. પાટણના પ્રાચીન જિનાલયો એ પાટણના દર્શનીય સ્થાનો છે.

કાષ્ઠકલા વૈભવ

પાટણમાં પહેલાના સમયમાં મકાન બાંધવામાં સાગના લાકડાનો ઉપયોગ વધુ થતો હતો. મકાનનાં બારી, બારણાં, સ્તંભો, ઝરૂખા, મુખ્ય બારણાની બારસાખ, ટોડલાં, ચાડાં, કઠેડા, ટેકાઓ, જાળીઓ વગેરે સુંદર રીતે લાકડામાં કોતરકામ કરી મકાનને આકર્ષક બનાવવામાં આવતું. આવાં કાષ્ઠકલાનો વૈભવ દર્શાવતાં મકાનો વોરવાડમાં, ફોફળીચાવાડામાં તેમજ ઇતર જગ્યાએ આજે પણ જોવા મળે છે. વોરવાડનાં ઘણાં ખરાં મકાનો ઉતારી એનો કાટમાળ વેચી નાખવામાં આવ્યો છે. લાકડાની છતવાળાં મકાનોમાં ગરમી ઓછી લાગતી હતી અને શિયાળામાં ઠંડી પણ ઓછી લાગે, પાટણના મુખ્ય રાજમાર્ગ પર મહારાજા ખંડેરાવ ગાયકવાડના વખતની લાકડાની વિશાળ ત્રણ માળની હવેલી આજે પણ અડીખમ ઊભી છે.

અનુપમ ભીંતચિત્રો

કોટની અંદરના નવા પાટણનાં કેટલાક મંદિરોની દીવાલો તથા છત ઉપર તેમજ ઘુમ્મટમાં વર્ષો પહેલા દોરાયેલા રંગબેરંગી કલાત્મક ચિત્રો જોવા મળે છે. કેમિકલ કલર્સ શોધાયા પહેલાના હરડા, બેડા, રમજી, દાડમની છાલ, લોખંડનો કાટ, બાવળ તેમજ પીપળા જેવા વૃક્ષોની છાલ, કીરમજી વગેરે વેજીટેબલ કલરોમાંથી મંદિરની છત, મંદિરના વિશાળ ઘુમ્મટમાં દોરાયેલા અનુપમ ચિત્રો રંગવામાં આવ્યા છે, જે ખરેખર દર્શનીય છે. આ ચિત્રોની કલા તો ઉત્તમ પ્રકારની છે જ, પણ આ ભીંતચિત્રોના જે વિવિધ વિષયો છે એ તો અદ્ભુત છે. પાટણના નાગરવાડા વિસ્તારમાં વરિયારિવાડામાં આવેલ એક પ્રાચીન રામજી મંદિરના વિશાળ ગોળ ઘુમ્મટમાં વર્ષો પહેલા દોરેલા ચિત્રો જોઇ દર્શક આશ્ચર્યમાં મૂકાઇ જાય છે. પાટણમાં "ચિતારાની ખડકી" હાલ મોજૂદ છે, એટલે પ્રાચીનકાળમાં પાટણમાં ઉત્તમ ચિતારા ઉર્ફે પેઇન્ટરો રહેતા હશે. ઘુમ્મટના આ ભિંતચિત્રોનું વર્ગીકરણ નીચે મુજબ થઇ શકે,

આ ઘુમ્મટમાં (૧) ગ્રહો (૨) નક્ષત્રો (૩) રાશિઓ (૪) ઋષિઓ તથા ઋષિપત્નીઓ (૫) વિવિધ રોગના ચિત્રો (૬) કૃષ્ણ-ગોપીઓનો રાસ (૭) પ્રાણીઓ (૮) ચાર દિશાઓ (૯) ચાર ખૂણાઓ (૧૦) મૃત્યુના દેવ યમરાજ (૧૧) પાંચ તત્વો તથા રથ, ઐરાવત હાથી, વાંદરા, પક્ષીઓ વગેરેના અદભુત ચિત્રો છે (૧૨) રાવણની સેના-રામની સેના છે. આ ચિત્રો માત્ર ભિંતચીત્રો નથી પણ પ્રજાને વિવિધ વિષયોનું જ્ઞાન આપવા માટેનું એક જ જગ્યાએ પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન કહી શકાય.



શિવાલયો

પ્રાચીન અણહિલપુર પાટણમાં ૧૦૫ એકરમાં વિશાળ સહસ્રલિંગ સરોવર હતું, જે આજે ભગ્ન અવસ્થામાં દેખાય છે. આ સરોવરના કિનારે એક હજાર શિવાલયો હતાં. એવું સરોવરનું નામ જ સૂચવે છે. પાટણના રાજવીઓ પણ શિવપંથી હતા. સૂબા જફરખાને બંધાવેલ હાલના કોટબંધી નવા પાટણમાં પણ ઘણા શિવાલયો દર્શનીય છે. આ પૈકી કેટલાક શિવાલયો જેવાકે(૧)ગુપ્તેશ્વર (૨) ત્રિપુરેશ્વર (૩) મલ્લેશ્વર (૪) સિધ્ધેશ્વર આ ચાર શિવાલયો ઘણા પ્રાચીન ગણાય છે. આ ચારેયની બાંધણી પણ એક સરખી છે. આ ઉપરાંત (૧) સિધ્ધનાથમહાદેવ (૨) નીલકંઠ મહાદેવ (૩) લોટેશ્વર મહાદેવ (૪) કેદારેશ્વર મહાદેવ (૫) હાટકેશ્વર મહાદેવ (૬) બગેશ્વર મહાદેવ વગેરે શિવમંદિરો પણ વિશાળ શીખરબંધી છે. તે પણ ઘણા પ્રાચીન શિવાલયો છે. શહેરની બહાર પૂર્વમાં (૧) હરીહર મહાદેવ (૨) જાળેશ્વર મહાદેવ પણ ઐતિહાસિક શિવાલયો છે. ત્યાં સુંદર લાલેશ્વર મહાદેવ પણ છે.

વિશિષ્ટ શિવલિંગો :- વરિયારિવાડાના શિવાલયનું શિવલિંગ અર્ધનારેશ્વર છે. ગંગામાતાની જગ્યાના મહાદેવનું શિવલિંગ પંચમુખી છે. લોટેશ્વર પાસે શ્રી કેદારેશ્વર મહાદેવનું શિવલિંગ પોઠિયા આકારનું છે. આ સિવાય પાટણના મહોલ્લા-પોળોમાં પણ અનેક નાના-મોટા મહાદેવજીના મંદિરો છે. જેમાં મા પાર્વતી, વચમાં શિવલિંગ, કાચબો અને પોઠિયો વગેરે દર્શનીય છે.



શ્રી હેમચંદ્રાચાર્ય, જૈન જ્ઞાનમંદિર

સાહિત્ય શિરોમણિ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ તા. ૭-૪-૧૯૩૯ના રોજ પાટણના વિશ્વવિખ્યાત શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથભંડારનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે, 'મને આજે જ્ઞાનમંદિરની ઉદ્ઘાટનક્રિયા કરતાં ઘણો આનંદ થાય છે. પાટણના જ્ઞાનમંદિરમાં પંદર હજાર જૂનાં પુસ્તકો છે, જેમાનાં કેટલાંક તો તાડપત્રો ઉપર લખેલાં છે. એમાં નાટકો, કાવ્યો, વેદાંત, ધર્મ અને આયુર્વેદ વિષયો ઉપરનાં પુસ્તકો છે. પાટણની આ વિદ્યાપીઠ નાલંદા કે યુરોપની બીજી કોઇપણ વિદ્યાપીઠથી જરાય ઉતરે એમ નથી.” પાટણના કેટલાક જિનાલયોમાં કાષ્ઠના ઘુમ્મટો દર્શનીય છે. આ ઘુમ્મટોમાં તથા થાંભલા પર સુંદર વાદ્યો વગાડતી કાષ્ઠની પૂતળીઓ કલાના ઉત્તમ નમૂના છે. કનાશાના પાડાના શાંતિનાથના જિનાલયનો કાષ્ઠનો પ્રાચીન પટ એક અદ્વિતીય કાષ્ઠકલા વૈભવ દર્શાવતો અમૂલ્ય નમૂનો છે. ત્રણ દરવાજા પાસે મહાલક્ષ્મીના મંદિરમાં ચંદનના કાષ્ઠમાંથી બનાવેલ સૂર્ય તથા રન્નાદેવીની કલાત્મક મૂર્તિઓ ઉત્તમ છે.

નગરની હવેલીઓનો કાષ્ઠકલા વૈભવ

પાટણના વાડા, પાડા, પોળો અને મહોલ્લાઓમાં મકાનો બાંધવામાં લાકડાનો મોટાપાયે ઉપયોગ થતો હતો. પાટણની વ્હોરવાડમાં તો કાષ્ઠકલાના નમૂના જોવાલાયક છે. અહીંયા વૈજ્ઞાનિક ઢબે બંધાયેલ હવેલીઓ હતી. આ ઉપરાંત જૈનોના સમૃદ્ધ મહોલ્લાઓમાં પણ કાષ્ઠના મકાનો આજે પણ અડીખમ ઉભાં છે. નગરની આ હવેલીઓની બારસાખ, ટોડલાં, ચાડાં, થાંભલા, ઝરૂખા અને ટેકાઓ સુંદર રીતે કોતરેલા દેખાય છે.આ મકાનો મોટાભાગે પાણીના મૂલ્યે વેચાઇ ગયા છે. તેનું કલાત્મક કોતરકામ, નકશીકામ પણ વેચાઇ ગયું છે.

આવા એન્ટીક પીસ જેવા નમૂના પરદેશમાં ઘણી ઉંચી કિંમતે વેચાતા હોવાનું કહેવાય છે. કાટમાળ ઉતારી કાટમાળ ઉતારી ખરીદનારા ઉભેઉભાં મકાનો જ ખરીદી લે છે અને પછી એમાંથી કલાત્મક નમૂના જુદા પાડી ઘણી ઉંચી કિંમતે વેચી નાખતા હોય છે. છતાં આજે પણ કેટલાક પ્રાચીન લાકડાનાં સુંદર મકાનો, હવેલીઓ, વ્હોરાઓના મકાન પાટણમાં જોવા મળે છે. આ કાષ્ઠના મકાનો પાટણની સમૃદ્ધિના પણ સાક્ષી ગણાય.


આ ગ્રંથભંડારમાં સોના અને ચાંદીની શાહીથી લખાયેલા હસ્તલિખિત ગ્રંથો છે. તાડપત્રો પર લખાણ સાથે સુંદર કલાત્મક ચિત્રકામ પણ થયેલું છે. પ.પૂજ્ય શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબે તેમના શિષ્યો દ્વારા આ બધા જ હસ્તલિખિત ગ્રંથોનું ડીજીટીલાઇઝેશન કરી ગ્રંથભંડારને અધતન બનાવ્યો છે. ગ્રંથોની સૂચિ પણ પ્રસિદ્ધ થયેલી છે. ટ્રસ્ટીશ્રીઓ ગ્રંથભંડારની ખૂબ જ સારી દેખભાળ રાખે છે અને દેશપરદેશથી આવતા મુલાકાતીઓ તથા મહાનુભાવો જ્યારે મુલાકાતે આવે છે ત્યારે તેમની સાથે રહી ગ્રંથભંડારથી માહિતગાર કરવામાં આવે છે.

મુસ્લિમ સ્થાપત્યો

અણહિલપુર પાટણમાં મુસ્લિમ સૂબાઓના અણહિલપુર પાટણમાં મુસ્લિમ સૂબાઓના શાસન દરમિયાન ઘણા મુસલમાન સંતો, ફકીરો, ઓલિયા એવા સમર્થ વિદ્વાનો આવેલા. રાજ્યમાં અને પ્રજા ઉપર તેમનો ઘણો પ્રભાવ હતો. ઇતિહાસકારોના મતે પાટણ જેમ હિંદુઓ માટે બીજું કાશી, જૈન ધર્મનું પિયર એમ મુસ્લિમો માટે પાટણ “બીજું પવિત્ર મક્કા" ગણાતું. આજે નવા પાટણમાં પણ અનેક મુસ્લિમ મહાત્માઓની દરગાહો વિધમાન છે. મુસલમાનોના જુદા-જુદા મેળા પણ ત્યાં ભરાય છે અને સંદલ વિધિ પણ થાય છે. અકબર બાદશાહનો દરબારી બહેરામખાન અણહિલપુર પાટણ થઇ મક્કા જવા નીકળ્યો હતો. સહસ્રલિંગ સરોવરમાં નૌકા વિહાર કરી કિનારે ઉતરતા એક પઠાણે આ બહેરામખાનનું તા. ૩૧-૧-૧૫૬૧ના રોજ ખૂન કર્યું હતું. આ મહાન રાજદરબારી બહેરામખાનની કબર સરસ્વતી નદીના કિનારે શેખફરીદના રોઝામાં આજે પણ વિધમાન છે. પાટણમાં મુસ્લિમોની પ્રાચીન મસ્જિદો, દરગાહો, બેઠકો, ચીલ્લા, ગાદી અને દરગાહો ઇતિહાસની ગવાહી પુરતી ઉભી છે. મુસ્લિમ ઇતિહાસકારો પ્રાચીન પાટણને “પિરાણ પટ્ટણ" તેમજ "નહરવાલા"નામથી ઓળખે છે. 'મીરાતે અહેમદી" અને "મીરાતે સિકંદરી" વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં પાટણનું સુંદર વર્ણન આપેલું છે. પાટણના કલાત્મક પથ્થરના મુસ્લિમ સ્થાપત્યો ખરેખર જોવા લાયક છે.

(સ્વ. શ્રી મુકુંદભાઇ બ્રહ્મક્ષત્રિય પાટણના સંશોધક હતા.)

ચોર્યાસી ચૌટા, બાવન બજારો અને અનેક વાડા, પાડા ધરાવતું પ્રાચીનઃ પાટણ નગર



- પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ

સૌરાષ્ટ્રમાં દ્વારકા, જુનાગઢ, સોમનાથ – પ્રભાસપાટણ, ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર, વડનગર, દક્ષિણ ગુજરાતમાં સુરત, ભરૂચ અને મધ્ય ગુજરાતમાં અલબેલી નગરી અમદાવાદ જેવા ગુજરાતના અનેક નગરો સાંસ્કૃતિક વિરાસત અને ઐતિહાસિક તવારીખોની આલબેલ પોકારતા ઉભા છે. સિદ્ધરાજ જયસિંહ અને હેમચંદ્રાચાર્યની સ્મૃતિને તાજી કરાવતું ગુજરાતની પુરાણી રાજધાનીનું નગર અણહિલપુર પાટણ છે.

અણહિલપુર પાટણની સ્થાપના વીર વનરાજે વિ.સં. ૮૦૨માં કરી હતી. પ્રબંધ-ચિંતામણી,રાસમાળા, રાજવંશાવલી વગેરે ગ્રંથોમાં અણહિલપુરની સ્થાપના માટેના મહિના અલગ-અલગ આપ્યા હોવા છતાં વિક્રમ સંવત ૮૦૨નું વર્ષ તો બધા ગ્રંથોએ એક જ દર્શાવ્યું છે. 'પ્રબંધ-ચિંતામણી'માં જણાવ્યા અનુસાર વનરાજ ચાવડાનો રાજ્યાભિષેક વિક્રમ સંવત ૮૦૨ વૈશાખ સુદ-૨ના રોજ થયો હતો. એ વખતે કાકર ગામની શ્રીદેવીને બોલાવીને તેને આપેલ વચન મુજબ તેની પાસે રાજતિલક કરાવ્યું.

જામ્બ અર્થાત ચાંપો વણિકને પોતાનો મહાઅમાત્ય બનાવ્યો. વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યું અને ૧૦૯ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. આમ અણહિલપુર પાટણમાં ચાવડા વંશે ૧૯૦ વર્ષ રાજ્ય કર્યું, એ પછી ચાવડા વંશના છેલ્લા રાજવી સામંતસિંહને મારીને તેના ભાણેજ મૂળરાજ સોલંકીએ પાટણની ગાદી કબજે કરી સોલંકી વંશની સ્થાપના કરી. સોલંકી વંશે વિક્રમ સંવત ૯૯૮ થી વિક્રમ સંવત ૧૩૦૦ સુધી એકચક્રી રાજ્ય કર્યું. સોલંકીકાળ પાટણનો સુવર્ણયુગ ગણાય છે,

એમ 'યુગેયુગે પાટણની પ્રભુતા' માં પ્રા. મુકુન્દભાઇ બ્રહ્મક્ષત્રિય નોંધે છે. અણહિલપુર પાટણની જૂના કાળની જાહોજલાલીને ઇતિહાસવિદ કર્નલ ટોડ આ રીતે આલેખે છે, કે અણહિલપુરનો ઘેરાવો ૧૨ કોસમાં છે. એક કોસ બરાબર ત્રણ માઇલના હિસાબે આ ઘેરાવો ૩૬ માઇલનો હતો. આ શહેરમાં ૮૪ ચોક અને ૫૨ બજારો છે. સોના અને રૂપાના સિક્કા પાડવાની ટંકશાળો છે.

શહેરમાં દરેક જ્ઞાતિજનોના જુદ- જુદા મહોલ્લા છે, જેમાં નાગરવાડો, ભીલવાસ, કુંભારવાસ, દેવીપૂજક વાસ, લીંબજમાતાનો પાડો આજેય જોવા મળે છે. હાથીદાંત, રેશમ, હીરા-મોતી વગેરે દરેક ચીજોનું જુદું જ બજાર છે. શરાફોનું, તલનું, અક્ષરોનું અને વૈદ્યોનું બજાર છે. ખારવાઓના, ભાટોના, અને ચારણોના જુદા મહોલ્લા છે.

આ શહેરમાં અઢારે વર્ણના (કોમના) લોકો વસે છે. રાજમહેલ, શસ્ત્રાગાર, હસ્ત્યાગાર, અશ્વાગાર, તથા રથાલય વગેરે છે. ચંપક, પુન્નાગ (નાગકેશર), તાલ, જાંબુ, ચંદન, આંબા, વગેરે વૃક્ષો અને લતાઓથી આચ્છાદિત બગીચાઓ છે, પણ આજે મારે એની નહીં, પાટણના વાડા, પાડા, મહોલ્લા ને પોળોની વાત વાચકોને કરવી છે.પ્રાચીન પાટણમાં કયા કયા વાડા, પાડા, મહોલ્લા અને પોળો હતા તેની સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી, છતાં કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓ, શિલાલેખ તથા પ્રબંધાત્મક સાધનો ઉપરથી કેટલીક વસ્તીઓના નામો તથા મહોલ્લાના નામ જાણવા મળ્યા છે. આ મહાનગર સામે સમય જતાં નવું પાટણ વસ્યું. એમાં કયા કયા મહોલ્લાઓ સૌપ્રથમ વસાવ્યા? તેના નામો કેવા હતા?




તેની માહિતી હજુ સુધી જાણવા મળી નથી, એમ કનૈયાલાલ ભા. શંકર દવે લખે છે. પાટણ શહેરની ત્રણેક ચૈત્ય પરિપાટીઓ જૈન મુનિ સિદ્ધસૂરી, લલિતપ્રભસૂરી, અને હર્ષ વિજયજીએ રચી છે. આ ત્રણેય પરિપાટીકારોએ જુદા જુદા કેટલાક મહોલ્લાના નામો પાટણ પરિપાટીમાં નોંધ્યા છે. આ ઉપરાંત કેટલીક જાતિઓ જેવીકે બારોટ, ભાટિયા, બ્રાહ્મણ, વાલ્મિક, દીપા, મણિયાર, હાથીદાંતના વેપારી, ડબગર, ધોબી, કુંભાર, ગોલા, વાળંદ, હરિજન, કાછિયા, કણબી, કલાલ, કસાઇ, ખરાદી, ખત્રી, કુંભાર, માળી, દરજી, મારુ, મોચી, મોઢ, મુસલમાન, પાટીદાર, રબારી, રાવળીયા, સૈયદ, સલાટ, સોની, સુથાર, હાજી, નાઇ, તંબોળી, કટકિયા, વાયડા, દેવીપૂજક, વણકર, વોરા, નાગર, બલાર, દોશી વગેરે અનેક જાતિઓ અને ધંધાદારીઓના સ્વતંત્ર મહોલ્લાઓ પાટણમાં પ્રાચીનકાળથી સ્થપાયેલ હતા. આજે પણ એમાંના ઘણા મહોલ્લાઓ વિધમાન છે.

પાટણની ઉત્તર દિશાએ આવેલ અધારો – આગ્રાઇ દરવાજાની નજીક ઉંચી શેરી નામનો મહોલ્લો છે. ઉંચી શેરીની સામે જ પંચાસરનો પાડો આવેલો છે. પંચાસરવાડા પાસે ઓસવાળનો મહોલ્લો હતો, જે આજે જોવા મળતો નથી. આજે 'સરા'ના નામે ઓળખાતો મોટો મહોલ્લો પ્રાચીનકાળમાં 'ખારીવાવ' ના નામે જાણીતો હતો. ચિંતામણી નામનો પાડો જૂના કાળમાં બારોટ સા. ની વાવની આસપાસ હતો, જે આજે નામશેષ થયો છે. ' ખરાકોટડી' એ નવા વસેલા પાટણ શહેરનો પ્રાચીન મહોલ્લો છે. પાટણના મહોલ્લા ઉપર પ્રકાશ પાડતાં પ્રા. મુકુન્દભાઇ બ્રહ્મક્ષત્રિય નોંધે છે કે પાટણના મહોલ્લા-વાડા, પાડા, પોળ, શેરી, ખડકી કે માઢના નામથી ઓળખાય છે. પાડો શબ્દ સંસ્કૃત 'પાટક' નામ પરથી અને વાડો શબ્દ સંસ્કૃત 'વાટક' પરથી આવેલ છે. પાટકનો અર્થ ગામનો એક ભાગ થાય છે. જ્યારે પાટણ વસ્તુ હશે ત્યારે જુદા-જુદા લોક સમૂહને જમીનના પ્લોટ આપવામાં આવેલા તે પાટક કહેવાતા હશે. તેમાં વાળ બાંધીને તેના પેટા ટુકડા પાડેલા તે વાટક કહેવાતા હશે. પાછળથી આ પાટક અને વાટકનો અપભ્રંશ થઇ પાડા અને વાડા થયું હશે.

પાટણમાં કેટલાક મહોલ્લા અને પોળોના નામ અમુક જ્ઞાતિ ઉપરથી પડેલા જોવા મળે છે. આ મહોલ્લાઓમાં નામવાળી જ્ઞાતિના બધા અથવા વધારે ઘર હશે જેવા કે, બ્રાહ્મણ વાડો, ઘાંચીની શેરી, ભાટિયા વાડો, ગોલવાડ, નાગરવાડો, ગુર્જર વાડો, કંપાણી વાડો, રંગરેજનો મહોલ્લો, ટાંક (રાજપૂતની અટક) વાડો, લખિયાર વાડો, દિશાવળની ખડકી, બારોટવાસ, વણકરવાસ, મુલ્લાવાડ, સોનીવાડો, લુહારચાલ, ઠાકોરવાસ, ખત્રીનો મહોલ્લો, ગાંધીની ખડકી વગેરે. જ્યારે કેટલાક મહોલ્લાના નામો દેવીનું મંદિર કે જિનાલય આવેલું હોય તેના પરથી પણ પડ્યા છે, જેમકે રઘુનાથજીનો પાડો, નારણજીનો પાડો, મહાલક્ષ્મીનો પાડો, બહુચરાજીનો પાડો, ગિરધારી પાડો, પાન- શ્યામજીનો પાડો, ઋષિકૃષ્ણનો પાડો, વાયુદેવતાની પોળ, વાઘવાણી માતાનો પાડો, ખેતરપાળનો પાડો, વહેરાઇ ચકલો, લોટેશ્વર ચોક, શાંતિનાથની પોળ, પંચાસરા મહોલ્લો, ગણપતિની પોળ, મહાદેવનો વાળો ઇત્યાદિ.

પાટણના ઘણા મહોલ્લાઓના નામ અટક પરથી પડ્યાં છે. અટકવાળા ઘણા કુટુંબો ત્યાં રહેતા હશે અથવા કોઇ અગ્રણી વ્યક્તિની માત્ર અટક ઉપરથી પોળનું નામ આપવામાં આવ્યું હશે. દા.ત. પંચોલી વાડો, દવેનો પાડો, શાહનો પાડો-શાહવાડો, મહેતાનો પાડો, ઝાનો પાડો, મોદીની ખડકી, રંગરેજની ખડકી, ખોખાની ખડકી (સોનીનું એક કુટુંબ ખોખાવાળા કહેવાય છે) ચિતારાની ખડકી, કંદોઇની ખડકી વગેરે. કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના નામ પરથી પણ અહીંના મહોલ્લાના નામો પડ્યાનું જોઇ શકાય છે. જે માણસે આગેવાની લઇ મહોલ્લા, પોળ વસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હોય એ માણસનું નામ વાડા, પાડા કે મહોલ્લા સાથે જોડીને તેની સ્મૃતિને આ રીતે અમર બનાવવાનું જોઇ શકાય છે. જેમકે કનાશાનો પાડો અર્થાત કનૈયાલાલ શાહનો મહોલ્લો. ગોદડનો પાડો અર્થાત ગોદડ શેઠનો પાડો, લાલા પટેલનો માઢ, ચતુર્ભુજની ખડકી, ભાલણ કવિની ખડકી, કાળુ ચોપદારની ખડકી, ઉમેદ પટેલનો માઢ, ભાભાનો પાડો, રામલાલ મોદીની ખડકી, કોકાનો પાડો, માંકા મહેતાનો પાડો, જે આજે ડંખ મહેતાના પાડા તરીકે ઓળખાય છે, કપૂર મહેતાનો પાડો, ભલાવૈધનો પાડો વગેરે.

પાટણના કેટલાક મહોલ્લાની શેરીઓના નામો તેના આકાર-પ્રકાર પરથી પડેલા જણાય છે. ઉ.ત. સાંકડી શેરી, ઉંચી શેરી, ઢાળની પોળ, ઉંચી પોળ, ત્રિશેરીયું અર્થાત ત્રણ શેરીનો ત્રિભેટો, વચલી શેરી, ઝાંપાની ખડકી વગેરે. આ ઉપરાંત કેટલાક મહોલ્લા અને પોળોના નામો ઝાડના નામ સાથે જોડાયેલા છે, જેમકે આંબલીની પોળ, વરખડીની પોળ, ખીજડાનો પાડો, ખજૂરીની પોળ, લીમડીનો પાડો, પીપળા શેરી, ગુંદીની પોળ, પડીગુંદીનો પાડો, પેન્પરીયા વાસ, વડવાળો ખાંચો વગેરે, જ્યારે કેટલાક શેરીના નામો અંદર આવેલા મોટા વૃક્ષ પરથી પડ્યાં છે.






વાડા-પાડાના નામોમાં કેટકેટલું વૈવિધ્ય છે? કેટલાંક નામો વ્યાપાર વાણિજ્ય પરથી પણ આવ્યા છે. વેપારીઓ જે ચીજવસ્તુઓનો વેપાર કરતા હોય તે પરથી આવેલા નામો જુઓ: ફોફળિયા વાડો – ફોફળ એટલે સોપારીના વેપારી, દોશી વાડો - દોશી એટલે કાપડિયા, સુખડીવટ – કંદોઇઓ, દોશીવટ, ઘીઆનો પાડો, દાળિયાનો પાડો - દાળના વેપારી, કપાસી પાડો, સરવૈયા વાડો, મણીયાતી પાડો, હાથીદાંતના વેપારી, કુંભારીયા પાડો, ચોખાવટીઓનો પાડો, દરજીની શેરી, કટકિયા વાડો- લશ્કરનો સરંજામ વેચતા કટકિયા. ઝવેરીવાળો સુતર સાંત વગેરે. કારીગરોનાં વસવાટ ઉપરથી પણ કેટલાક મહોલ્લાઓ ઓળખાય છે,

જેમકે ચિતારાની ખડકી - છુવારા ભાઇઓ ભીંતો ઉપર ચિત્ર દોરવાનું કામ કરતા (કચ્છ-સૌરાષ્ટ્રમાં એને કમાંગરો કહે છે), જડિયાની ખડકી - જડિયા સોની જડતરનું કામ કરતા., ખાપરાની પોળ ખાપ-આભણનું મીનાકારી કામ કરનાર કારીગર, લખિયાર વાડો – લોખનું કામ કરનારા લખીયારા. રસણીયા વાડો, ઢાલગરાની પોળ – ઢાલ બનાવનાર કારીગરોની વસાહત. ખરાદી - સુથાર વાડો, સાબલી વાડો - પાટણના પટોળા વણનારા સાબલી કારીગરો. ભંડારી પાડો, રંગારાનો મહોલ્લો, સુતર સાંત વગેરે. પશુ-પક્ષીઓના નામ સાથે જોડાયેલા મહોલ્લાઓ પણ પાટણમાં હતા. દા.ત. હાથીવાડો, ઊંટવાડો. આ જગ્યાએ ભાડાના હાથી, ઊંટ વગેરે બાંધવામાં આવતા હશે. વાગોળ (વડવાંગણ)નો પાડો, લાવરીની ખડકી, આવા નામ પડવાનું કારણ જૂના કાળે કોઈ મહોલ્લા કે પોળોમાં વાગોળો કે લાવરી પક્ષી રહેતા હશે? મોરવાડો અને કાગડાની ખડકી પણ છે. કેટલાક માણસોની અટક આવી હોવાનું સંભવિત છે; જેમકે આજે હાથી અટક, માંકડ અટકની જ્ઞાતિઓ છે અથવા કોઇની ખીજ પાડી હોય! મુકુન્દભાઇ બ્રહ્મક્ષત્રિય નોંધે છે કે, અમારા એક શિક્ષક 'ખિસકોલી'ના નામથી જ ઓળખાતા. આજે પણ પાટણમાં કેટલાક લોકો વાંદરા કે કાગડાના ઉપનામથી ઓળખાય છે.

પાટણમાં એવા કેટલાક મહોલ્લા-પોળો છે, જેના નામ સ્થળના નામ પરથી પડ્યાં છે. જેમકે નાનીસરાઇ, મોટીસરાઇ એટલે કે ધર્મશાળા. અગાઉ કદાચ ત્યાં ધર્મશાળા હશે. નિશાળનો પાડો, ચીમની ચોક, જળ ચોક, ઝીણી રેત, મલ્લાત વાડો, લાખુ પાડ, ગોર સ્થાનની ખડકી, દુકાળ કોટડી, નાગમઢ, ખેતરવસી, ખડા કોટડી, ખારીવાવ, યુવરાજ વાડો, રાજવાડો - હાલનો રાજકાવાડો, ભદ્ર ઇત્યાદિ. વળી કેટલાક નામો વર્ગીકરણમાં ન આવે એવા છે, કેટલાક અપભ્રંશ થઇ ગયા છે, કેટલાક આશ્ચર્ય પમાડે એવા છે. જેમકે ઢંઢેરા વાડો, સાગોટા, ભેંસાત વાડો, ટાંગડીયા વાડો, વસ્ત્રા વાડો. આ બધાની માહિતી પ્રાચીન ગીરો દસ્તાવેજો, વેચાણખતો, શિલાલેખો, તામ્રપત્ર કે અભિલેખોમાંય મળતી નથી. પ્રાચીન જૈન દેરાસરોની ચૈત્ય પરિપાટીમાં ઉપર જણાવેલ ઘણા મહોલ્લા કે વાડા, પાડાનું આજે પાટણમાં અસ્તિત્વ જ નથી. પાટણના વાડા-પાડાની આવી વિરાસત પરંપરાથી જળવાઈ રહી છે.

(લેખક વાર્તાકાર, સંશોધક, સંપાદક અને લોક કલાના પ્રચારક તથા પદ્મશ્રી છે)

રાણી નાયિકાદેવી - અણહિલવાડ પાટણ



- આલોક કુમાર પાંડે IAS

મહંમદ ઘોરીનો જન્મ આજના અફઘાનિસ્તાન માં ઈ.સ. ૧૧૪૭ ની આસપાસ થયો હતો. બાળપણથીજ તે ઘણો ક્રૂર અને વિશ્વ વિજયી કલ્પના કરવા માટે ઘણો જ આતુર રહેતો. આ જ ક્રમમાં જયારે તે ૨૬-૨૭ વર્ષનો થયો ત્યારે તે ભારત તરફ આગળ વધે છે. ઘણા ઓછા લોકોને ખબર હશે કે તેણે ભારત તરફ કૂચ દિલ્લીના રસ્તે નહિ પરંતુ મુલતાન, સિંધ અને ગુજરાતના રસ્તે કરી હતી. એ સમયે સિંધ મુસ્લિમ શાશન હેઠળ આવી ચૂક્યું હતું અને એટલે જ મહંમદ ઘોરીને ભારત પર કૂચ કરવાનો આ રસ્તો સરળ લાગ્યો. ઈ.સ. 1175માં તેણે મુલતાન ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને તેના બીજા જ વર્ષે ઈ.સ. 1176માં તેણે ઉચ્ચના કિલ્લા પર ચઢાઈ કરી, જે ગુજરાતના કચ્છના ઉત્તર તરફ આવેલો હતો તેના પર તે વિજય પ્રાપ્ત કરી ગુજરાત તરફ આગળ વધવાનું ચાલુ કર્યું.

ગુજરાતને જીતવા માટે તેની પાસે મહત્વના બે કારણો હતા.

1. ગુજરાતની સમૃદ્ધિ અને 2. એ સમયનું ગુજરાતનું રાજકીય વાતાવરણ.

ગુજરાતનો જે સમુદ્રી તટ હતો, તેના દ્વારા તે ભારતના પશ્ચિમી દેશો સાથે ચાલતા વ્યાપારને પોતાના હસ્તક કરવા માંગતો હતો. જેનાથી વિદેશોથી આવતો માલ સામાન અને વિદેશી મુદ્રાઓ તથા સોના ચાંદીનો ખજાનો તેને મળી શકે. ગુજરાતના રાજનીતિક વાતાવરણમાં એ સમયે ગુજરાતનું જે શાશન હતું તેની રાજધાની અણહિલવાડ પાટણ હતી, કે જે વર્તમાન પાટણ ની આસપાસ છે. આ સમયે અહીં સોલંકી - ચાલુક્ય વંશનું સામ્રાજ્ય હતું. અણહિલવાડ પાટણમાં જે શાશન કરતા હતા તે રાણી નાયિકાદેવી હતા, જેઓ એક વિધવા હતા અને ગોવા ના કદંબ વંશની રાજકુમારી હતા. તેમના વિવાહ ચાલુક્ય રાજા અજયપાલ સાથે થયા હતા. રાજા અજયપાલની અસામાયિક મૃત્યુ થઇ જાય છે, તે સમયે તેમને મૂળરાજ નામક એક પુત્ર હતો જે ૬-૭ વર્ષની ઉંમરનો હતો. મૂળરાજની સંરક્ષિકા બનીને તેઓ આખા ગુજરાતમાં આવેલ સોલંકી ચાલુક્ય વંશનું ખુબ જ કુશળતાથી પ્રશાશન ચલાવી રહ્યા હતા. રાણી ન માત્ર શાશન ચલાવી રહ્યા હતા, પરંતુ વ્યાપાર અને વાણિજ્ય ને પણ આગળ વધારી રહ્યા હતા અને ધર્મ - સંસ્કૃતિ અને શિક્ષા જેવા ક્ષેત્રો માં પણ તેઓ કુશળતાથી આગળ વધી રહ્યા હતા. ઉપરાંત આ સમયે અણહિલવાડ પાટણને વિદ્યાની નગરી પણ કહેવામાં આવતી હતી, ત્યારે સનાતન હિન્દુ ધર્મ સાથે જૈન અને બૌદ્ધ ધર્મ પણ ઘણી જ પ્રફુલ્લિત અવસ્થામાં એકબીજા સાથે હળીમળીને કામ કરતા હતા.

મહંમદ ઘોરીનો હુમલો ગુજરાત પર થાય છે અને તે આજના માઉન્ટ આબુના દક્ષિણ ભાગમાં પોતાની ભવ્ય સેના લઈને પહોંચે છે. ત્યારે તે રાણી નાયિકા દેવીની સામે ૩ શરતો રાખે છે, ૧. રાણી નાયિકા દેવી વિધવા હતા એટલે તેઓ મહંમદ ઘોરી સાથે નિકાહ કરીને તેમની બેગમ બની જાય, અને તેના હરમમાં આવી જાય. ૨. આખા ગુજરાત માં પોતાનું શાશન હોય, એટલે તે ગુજરાત ના રાજદંડ ને નિભાવી, જે પણ કર વેરો આવે છે તે વસૂલી શકે. અને ૩. ગુજરાત નો પૂરો ભાગ ઇસ્લામિક સ્ટેટ માં પરિવર્તિત થઇ જાય.



રાણી નાયિકા દેવી આત્મ ગૌરવ અને આત્મ સન્માન નું સંરક્ષણ કરવાવાળા રાણી હતા, એટલે તેમણે તેની સાથે યુધ્ધ કરવાનો નિર્ણય કર્યો. ભારતમાં આપણે જોયું છે કે જ્યારે પણ કેટલાક વિદેશી શાસકોએ આપણા પર હુમલો કર્યો છે, ત્યારે આપણા રાજાઓની યુધ્ધ નીતિ તે સંરક્ષણ ની નીતિ વાળી હતી, તેની વિપરીત રાણી નાયિકા દેવી એ હુમલો કરવાની નીતિ ને રચીને તેમની સેના, જેમાં સામંતોની સેના પણ હતી તેને લઈને માઉન્ટ આબુ પાસે આવીને હુમલો કર્યો. અહીં, અણહિલવાડ પાટણ માઉન્ટ આબુથી આશરે ૪૦ કિમી દૂર સ્થિત હતી અને એટલે રાણી એ હુમલો કરવાની રચના ઘડી, તેમાં મુખ્ય કારણ તેમની સેના હતી, જેમાં સામંતો અને તેમના સેનાપતિઓ આ વિસ્તારની ભૌગોલિક રચના થી પરિચિત હતા, અહીંના જંગલ અને અરવલ્લી ની ગિરિમાળાઓ થી ખૂબ જે પરિચિત હોવાને લીધે તેઓ ખૂબ જ સારી સ્થિતિ માં આવી જતા હતા, અહી એક ભયાનક યુધ્ધ ખેલાય છે અને આ યુધ્ધ કયાદરના યુધ્ધ ના નામે ઓળખાય છે.

જેમાં અહી જણાવી રહ્યા છે એ પ્રમાણે આ યુધ્ધ ખૂબ જ ઓછું જાણીતું છે, અને એના વિશે આપણને ઇતિહાસના પુસ્તકોમાં જોવા મળતું નથી. આ યુદ્ધ એક દિવસીય પરંતુ ખૂબ જ ભયાનક યુધ્ધ થયું હતું, અને એક પૂરા દિવસ ચાલેલા યુધ્ધ માં બે મહાન સામરિક શક્તિઓ વચ્ચે લડાઇ ચાલી રહી હતી. અહીં રાણીની સેનાને અહીંના ભૌગોલિક વિસ્તારથી પરિચિત હોવાને લીધે તે દરેક તરફથી ઘોરીની સેના પર હુમલો કરી રહી હતી, અને ચાર પાંચ કલાકમાં ઘોરીને પ્રતીત થઇ ગયું હતું કે તે આ યુધ્ધમાં જીતી શકશે નહિ, એટલે તેની સેના પીછે હઠ કરી રહી હતી, આ યુધ્ધમાં રાણી નાયિકા દેવી સૈન્ય પરિવેશમાં યુદ્ધનું સંચાલન કરી રહ્યા હતા અને તેમના સેનાપતિઓ ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ ચારેય દિશાઓથી મહંમદ ઘોરી પર હુમલો કરી રહ્યા હતા.

આ દરમિયાન પીછે હઠ કરી રહેલી સેના નો રાણી નાયિકા દેવી એ પીછો કર્યો અને લોકોક્તિ પ્રમાણે અને આગળ જતાં ઐતિહાસિક પુરાવાઓ ના આધાર પર એવું કહેવાય છે કે રાણી નાયિકા દેવી અથવા તેમના કોઇ સેનાપતિ એ ઘોરી ના કમરના નીચેના ભાગ પર એવી રીતે હુમલો કર્યો કે ઘોરી નું પુરુષત્વ સમાપ્ત થઇ ગયુ, તે આજીવન નપુંસક તરીકે જીવિત રહ્યો.

આગળ જઇને ઐતિહાસિક પુરાવાઓ ના આધાર પ્રમાણે ઘોરી એ કોઈની સાથે વિવાહ નથી કર્યાં, અને તેને કોઇ બેગમ નહતી અને તેણે કોઈપણ પુત્રને કોઇ રાજ્યની ગાદી સોંપી હોય તેવા પુરાવાઓ મળતા નથી.. અને દિલ્લીના સામ્રાજ્ય નું શાશન હતું તે પણ તેણે એક ગુલામ કુતબુદ્દીન ઐબક ને સોંપ્યું હતું. આ યુધ્ધ માં એક વિધવા રાણી એ, એક મહિલા એ ઘણી કુશળતાથી યુદ્ધનું સંચાલન કર્યું અને મહંમદ ઘોરી જેવા વ્યક્તિને હરાવ્યો એ એક ઉલ્લેખનીય ઉદાહરણ છે ભારતના ઇતિહાસમાં. અને આ યુદ્ધની એક મહત્વની બાબત એ પણ છે કે મહંમદ ઘોરી એ ઈ. સ. ૧૧૭૮ થી ૧૧૯૧ સુધી લગભગ ૧૫-૧૬ વર્ષ સુધી ભારત પર આક્રમણ કરવાનો વિચાર સુદ્ધાં કર્યો નહિ, એ માત્ર રાણી નાયિકા દેવી ને કારણે, અને ૧૫-૧૬ વર્ષ પછી જ્યારે રાણી નાયિકા દેવી હયાત ન હતા ત્યારબાદ તેણે ભારત પર હુમલો કર્યો અને તે પણ ગુજરાતના રસ્તે નહિ પરંતુ, તેણે ભારતની ઉત્તર તરફથી ક્રોસ કરીને દિલ્લી તરફ પૃથ્વીરાજ ચૌહાણ પર આક્રમણ કર્યું.

આ પરથી પ્રમાણિત થાય છે કે રાણી નાયિકા દેવી એ ઘોરી પર યુદ્ધની પૃષ્ઠ ભૂમિ અને તેની અમીટ છાપ તેના મનમાં છોડી હતી. પરંતુ, આપણને કોઇ પણ ઇતિહાસના પુસ્તકોમાં રાણી નાયિકા દેવી વિશે લખેલું જોવા નહિ મળે, તદ્દુપરાંત આપણને શાળા અને કોલેજોમાં પણ તેના વિશે ભણાવવામાં આવતું નથી. કોઇ પણ સિનેમા ના ડાયરેક્ટર દ્વારા તેમના પર ફિલ્મ બનાવવાનું વિચાર્યું નથી, કોઇ પણ નાટક માં પણ તેમના વિશે આપણે જોયું નથી, આપણાં માતાપિતા અને શિક્ષક પણ તેમના વિશે નથી જાણતા, જે આપણી આવનારી પેઢીઓને હસ્તાંતરિત કરી શકે. માત્ર ગુજરાતના એક નાનકડા જિલ્લામાં રાણી નાયિકા દેવીનું નામ જાણીતું છે.

હું આપ સૌને નમ્ર વિનંતી કરું છું કે આવા અજાણ્યા યુધ્ધ વિશે આપણી યુવા પેઢીને અવગત કરીએ તો જ તેમનામાં સ્વાભિમાનની ભાવના જાગશે.

(લેખક ગુજરાત પ્રવાસન નિગમ લિ. ના મેનેજીંગ ડીરેક્ટર છે.)

TEEN DARWAZA



CHINDIYA DARWAZA

HERITAGE WALK STARTING POINT



BUS STAND

ANAND SAROVAR





RAILWAY STATION

SH-7

અણહિલ યાત્રા

:: અણહિલ

ગુજરાતનું




વીર વનરાજસિંહ ચાવડા

નગ
વા
સર
ભા
તર
જા
સમ
ચા
રજ
બદ

બન
પર
વિ
મહ
સા
કુમ
30
પણ
સા
'પા
નગ
નામ
સમ


અણહિલપુર-પાટણનું નામ ગુજરાતના સામ્રાજ્યનો
ભરવાડ અણહિલના નામ પરથી પડ્યું હોવાનું કહેવ
અણહિલ ભરવાડે બતાવેલી જગાએ વનરાજ ચાવડ
કલ્યાણના રાજા ભુવડને હાથે યુદ્ધમાં મૃત્યુ થયા પછ
ઉછેર્યો. વનરાજે પછી ટોળી જમાવીને રાજ્યની સ્થાપન


2


3


4


5



લવાડ પાટણ ::


નું પ્રથમ પાટનગર

ગુજરાતના સુવર્ણયુગ સાથે સોલંકી રાજવીઓની રાજધાનીનું આ નગર - પાટણ એક કાળે વિસ્તારમાં અને વૈભવમાં, શોભામાં અને સમૃદ્ધિમાં, વાણિજ્યમાં, વીરતામાં ને વિદ્યામાં, તે કાળની ધારા-અવંતી જેવી શ્રી, સરસ્વતી અને સંસ્કારલક્ષ્મીથી સમૃદ્ધ નગરીઓની સ્પર્ધા કરતું તે ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતું. ગુજરાતની સત્તાના તેમ જ ગૂર્જર સંસ્કૃતિના કેન્દ્ર તરીકે આજની વાત જુદી છે. મહાકાળ જાય છે અને જતાં જતાં તે ઉત્પાત કરતો જાય છે. સરસ્વતીનદીને તટે વસેલું આ એક વખતનું મહાનગર પાટણ એક સમયે ગુજરાતની રાજધાની હતું. ઈ.સ.૭૪૬થી વનરાજ ચાવડાના સમયથી તે ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ અને સોલંકીયુગના બલકે ગુજરાતની રજપૂત સત્તાના અંત સુધી વાઘેલાઓ વગેરેએ વચ્ચેવચ્ચે અન્ય સ્થળો બદલ્યાં છતાં પાટણ જ ગુજરાતની વાસ્તવિક રાજધાની રહ્યું હતું.

ગુજરાતને 'ગુજરાત' નામ મળ્યા પછી પાટણ તેનું પહેલું પાટનગર બન્યું. પાટણ તેની સ્થાપના બાદ 14મી સદી સુધીનાં લગભગ ૬૫૦થી વધુ વર્ષ પર્યંત ગુજરાતનું પાટનગર રહેલું, એટલું જ નહિ, તે ગુજરાતનું રાજકીય અને વિદ્યાકીય ઉપરાંત સંસ્કૃતિનું કેન્દ્ર પણ હતું. સહસ્રલિંગતળાવને કાંઠે અનેક મઠો અને પાઠશાળાઓ હતાં. રાજસ્થાન, સિંધ, માળવા અને ઉત્તર ભારતના સાર્થવાહોના માર્ગોનું તે કેન્દ્ર રહેલું. ભીમદેવ પહેલો, કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાળના શાસન દરમ્યાન તે સમૃદ્ધિની ટોચે હતું, ત્યારે પાટણનો ઘેરાવો 30 કિમી. જેટલો હતો. 84 ચૌટાં અને 84 ચોક હતા. તે વખતે પાટણની વસ્તી પણ ઘણી હતી.પાટણ એટલે સંસ્કૃતમાં 'પત્તન - શહેર'. આમ, પાટણ એ સામાન્ય શહેરવાચક નામ છે. ગુજરાતમાં અન્ય સ્થળોનાં નામ સાથે પણ 'પાટણ' શબ્દ શહેરવાચક તરીકે જોડાયેલો છે - જેમકે પ્રભાસ-પાટણ. આથી નગરીવિશેષનું નામ પાટણ સાથે જોડાય છે તે રીતે 'પાટણ' રાજધાનીનું પૂરું નામ અણહિલપુર-પાટણ છે. પણ હવે 'પાટણ' એટલે અણહિલપુર-પાટણ જ સમજાય છે, કારણ કે તે સૌથી મહત્ત્વનું પાટણ હતું.

નો પાયો નાખનાર ગણાતા વનરાજ ચાવડાના બાળમિત્ર અને સહાયક હેવાય છે. અનુશ્રુતિ પ્રમાણે વિ.સં. ૮૦૨ (ઈ.સ. ૭૪૬, ૨૮ માર્ચ)ના દિવસે ાવડાએ આ શહેરની સ્થાપના કરી હતી. પંચાસરના રાજા જયશિખરીનું પછી બાળ વનરાજને મામા સુરપાળ અને તેની માતા રાણી રૂપસુંદરીએ ાપના કરી અને અણહિલપુર-પાટણ વસાવ્યું.
















અભિલેખોમાં પાટણ



- ડૉ. ભારતી શેલત

ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ સોલંકીકાળ એ પ્રાચીન ગુજરાતના ઇતિહાસનો સૌથી જ્વલંત કાળ છે, આથી એ ગુજરાતના ઇતિહાસમાં "સુવર્ણકાળ" તરીકે પ્રસિદ્ધ છે. આ કાળમાં ગુજરાતનું સહુથી પ્રબળ અને પ્રતાપી રાજ્ય સોલંકી વંશનું હતું, જેનું પાટનગર અણહિલવાડ પાટણ હતું. એ પહેલાં એ ચાવડા રાજાઓનું પણ પાટનગર હતું. સલ્તનત કાળ દરમ્યાન ઇ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના થઇ. ત્યાં સુધી પાટણ ગુજરાતની રાજધાની રહ્યું. આમ લગભગ પાંચ સદીઓ સુધી આ નગર ગુજરાતનું રાજકીય, વેપારી અને સાંસ્કૃતિક કેન્દ્ર રહ્યું હતું.

સંસ્કૃત સાહિત્યમાં પાટણનું પ્રાચીન નામ **अणहिलपाटक, अणहिलपत्तन, अणहिलपुर, अणहिलवाड़ पत्तन, पत्तन** ઇત્યાદિ મળે છે. મુસ્લિમ લેખકોએ પાટણને 'નહરવાલ' કહ્યું છે. ફારસી શિલાલેખોમાં 'નહરવાલ' નામ જોવા મળે છે.

અણહિલવાડ પાટણના ચાવડા રાજાઓનો સહુ પ્રથમ ઉલ્લેખ કુમારપાલના વિ.સં. ૧૨૦૮ (ઇ.સ. ૧૧૫૨)ના વડનગર શિલાલેખમાં મળે છે; જ્યારે અણહિલવાડના ચાવડા વંશના પ્રથમ રાજા વનરાજનો નિર્દેશ હરિભદ્રસૂરિના 'નેમિનાથ ચરિય' નામના અપભ્રંશ કાવ્યની પુષ્પિકા (વિ.સં. ૧૨૧૬-ઇ.સ. ૧૧૬૦) માં મળે છે. યશઃપાલના 'મોહરાજ પરાજય' સંસ્કૃત નાટકમાં વનરાજ અને ચાવડાઓનો ઉલ્લેખ છે. હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય કાવ્ય પરની અભયતિલકગણની ટીકા (વિ.સ.૧૩૧૨- ઇ.સ. ૧૨૫૬)માં અણહિલ ભરવાડની અનુશ્રુતિ રજૂ કરાઇ છે. 'પ્રબંધ ચિંતામણિ' માં અણહિલવાડ પત્તનની સ્થાપનાથી માંડી વિ.સં. ૧૨૭૭ (ઇ.સ. ૧૨૨૧) સુધીના ઇતિહાસનો કાલક્રમ જણાવ્યો છે.

ભાટચારણોની પરંપરા અનુસાર ઉત્તરકાલીન ગ્રંથોમાં નિરૂપાયેલ ચાપોત્કટ (ચાવડા) વંશ પંચાસરમાં શાસન કરતો. એનો રાજા જયશિખરી કનોજના રાજા ભુવડના હાથે મરાયો. પંચાસરનું પતન વિ.સં. ૭૫૨ (ઇ.સ. ૬૯૬)માં થયું હોવાનું જણાય છે. વિધવા રાણી રૂપસુંદરીએ એ જ વર્ષે બાળકને વનમાં જન્મ આપ્યો જેનું નામ વનરાજ રખાયું. એણે વિ.સં. ૮૦૨ (ઇ.સ. ૭૪૬)માં અણહિલ પાટણમાં રાજધાની સ્થાપી. વિ.સં. ૯૯૮ (ઇ.સ.૯૪૨) સુધી ત્યાં રાજ્ય કર્યું. અણહિલવાડ પાટણમાં ચાવડા વંશની સત્તાનો અંત આવતાં ત્યાં સોલંકી વંશની સત્તા સ્થપાઇ. આ રાજવંશનો સ્થાપક રાજિનો પુત્ર મૂલરાજ સોલંકી હતો. આમ અણહિલવાડના સોલંકી રાજ્યની સ્થાપના ઇ.સ. ૯૪૨માં થઇ.

અભિલેખોમાં પાટણના નિર્દેશ:

સોલંકી વંશના પ્રથમ રાજા મૂલરાજે પોતાના શાસન કાળના ૫૫ વર્ષ દરમ્યાન (વિ.સં. ૯૯૮ થી વિ.સં. ૧૦૫૩) ચાર દાનશાસનો પ્રગટ કર્યાં. એમાં સહુથી પહેલું દાનશાસન વિ.સં. ૧૦૩૦ (ઇ.સ. ૯૭૪)નું પાટણ દાનશાસન` છે. એમાં વચ્છકાચાર્યને ગંભૂતા વિષય (જિલ્લામાં હાલનું ગાંભૂ-જિ. મહેસાણા) ભૂમિદાન કર્યાનો નિર્દેશ છે.

મૂલરાજના કડી તામ્રપત્રો (વિ.સં. ૧૦૪૩, માઘ વદિ ૧૫, રવિ- ૨ જાન્યુ. ઇ.સ. ૯૮૭)માં વધિ વિષયમાં આવેલ મંડલી (હાલનું માંડલ, તા. વિરમગામ)માં મૂલનાથ દેવના મંદિરને કંબોઇકા (હાલનું કંબોઇ - મોઢેરા નજીક) ગામનું દાન કર્યાનો નિર્દેશ છે. દાનશાસન અણહિલ પાટકમાંથી ફરમાવવામાં આવ્યું હતું. એના બાલેરાનાં વિ.સં. ૧૦૫૧, માઘ સુદિ ૧૫ (જાન્યુ, ઇ.સ. ૯૯૫)નાં તામ્રપત્રોમાં કાન્યુકુબ્જથી આવેલા દુર્લભાચાર્યના પુત્ર દીર્ઘાચાર્યને ચંદ્રગ્રહણના દિવસે સત્યપુર મંડલ (સાંચોર-જોધપુર)નું વરણક ગ્રામ દાનમાં આપ્યાનો નિર્દેશ છે. દાન અણહિલ પાટકમાંથી ફરમાવવામાં આવ્યું હતું. સોલંકી રાજા ભીમદેવ ૧લાના વિ.સં. ૧૦૮૬, કાર્તિક સુદિ ૧૫ (૨૫ ઓકટો., ઇ.સ. ૧૦૨૯)ના રાધનપુર તામ્રપત્રોમાં અણહિલ પાટકમાં નિવાસ કરતા રામ ભીમદેવે કચ્છના નવણીસક ગામમાંથી આવેલા અચાર્ય મંગલ શિવના પુત્ર ભટ્ટારક અજપાલને મસૂરા ગ્રામ દાનમાં આપ્યું હોવાનું જણાવ્યું છે. આજ રાજાના વિ.સં. ૧૦૮૬, વૈશાખ શુદિ ૧૫ (૨૦ એપ્રિલ, ઇ.સ. ૧૦૩૦)નાં તામ્રપત્રોમાં ઔદિચ્ય બ્રાહ્મણ બલભદ્રના દીકરા વાસુદેવને મુંડક ગામની ઉત્તર દિશામાં ૧ હલવાહ (હળથી ખેડી શકાય તેટલી) જમીન દાનમાં આપ્યાનો નિર્દેશ છે.

કર્ણદેવ ૧લાના વિ.સં. ૧૧૪૮, વૈશાખ સુદ ૧૫ સોમ (૨૫ એપ્રિલ, ઇ.સ. ૧૦૯૨)ના સૂનક (ઉ.ગુજરાત)ના તામ્રપત્રોમાં 'ઠક્કુર મહાદેવ સૂનક (ગામ : સુણોક, તા. ઊંઝા, જિ. મહેસાણા) ગામમાં વાવ બાંધાવ્યાનો ઉલ્લેખ છે.

સિદ્ધરાજ જયસિંહ (ઇ.સ. ૧૦૯૪- ૧૧૪૨)સોલંકી વંશનો મહાપ્રતાપી રાજા હતો. વિ.સં. ૧૧૫૬ (ઇ.સ. ૧૧૦૦)માં ગંભૂતા પથક-૧૪૪માં આવેલ ભૂમિનું દાન જૈન મંદિરને કર્યું હોવાનો ઉલ્લેખ સિદ્ધરાજ જયસિંહના લાડોલ તામ્રપત્રોમાં આવે છે. હેમચંદ્રાચાર્યના 'દ્વયાશ્રય' કાવ્યમાં સિદ્ધરાજે બંધાવેલ સહસ્રલિંગ મહાસરોવરના કાંઠે ૧૦૦૮ શિવમંદિર, ૧૦૮ દેવી મંદિર અને એક દશાવતારનું મંદિર હોવાનું જણાવ્યું છે. એના કાંઠે સૂર્ય, ગણેશ, કાર્તિક વગેરે બીજા દેવોની દેરીઓ પણ હતી. સરોવરના મધ્ય ભાગમાં આવેલ બકસ્થળ ઉપર વિંધ્યવાસિની દેવીનું મંદિર હતું અને એ મંદિરે પહોંચવા માટે પથ્થરના પુલની યોજના કરેલી હતી. જળાશયનાં ત્રણ ગરનાળાં ઉપર જલશાયી વિષ્ણુનું મંદિર હતું. દેરીઓમાં વૈષ્ણવ, શૈવ એમ શાકત દેવદેવીઓની મૂર્તિઓ પ્રતિષ્ઠિત હતી. સરોવરના મુખ્ય માર્ગની આગળ ભવ્ય કીર્તિતોરણ આવેલું હતું. આ કીર્તિતોરણના કેટલાક ટુકડા પાટણનાં કેટલાંક ઘરો તથા મસ્જિદોમાં જડાયેલા મળી આવ્યા છે. કવિ શ્રીપાલે આ સરોવરની પ્રશસ્તિ રચી હતી. એ પ્રશસ્તિ અખંડ સ્વરૂપે હાલ ઉપલબ્ધ નથી, પરંતુ પાટણના વિજલકૂવા મહોલ્લાના એક શિવાલયમાં એનો ખંડિત ટુકડો શિલાલેખરૂપે સચવાયેલ છે.' એમાં માત્ર પાંચ જ શ્લોક (નં. ૭૬, ૭૭, ૭૯, ૮૭ ને ૯૦) સચવાયા છે. એમાં સિદ્ધરાજ જયસિંહને પરમેશ્વર બિરુદ મળે છે. આ ખંડિત શિલાલેખનો ટુકડો આ ગ્રંથમાં છાપેલ છે

જયસિંહદેવના દોહદના વિ.સ. ૧૧૯૬ (ઇ.સ. ૧૧૩૯-૪૦ અને વિ.સં. ૧૨૦૨ (ઇ.સ. ૧૧૪૫-૪૬)ના શિલાલેખમાં અણહિલવાડ નગરનું સુંદર વર્ણન મળે છે.

अणहिलपाटकनगर सुरमंदिररुद्धतरणिहयमार्गम् ।
यस्यास्ति राजधानी राज्ञोऽयोध्येव रामस्य ।।

અર્થ : 'સૂર્યના અશ્વોના માર્ગને અવરોધતાં ઊંચા ઊંચા દેવાલયો છે, તે આ અણહિલપાટક નામનું નગર સિદ્ધરાજ જયસિંહની રાજધાની છે, જેમ અયોધ્યા રામની રાજધાની હતી.'

ભીમદેવ ૨જાના પાટણ તામ્રપત્રો(વિ.સં. ૧૨૫૬, ભાદ્રપદ વદ ૧૫, ભૌમ-૨૧ સપ્ટે, ઇ.સ. ૧૧૯૯)માં રાયકવાલ બ્રાહ્મણ જ્યોતિ સોઢલના પુત્ર આસધરને કડા ગ્રામની પૂર્વે મહીસાણા ગામના આનલેશ્વર મંદિરની ભૂમિની બાજુની અને ડાબી તરફ ઉલિ ગ્રામના માર્ગની ચાર હલવાહ ભૂમિ દાનમાં આપી. દાન અણહિલ પાટકમાંથી આપવામાં આવ્યું હતું. એના કડી દાનશાસન (વિ.સં. ૧૨૬૩, શ્રાવણ સુદ ૨, રવિ - ૯ જુલાઇ, ઇ.સ. ૧૨૦૬)માં રાણી લીલાદેવીએ બંધાવેલ ભીમેશ્વર અને લીલેશ્વર મંદિરને તથા તેની પાસેની પ્રપા **(Fountain)** અને સત્રાગાર **(almhouse)** ને ઇન્દિલા ગ્રામ દાનમાં આપ્યું હોવાનું જણાવ્યું છે. ભીમદેવ રાજાના વિ.સં. ૧૨૮૩, કાર્તિક સુદિ ૧૫, ગુરૂવાર (૫ નવે., ઇ.સ. ૧૨૨૬)ના તામ્રપત્રોમાં માંડલના મૂલેશ્વર મહાદેવને તથા મઠના યોગીઓને નિત્યપૂજા અને ભોજન માટે નતોલી ગામ દાનમાં આપ્યું. ટ્રસ્ટીઓમાં માંડલ મઠના સ્થાનપતિ વેદ ગર્ભરાશિ હતા.

ભીમદેવ ૨જાએ અણહિલ પાટકમાંથી વિ.સં. ૧૨૮૮ (૧૨૮૯) ભાદ્રપદ શુદિ-૧, સોમ (૮ ઓગષ્ટ, ઇ.સ. ૧૨૩૩), વિ.સં. ૧૨૯૫, માર્ગ (માઘ) શુદિ ૧૪, ગુરૂપ (૨૦ જાન્યુ., ઇ.સ. ૧૨૩૯) અને વિ.સં. ૧૨૯૬, માર્ગ વદિ ૧૪, રવિવાર (૨૭ નવે., ઇ.સ. ૧૨૩૯)નાં ત્રણ તામ્રપત્રો પગ્રટ કર્યાં. સં. ૧૨૮૮ના દાનશાનસમાં સલખણપુરમાં આનલેશ્વર અને સલખણેશ્વરના મંદિરમાં સ્થાનપતિ વેદગર્ભ રાશિ અને તેના પુત્ર સોમેશ્વરે ભટ્ટારકોના ભોજનાર્થે અને સત્રાગાર માટે. ગામનું દાન અને ૨૦ હલવાહ ભૂમિનું દાન કર્યું.

વિ.સં. ૧૨૯૫ના તામ્રપત્રમાં રાણા વીરમે ઘુસડી (માંડલ નજીક)માં બંધાવેલા વીરમેશ્વર અને સુમલેશ્વરના મંદિરના નિભાવ માટે ઘુસડી ગામમાં પલ્લડિકામાં બે હલવાહ ભૂમિનો એક બાગ દાનમાં આપ્યો. મઠનો સ્થાનપતિ વેદગ ર્ભરાશિ રાજકુલનો ટ્રસ્ટી હતો. સં. ૧૨૯૬ના તામ્રપત્રમાં વીરમે બંધાવેલા વીરમેશ્વર અને સુમલેશ્વરનાં મંદિરોમાં પૂજાર્થે રાજ્યસીયણી ગ્રામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. ત્રિભુવનપાલ દેવના વિ.સં. ૧૨૯૯, ચૈત્ર સુદિ ૬, સોમ (૧૦ માર્ચ, ઇ.સ. ૧૨૪૨)ના કડી તામ્રપત્રમાં રાણા લુણપસાકે તેની માતા રાણી સલખણદેવીના શ્રેય માટે બંધાવેલ સત્રાગારમાં રહેતા કાર્પટિકોના ભોજનાર્થે ભાંષહર (ઊંઝા નજીક) ગામ દાનમાં આપ્યાનું જણાવ્યું છે.

કવિ સોમેશ્વરની આબુની તેજઃપાલ પ્રશસ્તિ (વિ.સં. ૧૨૮૭, ફાલ્ગુન શુદિ ૩, રવિ-૩માર્ચ, ઇ.સ. ૧૨૩૦)માં અણહિલપુર નગરનું સુંદર વર્ણન નીચે પ્રમાણે છે :

अणहिलपुरमस्ति स्वस्तिपात्रं प्रजा [ना-]
जरजित [धतुल्यैः] पा [ल्य] मानं च [लुकयेः] ।
चिरम] तीरमणिनां य [त्र वक्त्रे] दु [मंदी] -
कृत इध [सि] तप क्षप्रक्षये [ड] प्यंधकारः ॥ ३

અર્થાત્: 'પ્રજા સુખનું સ્થાન, અજ, રજિ અને રઘુ જેવા ચૌલુક્ય રાજવીઓથી રક્ષિત અણહિલપુર નગર છે, જ્યાં અત્યંત રમણીય નારીઓના ચંદ્ર સમાન મુખો વડે શુક્લ પક્ષના અંતે પણ અંધકાર મંદ થાય છે. ગિરના વિ.સં. ૧૨૮૮, ફાલ્ગુન શુદિ ૧૦, બુધ (૩ માર્ચ, ઇ.સ. ૧૨૩૨)ના શિલાલેખમાં મંત્રી તેજઃપાલે શત્રુંજય અને અર્બુદ પર્વત ઉપર ઘણાં મંદિરો બંધાવ્યાં અને કેટલાંકનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ અણહિલપુર; ભૃગુપુર (ભરૂચ), સ્તંભનક (થામણા), સ્તંભતીર્થ (ખંભાત), દર્ભાવતી (ડભોઇ), ધવલક્ક, (ધોળકા) અને બીજાં ઘણાં સ્થળોએ મંદિરો બંધાવ્યાં હોવાનો નિર્દેશ છે.

અણહિલ પાટકના વાઘેલા રાજા વીસલદેવના વિ.સં. ૧૩૧૭, લૌકિક જ્યેષ્ઠ વદિ ૪, ગુરુ (૧૯ મે, ઇ.સ. ૧૨૬૧)ના કડી દાનપત્રમાંના ઉલ્લેખ અનુસાર મેહુણા ગામમાં છ હલવાહ જમીન, મંડલીમાં ૧૨ દુકાનો અને રીણસિંહવસણ ગામમાં ૬ હલવાહ જમીન દાનમાં આપી. આ ઉપરાંત રૂપાડપુરમાં વાડી અને પલ્લડિકા, જેને માટે ૧ દામનો કર આપવાનો હતો, એ બધું આ વિર્ધિપથકમાં બલ્લાલનારાયણ અને રૂપનારાયણના મંદિરમાં નિત્યપૂજા અને નૈવૈદ્ય તેમજ મંદિરોના સમારકામ માટે આપવામાં આવ્યું.

વાઘેલા રાજા સારંગદેવના સમયના વિ.સં. ૧૩૪૮, અષાઢ શુદિ ૧૩, રવિ (૨૯ જૂન, ઇ.સ. ૧૨૯૨) ના અનાવડા (પાટણ નજીક) શિલાલેખમાં જણાવ્યા અનુસાર અણહિલપુરમાં રાજ્ય કરતા રાજા સારંગદેવના સમયમાં શ્રીકૃષ્ણની પ્રતિમાની પૂજા, નૈવૈદ્ય તથા નાટ્ય પ્રયોગો માટે દાન આપવામાં આવ્યું હતું. અગાઉ આપેલા દાનમાં ૧૮૦ દ્રમ્મ પ્રતિવર્ષ કાયમને માટે કરણે આપેલા. માંડવીમાંથી ૭૨ દ્રમ્મ હંમેશા માટે તથા ૭૨, ૩૬ અને ૪૮ દ્રમ્મ દરેક અમાસ માટે દેવલ શેઠે પોતાની સિલકમાંથી આપેલા. નવું દાન ગામના પેથડ વગેરે પંચે, પુરોહિત-બ્રાહ્મણોએ, મહાજને, શ્રેષ્ઠી ઠક્કુર, સોની, કંસારા વગેરે વાણિજ્યકોએ અને નાવિકોએ આપેલું. દાનમાં મજીઠની એક ઘડી દીઠ વેચનાર તરફથી ૧/૨ દ્રમ્મ, હીંગની એક ઘડી દીઠ વેચનાર તથા ખરીદનાર તરફથી ૧ દ્રમ્મ આપવાનો. આ લેખ અનુસાર શ્રીકૃષ્ણનું મંદિર સારંગદેવના સમય પહેલાં અસ્તિત્વમાં હોવાનું જણાય છે.

સલ્તનત અને મુઘલ કાળ દરમ્યાન (ઇ.સ. ૧૩૦૪-૧૭૫૮) મુસ્લિમ તવારીખોની જેમ અરબી-ફારસી શિલાલેખો અને સિક્કાઓ મહત્વની સામગ્રી પૂરી પાડે છે. રાજકુલની વ્યક્તિઓ અને અમીરોનાં કાર્યસ્થળ, પદવી, રાજ્ય-પ્રણાલી, તે સમયની કર-પદ્ધતિ, પ્રજાજીવન, સુલેખન શૈલી વગેરેના અભ્યાસ માટે આ સાધનો ખૂબ મહત્વનાં છે. આ સમયના કેટલાક સંસ્કૃત-ગુજરાતી શિલાલેખોમાં અણહિલપુર પાટણ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. ગુજરાતના સુલતાન મહમૂદશાહ ૩જાના સમયના વિ.સં. ૧૫૯૪, શક ૧૪૫૯, માઘ શુદિ ૩, ગુરૂ (૩ જાન્યુ. ઇ.સ. ૧૫૩૮)ના પાટણના શિલાલેખમાં ફુનલ (રુકનુદ્દીન) નામના મુસ્લિમ અધિકારીએ અમીર દરિયાખાનના હુકમથી ધર્મશાળા બંધાવ્યાનો ઉલ્લેખ છે.

પાટણની વાડીપુર પાર્શ્વનાથ પ્રશસ્તિ (વિ.સં. **૧૬૫૨**, વૈશાખ વિંદ **૧૨**, ગુરુ, ઇલાહી સન **૪૧** (**૧૩** મે, ઇ.સ. **૧૫૯૬**)માં જણાવ્યા અનુસાર મુઘલ બાદશાહ અકબરના સમય દરમ્યાન આચાર્ય જિનસિંહ સૂરિના ઉપદેશથી પાટણમાં વાડીપુરમાં ઓસવાલ જ્ઞાતિના રત્નકુંવરજીના ભગિની બાઇ વાછી અને પુત્રી બાઇ જીવણીએ પાર્શ્વનાથ મંદિર બંધાવ્યું હતું. પાટણમાં ફાટીપાળ દરવાજાની બહારના કૂવા નજીક આવેલા હવાડાની પાસેની દીવાલ પર ફારસી અને ગુજરાતી ભાષામાં કોતરેલ શિલાલેખ છે. ગુજરાત શિલાલેખ (વિ.સં. **૧૭૫૧**, શક **૧૬૨૨**, શ્રાવણ સુદિ **૨-૨૬** જુલાઇ, ઇ.સ. **૧૭૦૧**) દેવનાગરીમાં અને ફારસી શિલાલેખ (હિજરી સન **૮૨૧** જિલહિજ્જ, **૨** જો રોજ- **૩૧** ડિસે., ઇ.સ. **૧૪૧૯**) ફારસીમાં કોતરેલો છે.

ફારસી શિલાલેખમાં નહરવાલા (પાટણ)નો કોતવાલ અબ્દુલ્લાઉસ-સુલતાની હતો, જેણે અહમદશાહના સમયમાં, ઢલુ કૂવાનું ખાતમૂહૂર્ત કર્યું હતું. ગુજરાતી શિલાલેખ અનુસાર પ્રસિદ્ધ ઢલુ કૂવો સાળવીઓનો હતો અને ઔરંગઝેબના સમયમાં એનો જીર્ણોદ્ધાર કડિયા લાલ, ભીમ, નરસિંઘ અને પૂંજાએ કર્યો હતો. એ સમયે દરોગા સુલતાની-ઉસ-અબ્દુલ્લા હતો. સંઘવી રિખવ નાનજીએ જીર્ણોદ્ધાર માટે થોડા દોકડા આપ્યા હતા. સાળવીઓના મુખ્ય શેઠ નાથા હીરાશંકર હતા. એમાં સાળવીઓ બારીક પટોળા બનાવવામાં કુશળ કારીગરો હોવાનો ઉલ્લેખ છે.

પ્રતિમા લેખો :

પાટણના પંચાસરા પાર્શ્વનાથ મંદિરમાંથી આચાર્યો, સૂરિઓ કે શ્રાવકોની આરસની પ્રતિમાઓ પરના લેખો પ્રાપ્ત થયા છે. એમાં તપા ગચ્છના આચાર્ય હીરવિજયસૂરિની પ્રતિમા પર વિ.સં. **૧૬૬૨**, વૈશાખ શુદિ **૧૫**, સોમ (**૧૨** મે, ઇ.સ. **૧૬૦૩**)નો લેખ કોતરેલો છે, જેમાં દોશી શંકર અને એની પત્ની વહલીએ બાદશાહ અકબરના શાસનકાળ દરમ્યાન કુટુંબના શ્રેય માટે પ્રતિમા કરાવ્યાનો ઉલ્લેખ છે. દાતા પાટણ નિવાસી હતા અને પાટણની વૃદ્ધશાખીય પ્રાગ્વાટ જ્ઞાતિના હતા. આચાર્ય વિજયસેન સૂરિ અને આચાર્ય વિયદેવ સૂરિની પ્રતિમાઓ પર વિ.સં. **૧૬૬૪**, ફાલ્ગુન શુદિ ૮, શનિ (**૧૩** ફેબ્રુ, ઇ.સ. **૧૬૦૮**)ના લેખોમાં શ્રાવક દોશી શંકરે પ્રતિમા બનાવ્યાનો ઉલ્લેખ છે.

વિ.સં. **૧૪૨૯**, માઘ વિદ **૧૫**, સોમ (**૨૪** જાન્યુ., ઇ.સ. **૧૩૭૩**)ના, ભાવદેવાચાર્ય ગચ્છના શ્રી વીરસૂરિની પ્રતિમા પરના લેખમાં શ્રી જિનદેવસૂરિએ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હોવાંનો ઉલ્લેખ છે. શ્રી અમરચંદ્રસૂરિની પ્રતિમા પરના વિ.સં. **૧૩૪૯**, ચૈત્ર વદ **૬**, શનિ (**૨૮** ફેબ્રુ., ઇ.સ.-**૧૨૯૩**)ના લેખમાં આ પ્રતિમા પં. મહેન્દ્રના શિષ્ય મદનચંદ્રે બનાવી હોવાનું જણાવ્યું છે. ઋષભદેવ તીર્થંકરની પ્રતિમા પરના લેખમાં (વિ.સં. **૧૬૭૩**, પોષ વદિ **૫**, શુક્ર - **૧૭** જાન્યુ., ઇ.સ. **૧૬૧૭**) શ્રીપત્તનનિવાસી બૃહત્સાખીય શ્રીમાલ જ્ઞાતિના દોશી સંતોષિક સપરિવાર આ પ્રતિમા બનાવી હતી., જેની પ્રતિષ્ઠા તથા ગચ્છના ભટ્ટારક શ્રી વિજયસેન સૂરીએ કરી હતી, એમ જણાવ્યું છે.

પાટણના વિવિધ જૈન દેરાસરોમાં સંગ્રહિત **૧૭૩૬** જેટલી ધાતુ-પ્રતિમાઓ પરના લેખો વાંચી તેનું સંપાદન લિપિવિદ સદ્ગત પંડિત લક્ષ્મણભાઇ ભોજકે કર્યું હતું. આ પ્રતિમાલેખો વિ.સં. **૧૧૧૦** (ઇ.સ. **૧૦૫૩**) થી વિ.સં. **૨૦૩૬** (ઇ.સ. **૧૯૭૯**) સુધીના સમયગાળાના છે. આ પ્રતિમાલેખોના અભ્યાસ પરથી સંસ્કૃત અને તદ્ભવ શબ્દોના પ્રયોગ, પ્રાદેશિક ભાષા, દાતાની પારિવારિક માહિતી, સૂરિઓ અને તેમના ગચ્છો, જ્ઞાતિઓ, ગોત્રો, મૂર્તિપ્રતિષ્ઠાના ધાર્મિક ઉદ્દેશો વગેરેની જાણકારી પ્રાપ્ત થાય છે. આ બધી માહિતી સંક્ષેપમાં પ્રતિમાની પીઠિકા ઉપર કોતરેલી હોય છે. ઉ.ત.

सं. १५२० वर्षे पोष वदि ५ शुक्रे श्रीमाल ज्ञातीय सं. गेसल सु. गोपाकेन भा. हीरु सुत मुठासहितेन पित्रोः श्रेयसे भ्रा. देवदत्तनिमित्तं श्रीसुमतिनाथबिंब का. श्री विद्याधरगच्छे श्रीविजयप्रभसूरिपट्टे श्रीहेमप्रभसूरिभिः ॥ सलवणपुरे ॥

અર્થાત્ : 'શ્રીમાલ જ્ઞાતિના સંઘવી ગેસલના પુત્ર સંઘવી ગોપાકે પત્ની હીરુ અને પુત્ર મુઠા સહિત માતા-પિતાના શ્રેય માટે અને ભ્રાતા દેવદત્ત નિમિત્તે સણખલપુર (શંખલપુર)માં શ્રી સુમતિનાથનું બિંબ કરાવ્યું અને વિદ્યાધર ગચ્છના શ્રીવિજયપ્રભસૂરિના પટ્ટમાં થયેલા શ્રીહેમપ્રભસૂરિએ એની પ્રતિષ્ઠા કરી.' હાલ આ પ્રતિમા તંબોળી વાડા (પાટણ)ના મહાવીર સ્વામી દેરાસરમાં સંગ્રહિત છે.

પાટણના આ પ્રતિમા લેખોમાં પાટણનું પ્રાચીન નામ અણહિલપુર, અણહિલ્લપુર પત્તન, અણહિલપુર પાટણ, શ્રીપત્તન અને પાટણ આવે છે. લેખોમાં તપા ગચ્છ, આગમ ગચ્છ, ચૈત્ર, બૃહત્તપા, ખરતર, મધધારી, અંચલ પૂર્ણિમા અને પિપ્પલ ગચ્છના નિર્દેશો આવે છે. આ ઉપરાંત નાયલ ગોત્ર અને પ્રાગ્વાટ, શ્રીમાલ, પલ્લવાલ, ઓસવાલ, ઉપકેશ, દિસાવાલ જેવી જ્ઞાતિઓનાં નામ આવે છે. દાતાઓનાં નામ વાચાક, મૂલાસી, વના, દેપાલ, ભૂણા, ભાવલદે, પૂનાક, પાલ્હા, અમરા, ધનરાજ, ગોમતી, વસ્તા, હાંસી, ખીમા, પાસડ, સુર-લસી, લિંબા, પુના, સાદા, અમરા હેમાદે, શિવા-સિંગારદે, લુણા-રણાદે, વીરા-રમાઇ વગેરે આવે છે.

પાટણના અરબી-ફારસી શિલાલેખ :

પાટણમાંથી પ્રાપ્ત અરબી-ફારસી શિલાલેખો ગુજરાતના પૂર્વ સલ્તનત, સલ્તનત અને મુઘલ કાળના ઇતિહાસ માટે મહત્વનો સ્ત્રોત છે. અલાઉદ્દીને ગુજરાત જીતીને અણહિલવાડ પાટણ (નહરવાલ)માં પોતાનો સૂબો નિયુકત કર્યો, ત્યારથી માંડી અહમદશાહ ૧લાએ અમદાવાદની સ્થાપના કરી (ઇ.સ. **૧૪૧૧-૧૨**) ત્યાં સુધી પાટણ ગુજરાતના મુસ્લિમ શાસકોની રાજધાની રહ્યું હતું. પૂર્વ સલ્તનત કાળના શિલાલેખો પાટણમાંથી ઘણા ઓછા મળે છે. ખલજી સલ્તનતના બે તૂટક શિલાલેખોમાંથી અલપખાન લગભગ ઇ.સ. **૧૩૦૦**માં ગુજરાતના સૌ પ્રથમ સૂબા તરીકે નિમાયો હોવાનો, એણે **૧૬** વર્ષ સૂબા તરીકે રાજ્ય કર્યાનો અને પાટણમાં જામી મસ્જિદ બંધાવ્યાનો ઉલ્લેખ છે. તુઘલક વંશના ત્રણ શિલાલેખ પાટણમાંથી મળે છે.

૧. ફિરોઝ તુઘલકનો હિજરી સન ૭૫૮, રમઝાન (ઑગસ્ટ-સપ્ટે., ઇ.સ. ૧૩૫૭)નો શિલાલેખ પાટણમાં ગંજે શાહીદાન વિસ્તારમાંના રોજાના પ્રવેશદ્વાર ઉપર લગાવેલો છે. એમાં ફિરોઝશાહના સમયમાં હુસેને હિ.સન ૭૫૮માં મસ્જિદ બંધાવ્યાનો ઉલ્લેખ છે.

૨. જામી મસ્જિદના મુખ્ય દરવાજા પર કોતરેલા ત્રણ પંક્તિના તક્તી લેખમાં અમીર-ઇ-મીરાન બક્ષીના પુત્ર હુસેને હિજરી સન ૭૫૯ (ઇ.સ. ૧૩૫૭-૫૮)માં મસ્જિદનું બાંધકામ કર્યું હોવાનું જણાવ્યું છે. આ હુસેન ફિરોઝશાહના મંત્રી અમીર-ઇ-મીરાન બલ્ખીના પુત્ર મલિક નિઝામુલ મુલ્ક હુસેન હોવાનું જણાય છે.

3. પાટણમાં કાલી બાઝાર મસ્જિદની પશ્ચિમ દીવાલમાં ગોઠવેલ આરસના તક્તી લેખોમાં ખાન-ઇ-આઝમ શેરખાન મહમૂદના પુત્ર મલિક-ઇ-મુઆઝમ ફન્નુ દૌલત વદીને મસ્જિદ હિ.સ.૭૬૫, ધિલહિજ્જ, રોજ ૨૪ (સપ્ટે. ૨૨, ઇ.સ. ૧૩૬૪)માં બંધાવ્યાનો ઉલ્લેખ છે.

સલ્તનત અને મુઘલ કાલના ઘણા ફારસી શિલાલેખ પ્રાપ્ત થયા છે, જેમાં મસ્જિદો, કિલ્લો, કૂવો વગેરે ઇમારતો બંધાવ્યાનો નિર્દેશ મળે છે. આ શિલાલેખોમાં ઉમરાવો, અમાત્યો, સૂફી સંતોનાં નામ અને એમના વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. હિજરી સન ૮૧૨નો મુઝફ્ફર શાહ ૧લાના સમયનો ફારસી શિલાલેખ બે તખ્તીઓ પર કોતરેલો છે. ૧૪મી સદીના પાટણના મહાન ચિશ્તી સંત મમ હુસામુદ્દીનના રોજામાં આવેલી બારીની દીવાલના અંદરના અને બહારના ભાગમાં ગોઠવેલ છે.

ખાન-ઇ-આઝમ આસદખાને મુઝફ્ફર શાહના સમય દરમ્યાન હિ.સ. ૮૧૨ (ઇ.સ. ૧૪૭૯-૧૦)માં સુંદર ઇમારત બંધાવ્યાનો ઉલ્લેખ છે. હિ.રા. ૮૧૩ના આ જ સુલતાનના સમયના રંગેરેઝોન-કી-મસ્જિદના મધ્યના મહેરાબમાં કોતરેલા શિલાલેખમાં 'ખ્વાજા-ખાસ'ની ઇમારત બંધાવ્યાનો ઉલ્લેખ છે. હિ.સ. ૮૨૦ (ઇ.સ. ૧૪૧૭)ના ફૂટી મહોલ્લા-પિંજર કોટમાં આવેલી મસ્જિદના મહેરાબની ઉપર કોતરેલા શિલાલેખમાં જમાલુદ્દીન બિહામદે અહમદશાહ ૧લાના સમયમાં આ મસ્જિદ બંધાવી હોવાનું જણાવ્યું છે. પાટણમાં ખાટકી વાડની મસ્જિદના પરિસરમાં દક્ષિણની દીવાલ પર ગોઠવેલ હિ.સ. ૮૪૮ (ઇ.સ. ૧૪૪૪-૪૫) ના લેખમાં ઝેન સદ્રના પુત્ર બિહરામના પુત્ર તાજ સરે મસ્જિદ બંધાવી હોવાનું જણાવ્યું છે. હિ.સ. ૮૯૫ (ઇ.સ. ૧૪૯૦)ના બાઝારકી મસ્જિદના મધ્ય મહેરાબ ઉપર કોતરેલા શિલાલેખમાં મસ્જિદ બંધાવ્યાનો ઉલ્લેખ છે. મ્યુનિસિપલ ઓફિસ પાછળ મામુ ભાંજાકી દરગાહમાં હિ.સ. ૯૬૨, રમજાન, ૨૦ મો રોજ (૮ ઓગાષ્ટ, ઇ.સ. ૧૪૫૫)નો શિલાલેખ છે.

જેમાં ખાન-ઇ-આઝમ અલવલખાનની કબર એના પુત્ર મુસીખાન પુલાડીએ અબ્દુલ લતીફની સલાહથી બાંધી હોવાનું જણાવ્યું છે. નાનીસરા વિસ્તારમાં શિવાભાઇ હીરાભાઇના ઘરની સામેના હિ.સ. ૧૧૪૦, ૨ બી II, ૧ લો રોજ (૫ નવે., ઇ.સ. ૧૭૨૭)ના શિલાલેખમાં જણાવ્યા અનુસાર લાલ પોળનું બાંધકામ દરોગા મીર દરગાહીની દેખરેખ નીચે પૂર્ણ થયું. તે સમયે નવાબ સર બુલંદખાન બહાદુર સૂબેદાર હતા, ખ્વાજા મુહમ્મદ અમીન ફોઝદાર અને મીરઝા અલી કુલી બેગ કોટવાલ હતા.

પાટણના શાસકોના સિક્કા : અણહિલવાડ પાટણના સોલંકી રાજાઓના સિક્કાઓ પ્રાપ્ય નથી. ઝાંસી પાસે પંડવાડામાંથી માત્ર સિદ્ધરાજ જયસિંહના બે સોનાના સિક્કા મળ્યા છે, જે હાલ લખનૌના મ્યુઝિયમમાં સંગ્રહિત છે. મહેસાણા નજીક પિલવાઇમાંથી કેટલાક ચાંદીના સિક્કા મળ્યા છે. **શ્રીમજયસિંહ પ્રિય** લખાણવાળા બે સોનાના સિક્કા સિદ્ધરાજના માલૂમ પડ્યા છે.

વિ.સં. ૧૨૩૩ (ઇ.સ. ૧૧૭૬- ૭૭)માં હરિભદ્રસૂરિએ રચેલી 'ચંદ્રપ્રભચરિત'ની પ્રશસ્તિમાં વનરાજના રાજ્યમાં દંડપતિ લહરના વંશમાં જન્મેલ મંત્રી વીર સોલંકી રાજા મૂલરાજ (લગ.ઇ.સ. ૯૬૧- ૯૯૬) , વલ્લભરાજ (થોડા મહિના), દુર્લભરાજ (લગ. ઇ.સ. ૧૦૯-૧૦૨૧)નો મંત્રી અને ટંકશાળનો અધ્યક્ષ હતો એણે રાજ્યની ટંકશાળમાં વૈભવલક્ષ્મીની કૃપાથી પ્રાપ્ત થયેલ ચિત્રપટ રાખ્યું હતું. મુદ્રાઓ પર લક્ષ્મીની આકૃતિ કોતરાવી હતી. હરિભદ્રસૂરિના 'મલ્લીનાથચરિત' (પ્રાકૃત) અને 'નેમિનાથચરિત' (અપભ્રંશ)ની પ્રશસ્તિમાં પણ આ જ માહિતી દર્શાવી છે. પ્રબંધો અને 'લેખ પદ્ધતિ'માં છ દ્રમ્મનાં નામ 'ભીમપ્રિય', 'કુમારપાલપ્રિય', 'લુણસાપ્રિય', 'વિશ્વમલ્લપ્રિય', 'વિસલપ્રિય', વગેરે મળે છે. ઠક્કુરના ફેરુના 'દ્રવ્યપરીક્ષા' નામના પ્રાકૃત ગ્રંથ (૧૪મી સદીનો આરંભ)માં ગુર્જર રાજાઓના સિક્કાઓમાં 'કુમારપુરી', 'અજયપુરી', 'ભીમપુરી', 'લાવણસાપુરી', 'અર્જુનપુરી' એવાં નામ અને એમનાં વજન દર્શાવ્યાં છે.

ગુજ્જરવરાયાણં બહુવિહમુદ્દાઈ વિવિહ નરામારું ।

'પુરાતન પ્રબંધ'ના 'મહંત આંબા પ્રબંધ' વિભાગમાં ગિરનાર પર્વત ઉપર પદ્યા બનાવવા માટે ૬૩ લાખ 'ભીમપુરી' ક્રમના ખર્ચનો ઉલ્લેખ છે.'વસ્તુપાલ -તેજઃપાલ' પ્રબંધમાં દાનનાં કાર્યોમાં ૩૩૨ કરોડ, ૮૪ લાખ, ૭,૪૧૪ 'લોહડિયા' કે 'ઇકા-આગલા ભીમપુરી' ક્રમના ખર્ચનો ઉલ્લેખ છે. મુઘલ સમ્રાટ અકબરના શાસન દરમ્યાન અણહિલવાડ પાટણની ટંકશાળમાંથી કેટલાક સિક્કા બહાર પડાયા હતા. અકબરે નહરવાલા પાટણ જીત્યું ત્યારે સિક્કા પડાવ્યા હતા. ૧ તોલાના વજનના સોનાના, ચાંદીના અને તાંબાના રૂપિયા હિજરી સન ૯૮૪માં અને હિજરી સન ૯૮૫માં તાંબાનો ફલુસ બહાર પાડ્યો. હિ.સ. ૯૮૫ પછી રૂપિયા ઉપર ટંકશાળનું નામ નહરવાલા જોવા મળે છે.

હિજરી સન ૯૮૪માં અણહિલવાડ પાટણની ટંકશાળમાંથી અકબરે ચાંદીનો ૧૭૮ ગ્રામના વજનનો સિક્કો પડાવ્યો, જેની એક તરફ ચોરસમાં કલિમા અને ચાર બાજુ ચાર ખલીફાઓનાં નામ અને બીજી બાજુ હિજરી વર્ષ, બાદશાહનું નામ, લકળ અને ટંકશાળનું નામ વૅ વર શો નહાવાના પત્તન કોતરેલું છે.' આમ સોલંકી કાલમાં અણહિલવાડ પાટણની જાહોજલાલી ખૂબ હતી. 'કુમારપાલ ચરિત'માં એનું સુંદર વર્ણન કરેલું છે. 'શહેર બાર કોશમાં પ્રસરેલું હતું. એનાં પરાં ૮૪ હતાં. એમાં એક ટંકશાળ હતી. જેમાં સોનાના અને ચાંદીના સિક્કા પડતા. ૮૪ બજાર હતા. એક બજારમાં માત્ર પૈસાની લેવડ-દેવડ થતી.' જો કે આ ટંકશાળના સિક્કાનો એક પણ નમૂનો આજે ઉપલબ્ધ નથી.

(સ્વ. શ્રી ભારતીબેન શેલત ઈતિહાસના જાણીતા સંશોધક, લેખક હતા.)

પ્રજાવત્સલ મહારાણી ઉદયમતી



- ડૉ. વિજયા યાદવ

પૂર્વકાલીન ગુજરાતની પ્રસિદ્ધ રાજધાની અણહિલવાડ પાટણમાં સોલંકી રાજવંશના પુત્ર ભીમદેવ ૧લાએ સુવર્ણયુગનો પાયો નાંખ્યો હતો. ઈ.સ. **૧૦૨૨**માં રાજ્યાભિષેક થયા બાદ ભીમદેવે ઈ.સ. **૧૦૬૪** સુધી (૪૩ વર્ષ) રાજ્યનો વહીવટ સંભાળ્યો હતો. રાજ્યના વહીવટ, સંરક્ષણ અને ઉન્નતિ માટે તેમણે કરેલા પ્રયત્નને કારણે સોલંકી યુગની કીર્તિ સુવર્ણ યુગ તરીકે પ્રસરી હતી. ભીમદેવ **૧**લાએ ભારતની વૈદિક પરંપરાની સૂર્યોપાસનાને ખૂબ મહત્વ આપ્યું હતું. મોઢેરામાં ઈ. સ. **૧૦૨૭**માં તેમણે રચાવેલું જગપ્રસિદ્ધ સૂર્યમંદિર આજે પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાપત્યકલા અને શિલ્પકલાના શ્રેષ્ઠ નમૂનાઓમાં સ્થાન ધરાવે છે. શિલ્પ અને સ્થાપત્યકલાથી સમૃદ્ધ ગુજરાત રાજ્યનો ભવ્ય સાંસ્કૃતિક વારસો સોલંકીકાળ દરમ્યાન ખૂબ વિકસ્યો હતો. આ સમયમાં રચાયેલા દેવાલયોમાં જળાશયો, વાવ, કૂવા, કુંડ, તળાવ વગેરે પ્રજા ઉપયોગી ઇમારતોના નિર્માણની પ્રવૃત્તિ પાછળ પ્રજાકલ્યાણ, રાજ્યના રક્ષણ અને ઉન્નતિનો શુભ હેતુ દૃશ્યમાન થાય છે. ભીમદેવ ૧લાનાં લગ્ન જૂનાગઢના ચુડાસમા રાજકુળનાં રા'ખેંગારની પુત્રી ઉદયમતી સાથે થયાં હતાં. મહારાણી ઉદયમતીએ પતિ ભીમદેવ ૧લાની વહીવટી કુશળતા, પરાક્રમો અને કલા પ્રત્યેના પ્રેમને નજરે નિહાળ્યો હતો. ભીમદેવ અને ઉદયમતીને મૂળરાજ, ક્ષેમરાજ અને કર્ણદેવ એમ ત્રણ સંતાનો હતાં.

ચિત્ર સંદર્ભઃ બિપીન પટેલ


મહારાણી ઉદયમતી સુશીલ, સંસ્કારી, કલાપારખુ, શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત પ્રજાવત્સલ મહારાણી હતાં. તેઓએ ૧૧મી સદીના અંત ભાગમાં રાજ્યની પ્રજા માટે પાણીની વ્યવસ્થા ઊભી કરવા વાવનું નિર્માણ કરાવ્યું હતું, જે 'રાણકી વાવ' તરીકે વિશ્વપ્રસિદ્ધ છે. એક માન્યતા અનુસાર સરસ્વતી નદીના કિનારે આવેલી આ વાવ ઉદયમતીએ પોતાના પતિ ભીમદેવ ૧લાની યાદમાં બંધાવી હતી. ઉત્તમ સ્થાપત્યકલા અને શિલ્પકલાના અદ્વિતીય નમૂના સમી આ વાવના નિર્માણની પ્રવૃત્તિમાં ઉદયમતીની કલા પ્રત્યેની સૂઝબૂઝ અને ઉમદા વ્યક્તિત્વનો પરિચય થાય છે.

ઇતિહાસના ગ્રંથો નોંધે છે કે પાટણમાં આવેલી સાત માળની આ વાવના નિર્માણમાં ૪૧ વર્ષનો સમય લાગ્યો હતો. આ વાવની શિલ્પકલામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય ભારતીય પરંપરાનાં દાર્શનિક સામાજિક મૂલ્યોને કંડારવામાં આવ્યાં છે. દશાવતાર ઉપરાંત અનેક દેવદેવીઓની દર્શનીય પ્રતિમાઓ, ઋષિમુનિઓ, કીચકો, સ્નાનકર્ણ ભૈરવ, મનમોહક નાગકન્યાઓ, યોગિનીઓ, શિલ્પો આ વાવની શોભામાં અભિવૃદ્ધિ કરનારાં છે. માત્ર પાટણ શહેરની જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અનોખી વિરાસત સમી આ વાવ પ્રાચીન શિલ્પકલાનો અદ્ભુત કલાવારસો ધરાવે છે..

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ઐતિહાસિક બેનમૂન શિલ્પસ્થાપત્યથી સભર રાણકી વાવ ઇજનેરી વાસ્તુકલાનો ઉત્તમ નમૂનો અને પાઠશાળા છે. વાવના સૌથી ઉપરના ઝરૂખાનું શિલ્પ સિદ્ધપુરના રુદ્રમહાલયને મળતું આવે છે. આ વાવનો પરીઘ ૮૭.૨૭૩ મીટરમાં છે. આ વાવ ૬૫ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી અને ૨૮ મીટર ઊંડી છે.

ઇજનેરીવિધાના નિષ્ણાતો જણાવે છે કે આ વાવનું બાંધકામ ઉપરથી નીચે તરફ ગયેલું છે, જે સોલંકીકાળની કલા-કારીગરીનો ઉત્તમ નમૂનો છે. આ વાવમાં ૨૯૨ કુંભીવાળા સ્તંભો છે. સ્તંભોની ભીંતો ચોરસ છે. કુંભની ચારે બાજુના ખૂણાઓને સુંદર મૂર્તિઓથી શણગારવામાં આવ્યા છે. સ્તંભ અને કુંભી અષ્ટકોણ પ્રકારના છે. વાવના પ્રવેશદ્વારના ૩૭ સ્તંભો, સંખ્યાબંધ પાટડીઓ, તોરણો, ગ્રાસપટ્ટીઓ, કાટખૂણિયા, પીઠિકાઓને શિલ્પોથી કંડારવામાં આવેલા છે.

નેવા પ્રકારની આ વાવમાં સરસ્વતી નદીના પૂરનાં પાણી ફરી વળતાં વાવ પર કાંપ ફરી વળ્યો હતો અને તે જમીનમાં દટાઈ ગઈ હતી. સન ૧૮૯૦માં જ્યારે હેન્રી કોઝન્સ અને જેમ્સ બર્ગેસે આ સ્થળની મુલાકાત લીધી ત્યારે આ વાવ સંપૂર્ણપણે પૃથ્વીની નીચે દટાયેલી હતી, માત્ર તેના થોડા થાંભલાં જ બહારના ભાગમાં જોવા મળતા હતા. આર્કિયોલોજિકલ





સર્વે ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ રવીન્દ્ર ભીષ્ટ અને વડોદરા મંડળના સહયોગથી ૧૯૬૮માં આ વાવને શોધી કાઢવામાં આવી હતી. વાવમાં ભરાયેલી માટીને બહાર કાઢવા ઉત્ખનનની કાર્યવાહીનો આરંભ થતાં ઘણાં વર્ષો બાદ આ વાવ તેના મૂળ સ્વરૂપમાં મળી હતી.


રાણકી વાવ ભારતની સૌથી સુંદર વાવો પૈકીની એક છે અને પ્રાચીન પાટનગરની સૌથી વિખ્યાત ઐતિહાસિક વિરાસતો પૈકીની પણ એક છે. ગુજરાતની ઓળખ અને ગૌરવરૂપ આ ભવ્ય વાવને નિહાળવા સમગ્ર વિશ્વમાંથી પર્યટકો આવી રહ્યા છે. ઇજનેરી વિધાના શ્રેષ્ઠ નમૂનારૂપ આ વાવ ડિઝાઇનિંગના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલા સંશોધકો માટેનું કેન્દ્ર પણ બની રહી છે. પ્રવાસી રસિકો, તજજ્ઞો, વિધાભ્યાસીઓ તથા જુદી જુદી કલાના નમૂનાઓના અભ્યાસ અર્થે આવતા લોકોથી આ વાવનું સંકુલ ભરેલું રહે છે. મહારાણી ઉદયમતીએ ૧૧મી સદીમાં બંધાવેલી આ વાવને જૂન ૨૦૧૪માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝ સાઇટનો દરજ્જો આપવામાં આવ્યો છે. એટલું જ નહીં, ભારતની રિઝર્વ બેન્કે જૂલાઇ ૨૦૧૮માં પોતાના દેશની ઓળખને વિશ્વપ્રસિદ્ધ કરવા રાણકી વાવની પ્રતિકૃતિને ૧૦૦ રૂપિયાની ચલણી નોટમાં સ્થાન આપ્યું છે.

તત્કાલીન સમયે વાસ્તુવિધાની સાતમી શાખા તરીકે વિકસેલી આ વાવ અદ્ભુત કલાવારસો ધરાવે છે. જૂનાગઢનો દામોદર કૂવો અને પાટણની ઉદયમતીની વાવની ખ્યાતિ પરથી એક જોડકણું પ્રસિદ્ધ છેઃ 'રાણકીવાવ ને દામોદર કૂવો, જેણે ન જોયા તે જીવ તો મૂવો!' ટૂંકમાં કહીએ તો મહારાણી ઉદયમતીએ જનકલ્યાણ માટે રચાવેલી આ વાવ લોકહિતની ભાવનાનું દર્શન કરાવતું અજોડ સ્મારક છે.

(લેખક ગુજરાત યુનિવર્સિટી ઇતિહાસ વિભાગમાં એસોશિએટ પ્રોફેસર છે.)



રાણકી વાવ



- ડૉ. કિરીટ મંકોડી

રેતાળ જમીન, ઓછો વરસાદ અને બારેમાસ વહેતી નદીઓને અભાવે ગુજરાત-રાજસ્થાનમાં વાવો અથવા વાપીઓનું સ્થાપત્ય વિકસ્યું. સદીઓ દરમિયાન નાની-મોટી સેંકડો વાવો ખોદાઈ હતી. ભારતમાં વાપીઓ, સરોવરો, પરબો ઈત્યાદિ દાન પુણ્યનું કાર્ય ગણાતું અને તેથી તેનું વિશેષ મહત્વ હતું; દિવંગત સ્વજનોની સ્મૃતિમાં જળાશયોનું દાન કરાતું. વિશ્વના સ્થાપત્યના વારસા માટે ભારતની આ વિલક્ષણ સોગાદ છે.

ઈસવીસન અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં સોલંકી વંશના મહારાજ ભીમદેવ પ્રથમના સ્વર્ગવાસ પછી તેમની મહારાણી ઉદયમતીએ દાનધર્મ તરીકે ગુજરાતની રાજધાની પાટણમાં રાણકી વાવ ખોદાવી હતી. આચાર્ય મેરુતુંગના ગ્રંથ "પ્રબંધ ચિંતામણિ"માં એનો સ્પષ્ટ ઉલ્લેખ છે. 65 મીટર અથવા 215 જેટલા ફૂટ લાંબી, લગભગ 20 મીટર કે 60 ફૂટ પહોળી, અને 30 મીટર કે 100 ફૂટ ઊંડા કૂવાવાળી આ વાવ સૌથી વિશાળ જળાશયોમાંની એક છે; તેના શિલ્પસમૃદ્ધિની દ્રષ્ટિએ તો તે સૌથી અલંકૃત છે. રાણકી વાવની બન્ને તરફની દીવાલો, તેના કુંડની દીવાલો, તેમજ કૂવાની અંદર પણ પ્રચુર સંખ્યામાં ઉત્તમ શિલ્પો કોતરેલાં છે.રાણકી વાવમાં 800-900 જેટલાં પ્રમુખ શિલ્પોમાં ગૌરી કે પાર્વતીની તપસ્યા કરતી મૂર્તિઓ છે, તેમજ ભગવાન વિષ્ણુના રૂપો, જેવાં કે તેમની ચતુર્વિંશતિ મૂર્તિઓ, શેષનાગની શય્યા પર પોઢેલ વિષ્ણુ નારાયણ, અને તેમના અન્ય અવતારો છે. દશાવતાર ગૅલેરીમાં આવા સાત અવતારો છે, વરાહ, વામનજી, રામ, બલરામ, પરશુરામ, બુદ્ધ, અને કલ્કિ. ભગવાન નરસિંહની મૂર્તિ પણ હશે, પણ તે જળવાયેલ નથી.અન્ય પ્રમુખ શિલ્પોમાં સુરસુંદરીઓ, અપ્સરાઓ, નાયિકાઓ છે. સુરસુંદરીઓ વિવિધ મુદ્રાઓમાં દેખાય છે, જેમકે શણગાર કરતી, નૃત્ય કરતી, સેંથામાં સિંદૂર ભરતી, દર્પણમાં ચહેરો નિહાળતી, તેમજ હાથમાં આરતી, હાર, ધૂપદાની વગેરે પૂજાની સામગ્રી લઈને મંદિર ભણી જતી, પોતાના બાળકને ચાંદામામાના દર્શન કરાવતી, દડા સાથે રમતી વગેરે. શિલ્પોમાં નાગકન્યાઓ પણ છે, જે મણિધર નાગો સાથે રમત કરે છે.

તંત્ર-મંત્રની સાધિકાઓ પણ આ મૂર્તિઓમાં દર્શાવેલ છે.વાવમાંથી આરસની એક પ્રતિમા મળી હતી, જેના ઉપર મહારાણી શ્રી ઉદયમતી એવું નામ કોતરેલ છે. ગુજરાતની આ અપ્રતિમ રાણકી વાવને 2014માં યુનેસ્કોએ વિશ્વ ધરોહર સ્મારકનો દરજ્જો આપેલ છે.

અમદાવાદથી 140 કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં સ્થિત પાટણ સન 1997 સુધી મહેસાણા જિલ્લાનું એક પ્રમુખ નગર હતું. તે વર્ષે 2 ઓક્ટોબર એટલે કે મહાત્મા ગાંધીની જયંતીને દિવસે પાટણ ગુજરાતનો એક નવો જિલ્લો બન્યું. પાટણ શહેર સરસ્વતી નદી પર વસ્યું છે, તેની સ્થાપના ચાવડા વંશના રાજા વનરાજે કરી એવી માન્યતા છે; ચાવડાઓ પછી પાટણ પ્રસિદ્ધ સોલંકી કે ચૌલુક્ય વંશની રાજધાની બન્યું હતું અને મધ્યકાલીન કે પુરાતન કાળમાં અણહિલપુર કે અણહિલપાટક તરીકે પ્રખ્યાત હતું.

સોલંકી રાજા ભીમદેવની પત્ની રાણી ઉદયમતીએ ખોદાવેલ રાણકી વાવ ઉપરાંત મહારાજ સિદ્ધરાજ જયસિંહે ખોદાવેલ સહસ્રલિંગ સરોવર અને બીજાં અનેક મંદિરો માટે પણ પાટણ પ્રખ્યાત હતું, તેમજ પાટણનાં પટોળાં તો હજી વિશ્વવિખ્યાત છે. એક હજાર શિવલિંગોથી સુશોભિત હોવાને લઇને સહસ્રલિંગ એવું આ સરોવરનું નામ પડ્યું હતું. કલા, સ્થાપત્ય, સાહિત્યને પ્રોત્સાહન આપનાર આ સમૃદ્ધ રાજધાનીમાં અનેક જૈન અને જૈનેતર વિદ્વાનો થઇ ગયા. જેનોના આચાર્ય શ્રી હેમચંદ્ર અહીંના જ હતા, અને જૈન હસ્તલિખિત ગ્રંથોનો એક મોટો સંગ્રહ હજી પાટણમાં સ્થિત છે. પાટણની આસપાસ સોલંકી રાજવીઓએ બંધાવેલ અનેક સ્મારક છે. પાટણથી 35 કિલોમીટર દક્ષિણમાં ભીમદેવે બંધાવેલ વિશાળ મંદિર છે. પાટણથી લગભગ એટલા જ અંતરે પૂર્વમાં સિદ્ધરાજ જયસિંહે રચેલ મહાલય છે. આ ઉપરાંત બીજાં પણ અનેક સ્મારકો ચારે બાજુ છવાયેલાં છે.વિશ્વવિખ્યાત રાણકી વાવ,જેને યુનેસ્કોએ 2014માં વૈશ્વિક ધરોહર સ્મારકનો દરજ્જો આપ્યો હતો, તે શહેરથી બે કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે (ચિત્ર 1, frontispiece). માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં એક ભવ્ય વાવ તરીકે રાણકી વાવ પ્રસિદ્ધ છે. સેંકડો શિલ્પોથી સુશોભિત આ વાવ સોલંકી રાજા ભીમદેવ પ્રથમની રાણી ઉદયમતીએ 1064 ઇસવીસનમાં ભીમદેવના મૃત્યુ પછી એના સ્મારક તરીકે ખોદાવેલ.મહારાણીનું નામ બે રીતે લખી શકાય, "ઉદયમતી" કે "ઉપમની". રાણીની જે આરસની પ્રતિમા રાણકી વાવમાંથી મળી છે તેના પર ઉદયમતી એવી જોડણી છે.



(લેખક રાણકી વાવના સંશોધક છે.)

પાટણનાં સુપ્રસિદ્ધ પટોળા



- રાહુલ સાલવી

પરદેશ ગયેલા પિયુ પાસે "પાટણના પટોળા" મંગાવતી પિયુનો આ સંદેશ "છેલાજી રે, મારે હાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો" આ લોકગીત કેટલા વર્ષોથી એવું ને એવું લોકપ્રિય છે. આ ગીતની સાથે પટોળાંએ પણ તેની લોકપ્રિયતા, ખ્યાતિ તથા આકર્ષણ વર્ષો પૂર્વે હતું તેવું જ હાલ પણ જાળવી રાખેલ છે.

પટોળું એ પવિત્ર રેશમી વસ્ત્ર છે. ધાર્મિક તથા ચમત્કારિક શક્તિ ધરાવતું પટોળું પહેરવાથી એવું માનવામાં આવે છે કે તેના દ્વારા ભગવાનનો સ્પર્શ (અનુભૂતિ) થાય છે. પટોળાંની આ અદ્ભુત તથા જાદુઇ શક્તિ માટે થાઇલેન્ડ, મલેશિયા, ઇન્ડોનેશિયાના લોકોએ પટોળાંને તમામ ખજાનાઓ કરતા વધુ વૈભવી તથા કીમતી ગણાવ્યું છે. તેઓના અનુસાર આ એક એવું જાદુઇ કાપડ છે કે, યુદ્ધમાં આરાસુરી તાકાતો, કુતત્વો તથા ખરાબ તત્વો સામે આપણને બચાવે છે અને રક્ષણ પૂરું પાડે છે. એ એવું શક્તિશાળી તથા જાદુઇ વસ્ત્ર છે કે, સ્ત્રીઓ દ્વારા વારસામાં અપાતું હતું તથા હાલ પણ શ્રીમંત કુટુંબોમાં લગ્નપ્રસંગે દીકરી તથા દીકરાની વહુને શુકન તરીકે આપવામાં આવે છે અને ખૂબ જ મોભાદાર ગણાય છે. પટોળું બનાવડાવવું અને શ્રીમંત તથા માંગલિક પ્રસંગોએ પટોળું પહેરવું તે કુટુંબનું ગૌરવ ગણાતું અને તેનાથી સંસ્કાર શોભા વધતી.

"સુલાવેસી તોરાજા" પટોળાને મા તથા માનું વસ્ત્ર કહેવાતું, જે ઇન્ડોનેશીયન શબ્દો છે અને તેઓ જેનું સર્જન દેવો (ભગવાન) દ્વારા થયું હોય તેના માટે આ શબ્દો વાપરે છે. એવું માનવામાં આવે છે કે આવું અદ્ભુત પટોળાનું વણાટકામ એ દેવો (ભગવાન)નું જ સર્જન હોઇ શકે. પટોળાનો ઇતિહાસ સદીઓ જૂનો છે. સદીઓ પહેલાથી પટોળું શબ્દ "પટ્ટ' શબ્દ ઉપરથી ઉદ્ભવ્યો હશે તેવું મનાય છે. જેને સંસ્કૃતમાં પટા તથા તેલુગુમાં પટોળા કહેવાય છે.

ઇ.સ. ૧૩૪૨ માં "ઇબ્ન-એ-બતુતા" નામના વેપારીએ પોતાની મુસાફરી દરમ્યાન જુદા-જુદા રાજદરબારોમાં ભેટ સ્વરૂપે રાજાઓને પટોળા આપ્યા હોવાનો ઉલ્લેખ પ્રવાસ વર્ણનમાં જોવા મળે છે. ૧૭-૧૮ મી સદીમાં પટોળાનો વ્યાપક ઉપયોગ હતો. મોંઘી ભેટ નજરાણાંના હેતુથી પટોળાં વપરાશમાં હતા. ઘરેણાંની જેમ પટોળા બનાવરાવવા એ એક મોભાના પ્રતીક સમાન ગણાતું. એક ફ્રેંચ મુશરે ૧૭મી-૧૮મી સદીમાં પાટણના પટોળા મલેશિયા અને ઇન્ડોનેશિયા સુધી જતા તેવી નોંધ પોતાની ડાયરીમાં કરેલ છે. વધુમાં જાવા સુમાત્રાથી લઇ સમરકંદ, બુખારા, બસરા, દમાસ્કસ અને રોમ સુધી પટોળા ઇ.સ. ૧૫મી સદીથી જતા હતા. ઇ.સ.૧૭મી સદીમાં ગુજરાતમાં થઇ ગયેલા કવિ ''પ્રેમાનંદે'' પોતાના "કુંવરબાઇના મામેરૂં" આખ્યાનમાં પટોળાનો ઉલ્લેખ આ રીતે કરેલ છે.

'લખો પછેડી પંદર કોડી, પટોળા પચાસ વહુજી (કડવું-૬)
લઇશ પટોળું શ્રીકાર, સાડી નહીં પહેરૂં (કડવું-૧૨)'

વળી રાણક દેવીના દુહામાં પણ પટોળાનો ઉલ્લેખ આ રીતે "જુઓ પટોળાવાળીઓ લોંબડીવાળીનો છટ" જોવા મળે છે. પટોળામાં ચોક્કસ રંગનું કોમ્બિનેશન તથા ડિઝાઇનો પાછળનો મનોવૈજ્ઞાનિક હેતુ સમજવા જેવો છે. ચોરસ ડિઝાઇન સલામતી (સીક્યોરીટી) ની ભાવના ઉત્પન્ન કરે છે. સ્ત્રી દરેક સંબંધમાં સલામતી શોધે છે. પટોળામાં હાથી, પોપટ, મોર, કળશ, પીંપળનું પાન સુખ સૌભાગ્યના ચિહ્નરૂપે મૂકવામાં આવે છે. પટોળામાં સૌભાગ્ય અને સલામતીની ભાવના સંકળાયેલી છે તેથી સૌભાગ્યના ચિહ્નો પટોળામાં વપરાય છે.

પ્રસ્તાવના:

ભારત કલાત્મક વસ્ત્રકામનો પ્રાચીન અને સમૃદ્ધ વારસો ધરાવે છે. (ભેવડી ઇટ) પટોળા એ પશ્ચિમ ભારતના ઉત્તર ગુજરાત વિસ્તારના પાટણ પરગણાંમાંથી આવેલ એવું અદ્ભુત વસ્ત્ર છે કે તે તેના આકર્ષક રંગો, ભાત અને ટકાઉપણા જેવાં ગુણોને લીધે આ વારસાને ખ્યાતનામ બનાવે છે. સુંદર વસ્ત્રોનાં શોખીનોને તો તેનો દેખાવ જ મોહી લે છે. પટોળામાં બંને બાજુએ ભાત સરખી હોય છે. આ અદ્ભુત પ્રકારની કલાકારીગરીના મૂળ બાંધણી પ્રક્રિયા (બાંધવું અને રંગવું) જેવી સૂક્ષ્મ અને અઘરી પદ્ધતિમાં રહેલા છે. આ પ્રક્રિયા વણાટકામની પહેલા તાણા અને વાણા ઉપર અલગ અલગ રીતે માપસર અને ગણતરીપૂર્વક કરવામાં આવે છે. દ્વિતીય વિશ્વયુદ્ધ પહેલાં ઇન્ડોનેશિયા એ પટોળાનો મોટો ખરીદદાર દેશ હતો. ઐતિહાસિક રીતે જોતાં ભેવડી ઇકટ પટોળાનું વણાટકામ સદીઓ જૂનું છે.

અજંટાની ગુફાઓમાંનું રંગકામ પટોળાની બાંધણી પ્રક્રિયા જેવું જ છે. કથાનક અનુસાર અગિયારમી સદીમાં સોલંકી વંશના રાજા કુમારપાળે જાલના (દક્ષિણ મહારાષ્ટ્ર)માંથી સાતસો (૭૦૦) પટોળાના વણાટકારોને ઉત્તર ગુજરાતના પાટણમાં સ્થાયી થવાં નિમંત્રણ આપ્યું અને પાટણમાં લાવીને વસાવ્યા. જે હાલ ત્યારના સમયથી સાલવીવાડામાં ચાલુ છે.

તકનીક (પદ્ધતિ):

તાર ઉપર અગાઉથી નક્કી કરેલી ભાત અનુસાર રેશમનાં તાણાં અને વાણા ઉપર અલગથી સુતરાઉ દોરીઓ વડે નક્કી કરેલાં ભાગોને બાંધી દેવામાં આવે છે. આ બાંધેલો ભાગ રંગકામની પ્રક્રિયા દરમિયાન રંગના સંસર્ગમાં આવતો નથી, જ્યારે ખુલ્લો ભાગ એક રંગ ધારણ કરી લે છે. બાકીના ભાગનું રંગકામ કરતી વખતે આ રંગાયેલા ભાગને બાંધી દેવાય છે. આમ, બાંધવું, છોડવું ફરી બાંધવું, વિવિધ રંગો વડે રંગકામ કરવું એ આ પ્રક્રિયાનાં મુખ્ય લક્ષણો છે. કયારેક મૂળ રંગોને ભેગાં કરીને અથવા એકવાર રંગીને ફરી તેના પર બીજો રંગ ચડાવીને વિવિધ રંગોની છાંય તૈયાર કરાય છે.



રંગકામ કર્યા બાદ તાણાવાણાને ખુલ્લા પાથર્યા બાદ સંપૂર્ણ ભાત જોઇ શકાય છે.તાણાને યોગ્ય ક્રમમાં યોગ્ય ભાત અનુસાર શાળ પર ગોઠવ્યા બાદ વાણાને બોબીનો ઉપર વીંટી દેવાય છે. રોઝવુડ અને વાંસમાંથી બનેલી હસ્ત સંચાલિત જૂની દેશી શાળ ઉપર પટોળું વણાય છે. આમ ડાબી બાજુથી નીચી અને જમણી બાજુથી ઉંચી એમ ઢાળવાળી રખાય છે. વાંસના કાંઠલા (નળી) (Shuttle) ને વાણા સાથે તાણામાંથી વારંવાર પસાર કરવામાં આવે છે. પ્રત્યેક વાણાને (આડાતારને) અતિશય બારીકાઇથી તપાસીને તાણાની (ઉભાતારની) ભાત સાથે માપસર ગોઠવવામાં આવે છે.

પટોળાનું વણાટકામ એ અતિશય ચોકસાઇ માંગી લેતું કામ છે કે જેમાં તાણા અને વાણાના સમાન રંગોને એકબીજા સાથે વિશિષ્ટ રીતે ગોઠવીને સંપૂર્ણ ભાત અને તાલમેલ પેદા કરવામાં આવે છે. પટોળાની આ પ્રક્રિયા અતિશય શ્રમ, સમય અને સર્વોચ્ચ પ્રકારનું કૌશલ્ય માંગે છે. તાણા અને વાણા ઉપર બાંધણીની આ પ્રક્રિયાથી તૈયાર કરાયેલ છ વાર લંબાઇ અને અડતાલીસ ઇંચ પહોળાઇ ધરાવતું એક પટોળું તૈયાર કરતા ત્રણથી ચાર માસનો સમય લાગે છે. બે સાલવીઓ (વણકરો) આખો દિવસ સાથે મળીને કામ કરે તો પણ માંડ આઠથી નવ ઇંચ જેટલું વણાટકામ એક દિવસમાં કરી શકે. એક સાડી વણતા ચાલીસથી પચાસ દિવસો થઇ જાય છે. આમ, ભાતની બારીકાઇ પર આધારિત રીતે જોતાં ચારથી પાંચ વ્યક્તિઓ ભેગા થઇ પાંચથી છ મહિનામાં એક પટોળું તૈયાર કરી શકે.

વપરાતી સામગ્રી:

પરંપરાગત રીતે કાચું રેશમ એ સોડાના પાણી સાથે ઉકાળીને બાફેલું (ગમ કાઢેલું) શુદ્ધ રેશમ તથા પ્રાકૃતિક અને રાસાયણિક રંગો વપરાતા હતા. છેલ્લા સો (૧૦૦) વર્ષોથી પરંપરા બદલાઇને ઝડપથી બ્લીચ કરી શકાય તેવા અને સરળતાવી રંગી શકાય તેવા રાસાયણિક રંગો (ડાઇ) વપરાવા લાગ્યા.

આમ, પટોળામાં પ્રાકૃતિક રંગોનો ઉપયોગ બંધ થઇ ગયો પરંતુ છેલ્લા ત્રીસ વર્ષોથી ફરી પાછો પર્યાવરણના મિત્ર સમાન પ્રાકૃતિક રંગોનો વપરાશ અમોએ શરૂ કર્યો છે. શાકભાગના મૂળ તત્વોનો ઉપયોગ કરીને વિવિધ રંગો અને રંગોના નમૂના બનાવવા અંગેના અમે ઘણાં પ્રયોગો અને સંશોધનો કર્યા છે અને તે દ્વારા આંખને ગમેં તેવા અને ટકાઉ રંગો બનાવી શક્યા છીએ.

પુનઃ દાખલ કરાયેલા શાકભાજીના આ તત્વોમાં હળદર, ગલગોટા, ડુંગળીની છાલ, દાડમની છાલ, મજીઠ (Madder), લાખ, કાથો, કીરમજ (Cochineal), ગળી વગેરેનો ઉપયોગ કરાય છે. પટોળાની ભાતના રંગોની ગુણવત્તાને જોઇને એક ગુજરાતી કવિએ લખ્યું છે કે, 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં' એટલે કે પટોળું ઘણા વર્ષો બાદ ફાટી જાય પણ તેના ઉપરની ભાત કે રંગો વર્ષો સુધી ઝાંખા પડતા નથી કે જતા નથી. ઉત્પાદનોની શૃંખલા પરંપરાગત રીતે પાંચથી નવ વાર લંબાઇ ધરાવતી અને ૪૫ થી ૫૪ ઇંચ પહોળાઇ ધરાવતી સાડીઓ વણવામાં આવતી. હવે પટોળામાં ટેબલકલોથ, દુપટ્ટા તેમજ હાથરૂમાલો પણ બનાવવામાં આવે છે.



ભાતનાં તત્વો:

પટોળાંની ભાત પરંપરાગત પ્રતીકો પર આધારિત હોય છે. આ ભાતોમાં 'નારી કુંજર', 'ફૂલભાત', 'રાસભાત', 'છાબડી', 'ચોકઠા', 'નવરત્ન', 'પાંચફૂલ', 'સરવરિયું', 'લહેરિયા' વગેરેનો સમાવેશ થાય છે. પેરિસ, લંડન, ટોકિયો, વોશિંગ્ટન અને મોસ્કો ખાતે યોજાયેલા ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાના કાર્યક્રમોમાં પ્રાકૃતિક રંગો આધારિત અને નવીન વિકસાવેલી ભૌમિતિક ભાતોને પ્રદર્શિત કરવામાં આવી હતી. વોશિંગ્ટન DC ખાતે યોજાયેલા સિલ્ક રોડ ૨૦૦૨ સ્મિથસોનિયન ફોક લાઇફ ફેસ્ટિવલમાં ભાગ લઇને પટોળાંની શાળ અને રંગકામ તેમજ વણાટકામ એક માસ સુધી અમોએ પ્રદર્શિત કર્યું હતું.

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિએ અમારા સ્વર્ગસ્થ પિતા શ્રી કાંતિલાલ લહેરચંદ સાલવીનું ૧૯૭૮માં તથા અમારા ભાઇ શ્રી છોટાલાલ એમ. સાલવીનું ૧૯૮૭માં રાષ્ટ્રીય પુરસ્કાર વડે સન્માનિત કર્યા છે તથા ભારતનાં માનનીય વડાપ્રધાન હસ્તે ૧૯૯૭માં રાષ્ટ્રીય એવોર્ડ આપીને શ્રી વિનાયક છે. સાલવીનું સન્માન કરાયું છે. સ્વ.સરોજબેન સાલવીને ૧૯૯૨માં દિલ્હી ખાતે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે મેરીટ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ.

૧૯૮૧માં નવી દિલ્લી ખાતે પ્રગતિ મેદાનમાં પટોળાની શાળ, વણાટકામ અને અન્ય બાંધણી પ્રક્રિયાઓનું પ્રદર્શન કરેલ. અમારા ભાઇ અને ભાભીએ ૧૯૮૭માં થાઇલેન્ડમાં બેંકો ક ખાતે એક સપ્તાહ સુધી 'Reglonal Training work shop for woman Dealing with Modern and Tradltlonal dying, weavlng, silk' માં ભાગ લીધેલ. પાનમાં ઓઠીનાવા ખાતે નવેમ્બર-૨૦૦૦ માં અમે પટોળા શાળનું પ્રદર્શન અને વણાટકામ તથા બાંધણીનું પ્રત્યક્ષ નિદર્શન 'હાઇબેર એશિયા કાસુરી રોડ ફેસ્ટિવલ' માં કરેલ. વિનાયક છે. સાલવીને વિજ્ઞાનભવન નવી દિલ્લી ખાતે ૧૫ નવેમ્બર, ૨૦૦૨ના રોજ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલકલામ દ્વારા 'શિલ્પગુરૂ' ખિતાબ અર્પણ કરીને નવાજવામાં આવ્યા હતા. તે જ દિવસે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પટોળાની ભાત દર્શાવતી રૂપિયા પાંચની ટપાલ ટિકીટ ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ દ્વારા બહાર પાડવામાં આવી હતી. ફિલિપાઇન્સના મનીલા ખાતે એન.આઇ.એફ.ટી. દ્વારા સંચાલિત સેમિનારમાં પટોળાની હાથશાળ તથા બાંધણી અને રંગકામનું એક મહિના માટે નવેમ્બર-૨૦૦૪ માં પ્રત્યક્ષ નિદર્શન કરાવીને ત્યાંના લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા.

(લેખક પટોળા હેરીટાજ મ્યુઝિયમના વ્યવસ્થાપક છે.)



પાટણના પ્રખ્યાત માટીનાં રમકડાં





- નરેન્દ્ર ઓતિયા



જેમણે પાટણનું નામ રોશન કર્યું છે, ગૌરવ વધાર્યું છે, એવા માટીકામના કારીગર – કલાકાર - કસબી રમકડાવાળા શ્રી ચીમનલાલ ઓતિયા સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. કુંભાર પ્રજાપતિ કુળમાં જન્મેલા માટીકલાના કસબીએ પોતાની આવડત અને શિક્ષણને પોતાના માટીકામમાં ભેળવીને બાળકોને જ્ઞાન-ગમ્મત સાથે રમવા માટે ગમી જાય તેવા શૈક્ષણિક રમકડાં બનાવ્યાં. લોકવાયકા છે કે જ્યારે વર્ષો પહેલા ૧૮-૧૯મી સદીના ગાળામાં તેમણે બાળકોને રમવા માટેના રમકડાંનું ઉત્પાદન કર્યું, ત્યારે રમકડાં ઉદ્યોગ પ્રચલિત થતો ગયો. એક સમય એવો આવ્યો કે સામાન્ય જનમાનસમાં પાટણનો રમકડાં ઉદ્યોગ પ્રચલિત થઇ ગયો. ગુજરાત કે અન્ય પ્રદેશોમાં પણ લોકો એમ કહેતા કે, "પાટણ જાઓ છો? તો અમારા બાળકોને રમવા માટે પાણી પીતો માટીનો હાથી જરૂર લેતા આવશો."

જ્ઞાન અને ગમ્મત સાથે બાળકોને રમવા મળે અને તેઓ ખુશ થાય. યાત્રી-મુલાકાતી પાટણ આવે ત્યારે ખાસ પૂછે કે, "પાણી પીતો માટીનો હાથી ક્યાં મળે છે?" યાત્રીઓને એક જ જવાબ મળતો કે માટીનાં રમકડાંવાળા શ્રી ચીમનલાલ ઓતિયાને ત્યાં. તેમનો માટીનો પાણી પીતો હાથી એટલો પ્રચલિત થઇ ગયો ને પાટણના માટીનાં રમકડાંનો ઉદ્યોગ લોકજીભે ચડી ગયો અને આ ઉદ્યોગે પાટણ શહેરના ગૌરવ સમું સ્થાન પ્રાપ્ત કર્યું. આ પ્રકારના રમકડાંઓમાં વૈજ્ઞાનિક શૈક્ષણિક રમકડાં (૧) પાણી પીતો હાથી હવાના દબાણ ઉપર, બકનળીના સિદ્ધાંત આધારિત છે. (૨) વાદળી હવાના દબાણ સિદ્ધાંત આધારિત પાણી ભરીને આંગળી દબાવીએ તો પાણી ના નીકળે આંગળી ઉંચી કરો પાણી નીકળે (૩) વાસુદેવ પ્યાલો અડધો ભરાય ત્યાં સુધી પાણી ના નીકળે, પૂરો ભરાય એટલે સડસડાટ પાણી ઢળી જાય. (૪) વોટર ઓફ ઇન્ડિયા, જાદુઈ લોટો (હવા જગ્યા રોકે છે તે સિદ્ધાંત આધારિત) ઉંધો કરીએ તો ખાલીખમ થઈ જાય ને ફૂંક મારીએ તો ભરાઈ જાય. બીજા પાણીમાં તરતો માટીનો કાચબો, દેડકો, માછલી જેવા રમકડાં બનાવ્યાં. સાથે-સાથે ગૃહ સુશોભન માટે ફૂલદાની, હરણ, વાઘ-સિંહના માથા, સિસોટી, કોડિયાં, વાડકી, કપ-રકાબી તેમજ ધૂમ્રપાનનાં શોખીનો માટે હુક્કા બનાવ્યાં. આ હુક્કો રાજદરબારોમાં, રાજા રજવાડામાં વપરાતો. આમ, પાટણના રમકડાંએ લોકોના જનમાનસમાં ઐતિહાસિક પ્રતિષ્ઠા મેળવી. આ રમકડાંઓને ખ્યાતનામ બનાવનારા કલાકારને ગાયકવાડ સરકાર તરફથી તા.૬-૧-૧૯૩૬ના રોજ પાટણમાં સિલ્વર મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કરાંચી, સુરત ઉદ્યોગ મેળામાં ૧૯૩૨, ૧૯૩૪, ૧૯૩૬માં ઉદ્યોગ ક્ષેત્રે તેમને પ્રતિષ્ઠા મળી. પાટણના માટીનાં રમકડાં અને પટોળાએ પાટણનું નામ ઇતિહાસમાં અમર કરી દીધું.

હાલમાં તેમના વંશજો પરંપરાગત માટીનાં રમકડાંનો વ્યવસાય ચલાવી રહ્યા છે. ઓતિયા ભોગીલાલ ચીમનલાલ તેમના સહાયક ઓતિયા જયંતીલાલ ચીમનલાલ જે વિશેષ નકશીકામના રમકડાંના જાણકાર ને ઉત્પાદક છે. હાલમાં શ્રી ચીમનલાલ ઓતિયાના બેનર હેઠળ ઓતિયા પ્રેમેન્દ્ર ભોગીલાલ આ રમકડાંના વ્યવસાયને સંભાળી રહ્યાં છે. મૃત:પ્રાય થઇ રહેલા આ માટીના રમકડાંના વ્યવસાયને યોગ્ય પ્રોત્સાહન -પ્રેરણા તેમજ સરકારી સહાયની અને સહકારની અપેક્ષા છે. હાલ આ હેરિટેજ રમકડાં ઉદ્યોગને સરકાર તરફથી સલાહસૂચન પ્રેરણા મળી રહી છે.

'પાણી પીતો માટીનો હાથી' ને ગુજરાત સરકાર દ્વારા પ્રથમ પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરી કલાકાર શ્રી ભોગીલાલ ચીમનલાલ ઓતિયાનું સન્માન કરેલ છે.

(લેખક જાણીતા હેરીટેજ ફોટોગ્રાફર છે.)

પાટણના મેળા, પરંપરા અને લોકોત્સવ



- ડૉ. ચંદુભાઈ સ્વામી

મધ્યયુગીય ગુજરાતનું પાટનગર એવું પાટણ નગર સોલંકી વંશના સુવર્ણકાળના શાસનની અનેક ભાતીગળ વિરાસતોનું આશ્રયસ્થાન છે. ગુજરાતની વિશિષ્ટ સ્થાપત્ય શૈલીનો આરંભ કરવાનો યશ મૂળરાજને ફાળે જાય છે. તેણે બનાવેલ શૈવ મંદિરો અને કુમારપાળે પ્રસરાવેલ જૈન ધર્મના દૃઢિભૂત પાયા ઉપર આજેય સરસ્વતીને કાંઠે વિકસાવેલું પાટણ નગર પ્રજાની સુખદ, ભવ્ય અને સાંસ્કારિક જીવનશૈલીની પરંપરાઓને આજદિન સુધી ઝીલતું રહ્યું છે. મધ્યયુગમાં એક સમૃદ્ધ રાજ્ય તરીકે તેમજ વિદ્યા સંસ્કારના ધામ તરીકે છવાઈ ગયેલું ગુજરાતનું પાટનગર પાટણ આજે તેના સ્થાપત્યકલાના અમૂલ્ય અવશેષો, પટોળા અને મશરૂના બેનમૂન હસ્ત ઉદ્યોગોને સાચવીને બેઠું છે. સમગ્ર સંસારને માટીકામના અદ્દભુત કલાસર્જનોની દેન આપનાર પાટણની મીઠાઈમાં દેવડા અને રેવડી ખૂબ પ્રખ્યાત અને ચિરંજીવી નામો છે. સાથે સાથે ગુજરાતભરમાં પાટણના વિવિધ મેળાઓ અને લોકોત્સવ પાટણની પ્રજાની સમૃદ્ધિ અને મોજ-મસ્તીની ચાડી આજેય ખાઇ રહ્યાં છે.

લોકોત્સવ અને પાટણમાં ભરાતા મેળાઓ પાટણની સમૃદ્ધિના સાચા પ્રતીકો છે. ગુજરાતભરમાં પાટણ તેના મેળાઓ અને લોકોત્સવ માટે પ્રખ્યાત છે. પાટણ એક એવું નગર છે કે જેમાં વર્ષ દરમિયાન જેટલા મેળા ભરાય છે તે કદાચ બીજે કોઈ સ્થળે ભાગ્યે જ ભરાતા હશે. પાટણમાં ભરાતા મેળાઓની સંખ્યા અને ખૂબીઓ અને ખાસિયતો જોતા પાટણને મેળાઓની નગરી કહેવાનું મન થાય છે. અષાઢસ્ય પ્રથમ દિવસે આકાશમાં મેઘ મંડાય અને વ્રત તહેવારોની શરૂઆત થાય. અષાઢી એકાદશીથી ગૌરીવ્રત આરંભાય છે.

અષાઢ મહિનાથી આરંભાય તહેવારોની પરંપરા અને દરેક તહેવાર એની સાથે લઈ આવે માનવ મહેરામણથી ઉભરાતા મેળાઓ. શ્રાવણ વદ પાંચમને નાગ પાંચમનો મેળો પંચાસરા જૈન મંદિર પાસેના આઝાદ ચોકમાં ભરાય છે. ઉત્તર ગુજરાતમાં નાગ પૂજાનું વિશેષ મહત્વ છે. આ નાગ પૂજા પાછળ કોઈ રહસ્ય છે. ગામના મોટાભાગના લોકો ચાર વાગ્યાથી પંચાસરા જૈન મંદિર પાસે મેળામાં જાય છે. પહેલા નાગદેવતાના દર્શન કરે છે અને પછી પંચાસરા જૈન મંદિરમાં દર્શન કરે છે. મેળો એટલે લોકોની ભીડ જ નહીં, બાળકો માટે રંગબેરંગી રમકડા, ચકડોળ અને ખાણી-પીણીની જ્યાફત. આ મેળામાં પ્રખ્યાત માટીના રમકડા આખોય સંસાર રચીને બેઠા હોય છે. પૈસા નાખવાનો ગલ્લો, ઘંટી, સિસોટી, નાના માટીના બેડા, રસોડાના સાધનોથી માંડી પશુ-પક્ષીઓ અને કલાકૃતિઓની વણઝાર સર્જાય છે.

શ્રાવણ વદ સાતમના દિવસે પાટણમાં શીતળા સાતમનો મેળો છીંડીયા દરવાજા બહાર શીતળા માતાના મંદિર પાસે ભરાય છે. આ મેળામાં ખાણી-પીણીની લારીઓ અને વિવિધ સ્ટોલો અંબાજી માતાના મંદિર પાસેના ચોકમાં ઉભી રહે છે. ચકડોળ તેમજ બીજા ફેરિયાઓ દરવાજા બહાર ઉભા રહે છે. આજે પણ પાટણના ઘણા ઘરોમાં સાતમના દિવસે ગેસ સળગાવવામાં આવતો નથી અને ગેસ પર આસોપાલવના વૃક્ષની ડાળખીઓ મૂકે છે. આ દિવસે મોટાભાગના લોકો રાંધણછઠના દિવસે રાંધેલું ઠંડુ ભોજન જ ખાય છે. વર્ષ દરમિયાન બાળકોને ઓરી, અછબડા કે શીતળાના ઉપદ્રવ વખતે માનેલી બાધા-આખડી પૂર્ણ કરવાના આશયથી બાળકોને માતા આગળ નમાવવામાં આવે છે. મળેશ્વરનો મેળો પાટણની ભાતીગળ વિશેષતાના દર્શન માટે આજે પણ પ્રખ્યાત છે.રાત દિવસ ચાલતા આ મેળામાં પાટણના લોકો ઉમટી પડે છે. પણ સાથે સાથે આસપાસમાં ગ્રામીણ લોકો પણ આ મેળામાં ઊમટી પડે છે. આ મેળામાં ગ્રામ્ય અને શહેરી બંને લોકોની વસ્તીના દર્શન થાય છે. પાલડી ગામની સીમમાં ઠેર-ઠેર કેરડા અને વખડાના જાળાં અને ઝાડોની વચ્ચે મેળો માનવ મહેરામણથી ઉભરાતો આજે પણ જોવા મળે છે.

ભવાઈ આ મેળાનું આકર્ષણ છે. આ ભવાઈ પાટણના ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ ભવાઈ મંડળ દ્વારા કરવામાં આવે છે. આ લોકોએ અહીં અસાઈ ઠાકરના ભવાઈના પ્રસંગો પરથી ભવાઈ કરવાની પ્રેરણા મેળવી છે. મેળાની રાત્રે ૯ થી બીજા દિવસે બપોરે 12 વાગ્યા સુધી ભવાઈ રમાય છે. આ ભવાઈમાં શ્રી ગણપતિ, જુઠ્ઠણ, મિયાં-બીબી, કારકા, તેમ ઝંડો, બેગમ રાજા, ભૌઈ-ભોયત, સરાણીયો અને સીતાહરણથી માંડીને રામ-રાવણના યુદ્ધના પ્રસંગો ભજવવામાં આવે છે. છેલ્લે રાવણ મરે ત્યારે ભવાઈ પૂરી થાય છે. આ ભવાઈમાં સાંજનો સૂર પાલડી ગામના ઠાકોરો ખૂબ જ સારી રીતે પૂરે છે.

ગુંગળી દરવાજા બહાર ગુણવંત હનુમાન પાસે આસો સુદ 14ની રાત્રે ગુણવંત હનુમાનનો મેળો ભરાય છે. હનુમાનના મંદિરમાં ખત્રી ભાઈઓ ડાક વગાડી હનુમાન દાદાના ગુણગાન ગાય છે. મંદિરમાં ભક્તિસંગીત, ડાક અને ઢોલક વગેરેના નાદથી વાતાવરણ સંગીતના સૂરો સાથે ભક્તિમય બની જાય છે. રાત્રે 12 વાગ્યા પછી પાટણના મુખ્ય માર્ગો પર હનુમાનજીની પલ્લી નીકળે છે. જ્યાં ચોક આવે ત્યાં વિશ્રામ લઈને પલ્લી મંદિરે પરત આવે છે.

પાટણની દિવાળી તેના પાંચ મેળાને કારણે અનેક રીતે વિશેષતા ભરી બની રહે છે. દિવાળી એટલે દીવા અને રોશનીનો તહેવાર. પાટણમાં દિવાળીનો તહેવાર લાભપાંચમ સુધી ચાલે છે. પાટણમાં દિવાળીના દિવસોમાં જ્યાં જાવ ત્યાં મેળાનું જ વાતાવરણ હોય છે. દિવાળીના દિવસે રાત્રે પોતાના ઘરમાં દિવાળી કાઢી આધ દેવતાની પૂજા કરી ઘરમાં દીવડા પ્રગટાવે છે અને પછી મેરમેરાયા કાઢવામાં આવે છે. વેપારી ભાઈઓ શુભ મુહૂર્તમાં ચોપડા પૂજન કરે છે. ચોપડા પૂજન બાદ મહાલક્ષ્મી માતાના મંદિરે દર્શન કરવા લોકો જાય છે. દિવાળી પછીનો દિવસ એટલે નવલા નૂતન વર્ષનો દિવસ. આ નૂતન વર્ષે રંગબેરંગી વસ્ત્રો ધારણ કરી નાના મોટા સૌ એકબીજાને ભેટીને હૃદયથી શુભકામનાઓ પાઠવે છે. જુદા જુદા મંદિરોમાં રાજભોગ ચડાવવામાં આવે છે. બધા જ લોકો આ રાજભોગનો પ્રસાદ લેવા વિવિધ મંદિરોમાં દર્શનાર્થે જતા હોય છે. નૂતનવર્ષના દિવસે સાંજે કાળકા માતાના મંદિરે લોકો દર્શન કરવા જાય છે. દિવાળીના આ પાંચેય દિવસ જૂના અને નવા કાલિકા માતાના મેળા ભરાય છે. આ ઉપરાંત કાળભૈરવ, કુલણીયા હનુમાન, સિંધવાઇ માતા, પારવીયા વીર વગેરે જગ્યાએ મેળાની મોટી ભીડ જામતી હોય છે.

કારતક સુદ પૂનમના દિવસે ખાન સરોવર વિસ્તારમાં બહુચરાજી માતાના મંદિરના વિસ્તારમાં પટનો મેળો ભરાય છે. આ દિવસે જૈન લોકો જેઓએ ચાતુર્માસ કર્યા હોય તેવા લોકો આમ તો પાલીતાણા જઈ શેત્રુંજયની પ્રદક્ષિણા કરી પોતાનો ચાતુર્માસ છોડતા હોય છે. પરંતુ, બધા જ લોકો પાલીતાણા જઈ શકતા નથી. માટે દરેક ગામ કે નગરમાં તેઓ કોઈ ઊંચા ટેકરા પર જઈ પાલીતાણા-શેત્રુંજયના ચિત્રના દર્શન કરી પૂજા પાઠ કરતા હોય છે. પાટણમાં ખાન સરોવર પાસે આવેલ બહુચરાજીના મંદિર પાસે ઊંચા ટેકરા પર જૈન શ્રાવકો, સાધુ-સાધ્વીઓ પૂજા પછી આયોજિત પટના દર્શન લોકો માટે ખુલ્લા મુકે છે. આમ પાટણમાં ભરાતા આ મેળાનું નામકરણ જૈનોના શ્રદ્ધાભાવ અને પૂજા અર્ચનાને ધ્યાનમાં રાખીને પટનો મેળો એવું પાડવામાં આવ્યું છે. કાત્યોકનો સિદ્ધપુરનો રઢિયાળો લોકમેળો કાર્તિકી પૂનમના દિવસે ભરાય છે. આ મેળો આખા ગુજરાતમાં પ્રખ્યાત છે. પાટણ જિલ્લાનું સિદ્ધપુર એટલે માતૃતર્પણનું ભારત પ્રસિદ્ધ તર્પણતીર્થ! કાર્તિક માતૃતર્પણનો પવિત્ર સમય ગણાય છે. તેમાંય કાર્તિકી પૂનમના દિવસે સિદ્ધક્ષેત્ર સિદ્ધપુર ખાતે ગંગા-યમુના-સરસ્વતીનો ત્રિવેણી સંગમ થતો હોવાની શ્રદ્ધા વિધમાન છે.

કાર્તિકી પૂનમના દિવસે હજારો નહીં પણ, લાખો ભાવિકો સિદ્ધપુરમાં એકઠા મળે છે. બસ, આ પરંપરાના અનુસંધાનમાં સિદ્ધપુરમાં પ્રસિદ્ધ કાત્યોક લોકમેળો આવિષ્કૃત થયો છે. કાત્યોકી પૂનમે સિદ્ધપુર ખાતે યોજાતો લોકમેળો પાટણ જિલ્લાની શોભાની યશકલગી ગણાય છે.કાર્તિક સુદ બારસથી શરૂ થઈ, પાંચ દિવસ સુધી ચાલતા આ લોકમેળામાં લાખો મેળાઘેલા માનવીઓની ભાવનાભરી ઉપસ્થિતિ હોય છે. અંદાજ મુજબ કાત્યોકના મેળામાં છ થી સાત લાખ લોકો ભાગ લે છે. માતૃતર્પણની પ્રાસંગિકતા સાથે કાત્યોકનો મેળો જિલ્લાના રૂપકડા લોકજીવનનો છબિગાર બને છે. જિલ્લાની અનુ-જાતિના લોકો સામાજિક લેતી-દેતીની પાલવણી હારે દીકરા-દીકરીઓના સગપણનું વાગ્દાન આપે છે-લે છે, જેના કારણે આ મેળો સગપણીયો મેળો કહેવાય છે.

આ મેળામાં ઉંચી ઓલાદના ઊંટ અને ઘોડાઓના વેચાણ માટે મોટું બજાર જામે છે, જેમાં સારી એવી લે-વેચ થાય છે. અહીં શેરડીના રસીલા સાંઠાઓ ટનના તોલે વેચાય છે, એટલે આ મેળાને લોકો શેરડીયા મેળા તરીકે પણ ઓળખે છે. મહા સુદ આઠમે વરાણાનો ખોડીયારનો મેળો ખૂબ જ પ્રખ્યાત છે. પાટણ જિલ્લાનું વઢિયાર મથક કાઠિયાવાડની લઘુ આવૃત્તિ કહેવાય છે. વરાણા ખાતે પ્રતિવર્ષ મહા સુદ આઠમે ભાતીગળ લોકમેળો યોજાય છે. આ મેળામાં વઢિયાર, ઝાલાવાડ, ચુંવાળ અને રાધનપુર, સાંતલપુરના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. આ મેળો આમ તો મહાસુદ બીજ-ત્રીજથી ચાલુ થઈ પૂનમ સુધી ચાલે છે. સાતમ, આઠમ, નોમના દિવસોએ આ લોકમેળો પૂરબહારમાં જામે છે. મેળા દરમિયાન કુલ મળી પાંચથી સાત લાખ ભાવિકો ઉમટે છે. મેળામાં વઢિયાર સહિત અન્ય પંથકના લોકજીવનની રૂડેરી ઝાંખી થાય છે. પુત્ર પ્રસવના પરિતોષથી ધન્ય બનેલા અને દીકરાને મળેલી વહુરાણીથી કૃતકૃત્ય બનેલા ભાવિકો આઈશ્રી ખોડિયાર ને તલ-સાકરની બનેલી સાંનીનું નૈવેધ સાદર કરે છે.

વઢિયાર પંથકમાં યોજાતો લોટેશ્વર ભગવાનનો મેળો પ્રખ્યાત છે. ભગવાન લોટેશ્વર મહાદેવના પૌરાણિક શિવાલયથી શોભી રહ્યું છે. પુરાણોમાં ધર્મારણ્ય ક્ષેત્ર તરીકે ઓળખાતા તીર્થધામ શ્રી લોટેશ્વર ધામ ખાતે પ્રતિવર્ષ શ્રાવણી અમાસે ભવ્ય લોકમેળો યોજાય છે. આ મેળામાં હજારો શ્રદ્ધાળુઓ ભગવાન લોટેશ્વરને દૂધ, જળ, બિલિપત્ર સાદર કરી ધન્ય બને છે. મેળામાં વઢિયારના લોક જીવનની ઝાંખી થાય છે. આ ઉપરાંત અડિયા-ઝિલીયા શ્રાવણી અમાસના મેળા પણ પ્રખ્યાત છે.

પાટણના મેળાની આગવી વિશેષતા પદ્મનાભના રાત્રીમાં ભરાતા સાત દિવસના મેળા છે. આ મેળો સાત દિવસ લાંબો ચાલે છે. આ મેળા પાટણમાં ચાણસ્મા હાઇવે પર આવેલા પદ્મનાભ મંદિરે સુદ **૧૪**ની રાત્રીથી વદ પાંચમ સુધી ભરાય છે. આ મેળા મીરા દરવાજા બહાર અગાસિયા વીરથી માંડીને પદ્મનાભના મંદિર સુધી ભરાય છે. મેળાઓ રાત્રીએ ભરાય છે છતાં દિવસ કરતાં પણ વધુ અજવાળું મેળાઓમાં હોય છે. પ્રથમ દિવસથી પાટણની પ્રજા આ મેળામાં રાત્રે **12** વાગ્યા સુધી ઉભરાય છે. જે લોકો મેળામાં આવે તે બધા જ ભગવાનની નીકળતી ચાર રવાડીના દર્શન કરીને પછી જ ઘેર જતા હોય છે.

આ મેળાઓ પ્રજાપતિ ભાઈઓના મેળા તરીકે ઓળખાય છે. આ મેળા પહેલા જે પ્રજાપતિ ભાઈઓના લગ્ન થયા હોય તે નવદંપતી સુદ-**૧૪** રાત્રીએ પ્રથમ મેળા વખતે રવાડી પ્રગટ થયા પછી પોતાના ઘરેથી નવા વસ્ત્રો પરિધાન કરી પદ્મનાભના દર્શને જાય છે અને રાત્રી દરમ્યાન સાત ફેરા ફરે છે. સાત ફેરા ફરતી વખતે નવા વસ્ત્રો પહેરે છે અને દરેક વખતે ઘેરથી મીઠાઈ ખાઈ મોં મીઠું કરે છે. જેથી જીવનભર બંને વચ્ચે મીઠાઈ જેવી મીઠાશ રહે. આ મેળા રેવડિયા મેળા તરીકે પણ ઓળખાય છે.

પાટણના લોકોત્સવ:

પાટણ જિલ્લો મેળા ઘેલો મુલક છે. લોકમેળો એટલે મ્હાલવું અને મન ભરીને આનંદવું. લોકમેળો એટલે જીવનના સંઘર્ષોની બહાર નીકળી થોડા સ્વમાં વિસરાઈ જવાનો અવસર! આવું બધું તો જિલ્લાના માયાળુ મનેખોને ખૂબ જ ગમે! અને તેથી જ તો પંથકમાં વર્ષે દહાડે સંખ્યાબંધ લોકોત્સવ ઉજવાય છે. ભારતભરમાં પ્રખ્યાત એવી ભગવાન જગદીશની રથયાત્રાનો તહેવાર પણ પાટણમાં ધૂમધામથી ઊજવાય છે. આ રથયાત્રાની પૂર્વ તૈયારીઓ એક મહિના અગાઉથી શરૂ થઈ જાય છે. ગામના બધા જ કાર્યકર્તાઓ ભગવાન શ્રી જગદીશની યાત્રાની પૂર્વ તૈયારીમાં લાગી જાય છે. અષાઢ સુદ બીજના દિવસે પાટણમાં ઘીવટા વિસ્તારમાં રોકડિયા ગેટ પાસે આવેલા ભગવાન શ્રી જગદીશના મંદિરેથી રથયાત્રાનો આરંભ થાય છે. ગુજરાતમાં પાટણની રથયાત્રા અમદાવાદ પછી બીજા નંબરની રથયાત્રા છે.

આજકાલ સમગ્ર ભારતમાં ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ઠેરઠેર ઉજવવામાં આવે છે. આજકાલ પાટણમાં ગુરુપૂર્ણિમાનું મહત્વ વધતું જાય છે. આજે તો દરેક શૈક્ષણિક સંસ્થામાં આ ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. પંચમુખી હનુમાનના દશનામ ભૂષણ પૂ. શ્રી સ્વ. નર્મદાગિરી મહારાજનું લોકો ગુરૂ પૂજન કરે છે. આજે તો પ. પૂ.સ્વ. ભાનુવિજયજી મહારાજ અને પ. પૂ. શ્રી સ્વ. જયદેવપ્રસાદ પાઠક અને લાલેશ્વર મહાદેવના કાલભૈરવના ભક્તો પૂર્ણ શ્રદ્ધા સાથે ગુરૂ પૂજન કરી પોતાની જાતને ધન્ય માને છે .પાટણમાં જન્માષ્ટમીની ઉજવણી એક અનોખી પરંપરા પ્રમાણે થાય છે. જન્માષ્ટમીના દિવસે પાટણના બધા લોકો સરસ્વતી નદીના કિનારે સ્નાન કરવા શ્રદ્ધા સાથે જાય છે. રસ્તાઓ ભીડથી જામ થઈ જાય છે. શીતળા સાતમના દિવસે ચૂલામાં મુકેલા આંબા કે આસોપાલવના પાન પોતાની સાથે લઈ જઈ નદીમાં પધરાવે છે. પાટણમાં નવરાત્રિનો ઉત્સવ અને દશેરાનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આજે તો પ્રાચીન નવરાત્રિનો આપણો ગરબો ખોવાયો છે. સમુત્કર્ષ (ભારત વિકાસ પરિષદ) જેવી સંસ્થાઓ પાશ્ચાત્ય વાતાવરણ વચ્ચે પણ આ પ્રાચીન ગરબાને શોધવાનો પ્રયાસ કરે છે તે ખૂબ જ આનંદની વાત છે.આ સિવાય શરદપૂનમના દિવસે શરદોત્સવ વિવિધ સંસ્થાઓ ધામધૂમથી ઉજવે છે.

જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં ગામ ઉજાણી અનોખો લોકોત્સવ ગણાય છે. સમી તાલુકાના દાઉદપુરની ગામ ઉજાણી પ્રસિદ્ધ છે. આ ઉપરાંત, પાટણ તાલુકાના સુજનીપુર ગામે ઉજાણીનો લોકોત્સવ સારો એવો પ્રસિદ્ધ છે. આમ તો ગામ ઉજાણી મહદંશે તમામ ગામોમાં નાના મોટા પાયે ઉજવાતો લોકોત્સવ છે, જેમાં ગામની એકતા, સંપ અને ભાઇચારાના દર્શન થાય છે, અને સામાજિક સમરસતાને બળ મળે છે.

આ સિવાય રામનવમી, ગણેશ ચતુર્થી જેવા ઉત્સવો તેમજ પટણીબંધુઓ દિવાસો અને મુસ્લિમ ભાઇઓ મોહરમ જેવા ઉત્સવો ઉજવતા હોય છે. જિલ્લાના ચંદ્રુમાણા ખાતેના એક સહસ્ત્ર વર્ષ પુરાણા શ્રી ગૌરી મૈયાના સ્થાનકે વૈશાખ સુદ આઠમના દિવસે યોજાતો પાટોત્સવ અને બાલીસણા ખાતે આસો સુદ ચૌદસ પૂનમનો ગરબા મહોત્સવ શ્રી ભવાની મૈયાના સ્થાનકનો અદકેરો લોકોત્સવ બની રહે છે. આમ, પાટણ જિલ્લાના ગરવા લોકોત્સવોને મનાવવામાં આવે છે.

આ મેળા અને લોકોત્સવ અનેક રીતે ઉપયોગી છે.

૧. હસ્તકલા અને કારીગરોને પ્રોત્સાહન મળે છે. પાટણમાં હસ્તકલા ઉધોગ અને કારીગરી ઉધોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે, તેની સાક્ષી આ મેળાઓ પૂરે છે.

૨. ફેરિયા, લારીવાળાઓને રોજગારી મળે છે. આ મેળાઓમાં વર્ષભરની કમાણી તેમને થઇ જાય છે.

૩. બાળકોમાં શૈશવ સ્મરણીય અનુભવોનું ભાથું બંધાય છે.

૪. લોકોના જીવનની એકલતાને બદલે ભાતીગળ રંગોની રંગોળી સર્જાતી રહે છે. જીવનમાં આનંદ અને ઉલ્લાસ ભરાય છે. પરિણામે દુ:ખ-દર્દ દૂર થાય છે.

૫. પ્રજાની ધાર્મિકતા અને સંસ્કારિતાને પોષણ મળે છે.

૬. આ મેળાઓ સમરસતાનો અદભુત દાખલો પૂરો પાડે છે. હજુ સુધી વર્ષોથી ભરાતા આ મેળામાં કોઇ અનિચ્છનીય બનાવ બન્યો નથી.

પાટણના મેળાઓને આપણે દરવાજાની બહાર થતાં મેળા અને દરવાજાની અંદર થતા મેળા એમ બે વિભાગમાં વર્ગીકરણ કરી શકીએ છીએ. પણ પાટણ માં મોટા ભાગ ના મેળા દરવાજા બહાર જ ભરાય છે. મેળાએ આપણી સંસ્કૃતિની એકતાનું દર્શન કરાવે છે. મેળામાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર દરેક વર્ણના લોકો ભાગ લે છે. મેળામાં યુથ હોસ્ટેલ, રોટરી ક્લબ તેમજ લિઓ ક્લબ તરફથી બળિયા હનુમાનના પ્રગતિ મેદાનમાં આનંદ મેળો દર વર્ષે એપ્રિલ કે મે મહિનામાં ભરાય છે. જેમાં વિવિધ પ્રકારના ચકડોળ જેવા કે મેરી ગો રાઉન્ડ, જાયન્ટ વ્હીલ, ટોરા-ટોરા વગેરે અને બાળકોની રેલગાડી, નાની નાની મોટર ગાડીઓ, ખાણીપીણીના વિવિધ સ્ટોલો હોય છે. રાત્રે આઠ વાગ્યાથી એક વાગ્યા સુધી આ મેળામાં ભારે ભીડ જામે છે.

પાટણ નગરી એટલે મેળાઓની નગરી એમ કહીએ તો કંઇ જ ખોટું નથી. પાટણમાં એટલા બધા મંદિરો આવેલા છે કે આટલા મંદિરો બીજા કોઇ સ્થળે ભાગ્યે જ આવેલા હશે. આ મંદિરો આજે પણ પાટણની પ્રજા ધર્મપ્રિય છે તેની સાક્ષી પૂરે છે. આ મંદિરો પાસે ભરાતા મેળાઓ લોક ધબકારને ઝીલીને આનંદ ઉલ્લાસને પ્રગટ કરતી સુસંસ્કૃત પરંપરા છે.

(લેખક સરસ્વતી શિક્ષણ મહાવિધાલય, ઊંઝાના પ્રિન્સીપાલ છે.)

વીર વનરાજસિંહ ચાવડા



- વિષ્ણુસિંહ ચાવડા

"સંવત આઠ બિલોતરે નગર (પાટણ) વસાવ્યો,
નરતર મહાબુધ વદી ૭ સબળતી વાર શનિવાર
ભણે ભટ્ટ જયચંદ જોવે જ્યોત ગુજરાતી પહોરદન
પાછલે આણ બહારજ બત્તી ઓળખો નગર એહે
જન્મોતરી સંવત ૧૩૯૭ માં અણહિલપુર ઉજડ."

સમૃદ્ધ નગરો જેવા કે દ્વારકા ગિરિનાર, વલભી, શ્રીમાલ એ બધા પછી અણહિલપુર પાટણમાં ગુજરાતની રાજધાની સ્થપાઇ એથી જ ગુજરાતની સ્થાપના થઇ એમ કહેવાય છે. વિક્રમ સવંત ૮૦૨ માં લk ખારામના સ્થાન ઉપર ભેરુબંધ અણહિલ ભરવાડે બતાવેલી જગ્યાએ રાજા વનરાજ ચાવડાએ પાટણની સ્થાપના કરી. લકખારામની સ્થાપના થઇ હશે તે પહેલાં પણ આ સ્થાન ઉપર થોડી ઘણી વસ્તી હોવી જોઇએ.

મૈત્રકકાળ તથા અનુમૈત્રકકાળ દરમ્યાન ગુજરાતમાં ચાપ, ચાપોત્કર, ચાપોત્કટ, ચાવોટક, ચાઉડા, ચાવડા નામે ઓળખાતા કેટલાક રાજ્યો અસ્તિત્વમાં આવ્યા અને તેમના મૂળ પુરુષ કોણ હતા, તે અંગે કોઇ જ માહિતી પ્રાપ્ત થતી નથી. કેટલીક દંતકથાઓ અનુસાર આ પૃથ્વીને અસુરોના ત્રાસમાંથી મુક્ત કરવા માટે ભગવાન શિવજીએ પોતાના ધનુષ (ચાપ) માંથી એક શક્તિશાળી પુરુષ ઉત્પન્ન કર્યો, જે " ચાપ "તરીકે ઓળખાયો. એમાંથી ' ચાપવંશ ' પ્રવર્ત્યો, જે આગળ જતા ચાપવંશી ચાવડા કે ચાપરાજ તરીકે પ્રસિદ્ધ થયો. તેઓ ચાપ (ધનુષ) ધારણ કરનાર અને બાણ વિદ્યાના પારંગત હતા, તેથી તેઓને ચાપોત્કટ કહેવામાં આવતા. ચાપોત્કટનો અપભ્રંશ થઇને ચાવડા કહેવાયા. ચાવડા રાજવંશનાં સૌથી પ્રાચીન જ્ઞાત ઉલ્લેખ શક વર્ષ ૫૫૦ (ઈ.સ.૬૨૮) માં ભીનમાલમાં ચાપ રાજા વ્યાઘ્રમુખના સમયે પ્રસિદ્ધ કર્યો હતો. વલભીના નાશ પછી વલભીના વળાચમારડીમાં ચાપવંશી રાજા પ્રતાપભાનું રાજ્ય હતું. ત્યાંથી તેઓએ પંચાસર ગામે આવીને રાજગાદી સ્થાપી. તે આનર્ત પ્રદેશ ગુર્જર રાજાઓના નામથી 'ગુજરાત' કહેવાયો. સંવત ૭૦૦-૭૨૬ સુધી પંચાસર ગામે ગાદી સ્થાપી. પ્રબંધ ચિંતામણી, રાસમાળા વગેરે પુસ્તકોને આધારે સાતમા સૈકાના અંતમાં પંચાસરમાં (વઢિયાર પ્રદેશ) રાજા પ્રતાપભાનુના પુત્ર જયશિખરી ચાવડા રાજ કરતા. તેમણે કનોજ દેશના ભૂગોડ ચોલુકય (સોલંકી)ના સૈન્ય સાથે ભયંકર યુદ્ધ કર્યું હતું, જેમાં રાજા જયશિખરીનો વિજય થયો હતો. બાદમાં થોડા સમય પછી રાજા ભુવડે મોટા સૈન્યબળ સાથે લશ્કરની આગેવાની લઇને ફરીથી પંચાસર ઉપર ચડાઇ કરી. આ યુદ્ધમાં રાજા જયશિખરીએ રણમેદાનમાં અદ્ભુત શૌર્ય દેખાડ્યું હતું. યુદ્ધ ચૌદ દિવસ ચાલ્યું હતું. ઘમાસાણ યુદ્ધ દરમિયાન રણમેદાનમાં તેઓનું મસ્તક કપાયા પછી પણ ધડ ત્રણ દિવસ સુધી લડતું રહ્યું હતું અને દુશ્મન સૈન્યમાં હાહાકાર મચાવ્યો હતો. રાજા જયશિખરીના શૌર્ય, અપ્રતિમ પરાક્રમ અને શૂરવીરતાની કદર કરીને રાજા ભુવડે રાજા જયશિખરીની યાદમાં ભુવડેશ્વર મહાદેવનો પ્રાસાદ બંધાવ્યો હતો.

આ યુદ્ધ દરમિયાન મામા શૂરપાળ મકવાણા પોતાના બહેન રૂપસુંદરી, જેઓ મુલતાન દેશના કુંવરી હતા અને જેઓ સગર્ભા હતા, તેમને સુરક્ષિત જગ્યાએ લઇ ગયા હતા. રાણી રૂપસુંદરીએ વિ.સં **૭૫૨** માં વૈશાખ સુદ **૧૫**ના દિવસે વણોદ નામના ગામે એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. બાળકનો જન્મ વનમાં થયો હોવાથી વનરાજ નામ પાડ્યું. બાળ વનરાજનો ઉછેર પંચાસરના વનમાં થયો હતો. બાળ વનરાજને તેમના મામા શૂરપાળે ઘોડેસવારી તથા યુદ્ધકળા તેમજ ધનુષ વિદ્યા શીખવી હતી. જ્યારે જૈન મુનિ શીલગુણ સૂરિજીએ રાજ્યકર્તા તરીકે યોગ્ય તાલીમ આપી હતી. વનરાજની યોગ્ય ઉંમર થતાં તેમણે પોતાના પિતાનું રાજ્ય પાછું લેવા માટે બહારવટું ખેડ્યું. જેમાં રાજ્યનો ખજાનો લૂંટી લેવા માટે વનરાજના સાથીદાર તરીકે જામ્બાક કે ચાંપો નામે શૂરવીર વાણિયો તથા બહાદુર અણહિલ ભરવાડ હતા. વનરાજે ભુવડ રાજાનો ખજાનો લૂંટી સૈન્ય એકઠું કર્યું. સેનાપતિ તરીકે મામા શૂરપાળ જોડાયા અને વનરાજે તક જોઇને સુરત સર કર્યું. બીજી ટુકડીએ રણજીત નામના સરદારની આગેવાની હેઠળ ખંભાત થાણું સર કર્યું.

આમ રાજા ભુવડના ઘણા ખરા સૈનિકો માર્યા ગયા અને મોટો ખજાનો વનરાજના હાથમાં લાગ્યો. બાદમાં આ ભયંકર યુદ્ધમાં ભુવડનું સૈન્ય વેરવિખેર થઇ ગયું. ભુવડને મૃત્યુ સામે દેખાયું. સમયને પારખીને તેણે શરણે થવાનું કહેણ મોકલ્યું. પોતાની હાર સ્વીકારી. એ વખતે વનરાજ ચાવડાને પોતાના ગુરુ શીલગુણ સૂરિજીના શબ્દો યાદ આવ્યા કે શરણે આવેલાને જીવન આપવું એ ક્ષત્રિયનો ધર્મ છે. આમ વનરાજ ચાવડાએ પ્રથમ ગુર્જર ભૂમિ પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. આમ ભુવડના શાસનને ગુજરાતમાંથી કાઢવાનું કામ લાંબા ગાળે ને ઘણા કષ્ટે પાર પાડ્યું. રાજા જયશિખરીના શૂરવીર પુત્ર વનરાજ ચાવડાએ ભીલ,જૈન, બ્રાહ્મણ તેમજ મામા શૂરપાળ, ચાંપો વાણિયો, ભેરુબંધ અણહિલ ભરવાડની મદદથી આ યુદ્ધ જીત્યું હતું.

આમ શત્રુને પરાજીત કરી અણહિલ ભરવાડે બતાવેલ જગ્યાએ પોતાના ભેરુબંધ અણહિલ ભરવાડની યાદ રૂપે સરસ્વતી નદીના કિનારે લકખારામ ગામે વિ.સં ૮૦૨ ના વૈશાખ સુદી **૨** ને સોમવાર અણહિલપુર પાટણ નગર વસાવી આંબલીના ઝાડ પાસે ધવલ ગૃહ (રાજાનું નિવાસસ્થાન) બંધાવ્યું હતું. ત્યાં શુભ મુહૂર્ત કર્યું. સ્થાપનાની તારીખ માટે ઘણા મતભેદ છે, પણ નિર્વિવાદ ઐતિહાસિક સત્ય છે તે અણહિલપુર પાટણની સ્થાપના રાજા વનરાજ ચાવડાએ કરી હતી અને પાટણ સાડા પાંચસોથી છસો વર્ષ સુધી ગુજરાતની રાજધાની રહી હતી. જેમાં નવ ચાવડા રાજવીઓએ **૧૯૬** વર્ષ રાજ કર્યું હતું. બાદમા અગિયાર સોલંકી રાજવીઓએ **૨૭૦** વર્ષ રાજ કર્યું હતું અને પાંચ વાઘેલા રાજવીઓએ ૮૦ વર્ષ પાટણ ઉપર રાજ કર્યું હતું.

પાટણની સ્થાપનાની જુદી-જુદી તિથિ આ પ્રમાણે છે

સંવત ૮૦૨ (ઈ.સ. ૭૪૬) મહાવદ ૭ શનિવાર

રાસમાળા પ્રમાણે વિ.સં ૮૦૨ માઘ વદ ૭ શનિવાર

પાટણમાં ગણપતિ મંદિરમાં વિ.સં ૮૦૨ ચૈત્ર સુદ ૩ શુક્રવાર

પ્ર,ચિ પ્રમાણે વિ.સં ૮૦૨ વૈશાખ સુદ ૨ સોમવાર

વિચારશ્રેણી વિ.સં ૮૨૧ વૈશાખ સુદ ૨ સોમવાર

રાજ્ય વંશાવલી વિ.સં ૮૦૨ શ્રાવણ સુદ ૨ સોમવાર

રાજા વનરાજ ચાવડાએ પોતાના શાસન દરમિયાન પોતાના વફાદાર સાથી ચાંપા વાણિયાને મહાઅમાત્યનું પદ આપી તેમના નામની સ્મૃતિ માટે ચાંપાનેર નગર વસાવ્યું હતું. વણોદ ગામે વનાવી માતાનું મંદિર અને વેન કૂવો બંધાવ્યો હતો. અણહિલપુર પાટણ ખાતે મહેલ બંધાવ્યો હતો તેમજ પંચાસર પાર્શ્વનાથ જૈન દેરાસરમાં તેમણે પોતાની પ્રતિમા તેમજ મામા શૂરપાળ મકવાણાની પ્રતિમા મૂકાવી હતી. રાજગઢમાં કંટકેશ્વરી માતાનું મંદિર તેમજ ઉમા મહેશ્વરનું અને ગણપતિ મંદિર બંધાવ્યું હતું. અણહિલપુર પાટણ ખાતે કોટ, કૂવા,વાવ તેમજ અન્ય મંદિરો, ચબૂતરા વગેરે બંધાવ્યા હતા. ગુર્જર નરેશ પાટણપતિ વનરાજ ચાવડાના રાજ્યાભિષેકના સમયે કાકર ગામના શ્રીદેવીને તેમણે ધર્મની બહેન માનેલા. તેઓના હાથે વનરાજ ચાવડાએ રાજતિલક કરાવ્યું હતું. આ રાજ્યાભિષેક વિ.સં ૮૦૨ વૈશાખ સુદ સોમવારે થયો હતો. તેમનો સ્વર્ગવાસ વિ.સં ૮૬૨ અષાઢ સુદ ૩ને ગુરૂવારે થયો હતો. આમ **૧૧૦** વર્ષ આયુષ્ય ભોગવ્યું હતું. (**૬૦** વર્ષ રાજ્ય કર્યું હતું)

કવિત (રાજપૂત વંશ ભાગ-૨)

"નવ છત્ર ચાવડા કીજ પાટણ ઘર રાજડ,
સોલંકી આગિયાર બસેં સીતેર ને છાસડ,
હુવા વાઘેલા, પાંચ, વરસ એકસો અઠ્ઠવીસ (?),
પચવીસ પાટ પટાવલી એણે અણહિલ પર ભોગવે"

(લેખક સંશોધક અને ચિત્રકાર છે.)



વારસે મળ્યું પાટણ



- કપિલ ઠાકર

ગુજરાતનું પ્રથમ પાટનગર એવું પાટણ નગર ચાવડા વંશ પહેલા પણ અસ્તિત્વ ધરાવતું હતું પણ તેનું સ્વરૂપ નાનું હતું અને હાલમાં જ્યાં આ નગર સ્થિત છે ત્યાનાં આસપાસના વિસ્તારમાં સ્થિત હતું. ભૌગોલિક સ્થાન જોતા કચ્છનાં રણને અડીને આવેલો પાટણ જીલ્લો તત્કાલીન સમયે ધોળાવીરાનાં માર્ગમાં હોય અને નાના સેન્ટર તરીકે વિકસિત હોય. વળી, નદી કાંઠે ઘણી પ્રાચીન સભ્યતાઓનો વિકાસ થયો છે તો આ પ્રદેશ તો અતિ પ્રાચીન એવી સરસ્વતી નદીના કાંઠે વસેલો છે અહી જો ઉત્ખનન સાથે યોગ્ય સંશોધન કરવામાં આવે તો અતિ પ્રાચીન સભ્યતાનાં મૂળ મળી આવવાની સંભાવના રહેલી છે.

ચાવડા વંશની રાજધાની તરીકે વિકાસ પામેલી આ નગરી સોલંકીકાળમાં તેની ચરમસીમાએ હતી અને આજે પણ વર્તમાન નગરની આસપાસનાં ૧૦૦ કી.મીનાં અંતરે વિવિધ સોલંકી કાલીન શિલ્પ સ્થાપત્યોની સમૃદ્ધિ જોવા મળે છે જેમાં પ્રાચીન દેવાલયો, તળાવ, વાવ, કુંડ વગેરેનો સમાવેશ થાય છે. સોલંકી કાળ દરમ્યાન પાટણની ખ્યાતિ સમગ્ર પશ્ચિમ ભારતમાં રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકેની હતી. સોલંકી શાસકો બાદ વાઘેલા વંશ અને ત્યારબાદ મુસ્લિમ શાસકો દ્વારા પાટણનો કારભાર સંભાળવામાં આવ્યો. મુસ્લિમ શાસકો સમયે પાટણને નહરવાલા તરીકે ઓળખવામાં આવતું. સમયાંતરે તત્કાલીન સુલતાન અહમદશાહનાં સમયમાં પાટણને બદલે રાજધાની અમદાવાદ ખસેડવામાં આવી. પાટણની ઘણી અસર નવા વસેલા પાટનગર અમદાવાદમાં રહી અને આજે પણ પાટણમાં આવેલા ઘણા વિસ્તાર, દરવાજાઓનાં નામ એજ જ મુજબનાં અમદાવાદમાં જોવા મળે છે.

પુનઃ ગાયકવાડ સરકારમાં દમાજીરાવ બીજા (ઈ.સ. ૧૭૩૨-૬૮) એ પોતાને વડોદરા, પાટણ વગેરે શહેરોનો કબજો મળતા પોતાનું વડુમથક પાટણ બનાવ્યું જો કે તેઓના અવસાન બાદ વડોદરાને વડુમથક તરીકે સ્થાપિત કરવામાં આવ્યું. સયાજીરાવ ત્રીજાના સમયમાં વડોદરા રાજ્યના ચાર પ્રાંત હતા જેમાં ઉત્તરમાં કડી પ્રાંત હતું જેમાં પાટણનો સમાવેશ થતો. હાલમાં પણ પાટણ નગરમાં ગાયકવાડ સમયના અનેક અવશેષો જોવા મળે છે. અહી આવેલ છત્રપતેશ્વેર મહાદેવનાં મંદિરનો વહીવટ આજે પણ ગાયકવાડ સરકારનું ટ્રસ્ટ કરે છે અને પૂજારીને પગાર ચૂકવે છે. આઝાદી બાદ વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતા પાટણનો મુંબઈ રાજ્યમાં સમાવેશ થયો અને ત્યારબાદ ૧૯૬૦માં ગુજરાત રાજ્યમાં સમાવવામાં આવ્યું ત્યારે પાટણ મહેસાણા જીલ્લામાં સમાવિષ્ટ હતું. ૦૨ ઓક્ટોબર ૨૦૦૦ નાં રોજ વર્તમાન પાટણ જીલ્લાની સ્થાપના કરવામાં આવી હતી.

વર્તમાન પાટણ નગરમાં ઈતિહાસ, ધર્મ અને પ્રવાસન દ્રષ્ટિએ જોવાલાયક સ્થળોની ઘણા મોટા પ્રમાણમાં છે જેમાં વિવિધ પ્રાચીન દરવાજાઓ, કિલ્લાની દિવાલ, વિવિધ દેવાલયો, જળાશયો, હસ્તકલાનાં કેન્દ્રો, બગીચા વગેરેનો સમાવેશ થાય છે. જેમાં વિશેષ સ્થળોની વિગતો અત્રે સામેલ છે.

૧. **સહસ્ત્રલિંગ તળાવ :** ૧૦૮૪માં રાજા સિદ્ધરાજ જયસિંહે આ તળાવ મહાન થવાની ખેવનાથી બંધાવ્યું ન હતું. રાણકી વાવની ઉત્તરે આવેલા સહસ્ત્રલિંગ તળાવ એટલે સો શિવલિંગનું તળાવ. રાજા દુર્લભરાયે બંધાવેલું આ તળાવ મૂળે દુર્લભ સરોવર તરીકે જાણીતું હતું.સિદ્ધરાજે તેના શાસન દરમિયાન ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઘણા કૃત્રિમ તળાવો બંધાવ્યા હતા. પરંતુ, આ તળાવ ટેકનોલોજી, સૌંદર્ય અને આધ્યાત્મિકતાના સંદર્ભમાં તમામથી ચડિયાતું છે. રાણકી વાવની જેમ આ તળાવ પાણીના મૂલ્યને ધ્યાનમાં રાખીને ચીવટપૂર્વકના જળ વ્યવસ્થાપનનું ઉદાહરણ પૂરું પાડે છે. ઉત્ખનન દરમિયાન સાત હેકટરના વિસ્તારમાં ફેલાયેલા અવશેષોમાંથી માત્ર ૨૦ ટકા જ બહાર કાઢવામાં આવ્યા હતા અને હુમલાઓમાં ત્રણ વાર તોડી નાખવામાં આવ્યું હોવા છતાં તેની ભવ્યતા હજુ મોજુદ છે. ત્યાં સુંદર કોતરણીકામવાળા ત્રણ વર્તુળોથી બનેલા સ્લુઈસ ગેટ છે. જેનાથી સરસ્વતી નદીનું પાણી આ તળાવમાં આવતું હતું અને એવું કહેવાય છે કે, આ તળાવમાં કુદરતી રીતે પાણીના શુદ્ધિકરણની વ્યવસ્થા હતી. આ જળાશયમાં દેવી-દેવતાઓની સુશોભિત મૂર્તિઓ અને છતને આધાર આપતા ૪૮ સ્તંભોની હારમાળાવાળા શિવ મંદિરના અવશેષો હતા.પાટણની પુણ્યશાળી ધરતી ઉપર હજુએ માનવતાનું ઝરણું વહેતું હોય તેમ ક્યાંક ને ક્યાંક જોવા મળે છે.



૨. **વીર મેઘમાયા મંદિર :** પાટણના ઐતિહાસિક સહસ્ત્રલિંગ તળાવની નજીકમાં જ વીર મેઘમાયા દેવનું સ્થાનક આવેલ છે. ઐતિહાસિક ઘટનાઓ પૈકીની એક વાયકા એવી પણ છે કે સહસ્રલિંગ તળાવમાં જસમાના શ્રાપનાં કારણે પાણી ટકતું ન હતું. આ શ્રાપના નિવારણનો માત્ર એક જ ઉપાય હતો અને તે હતો આ સરોવરમાં કોઇ બત્રીસલક્ષણા પુરૂષનું બલિદાન ! લોકો અને પશુ-પક્ષીઓની તરસ છીપાવવા માટે વીર મેઘમાયાએ પોતાના પ્રાણનું બલિદાન પ્રજાના કલ્યાણ અર્થે આપ્યું હોવાનું કહેવાય છે. આ વિરલ ઘટનાની યાદમાં માયા સાતમના દિવસે વીર મેઘમાયાનો વરઘોડો અને શોભાયાત્રા આખા પાટણ નગરમાં નીકળે છે. વીરમાયા મંદિરના વિકાસ અર્થે વીરમાયા ટ્રસ્ટની રચના પણ કરવામાં આવી છે અને તાજેતરમાં ગુજરાત સરકારશ્રી દ્વારા અહી વિકાસલક્ષી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

૩. **ત્રિકમ બારોટની વાવ :** ત્રિકમ બારોટની કે બહાદુરસંગની વાવ કે જે 'બારોટની વાવ'ના નામે ઓળખાય છે. કુમારપાળના સમયમાં ત્રિકમ બારોટની શહાદતની યાદમાં આ વાવ બંધાયેલ છે. આ વાવ ૧૮૯૨થી ૧૮૯૫માં સહસ્ત્રલિંગના જૂના પથ્થરોમાંથી બનાવેલી છે. નંદા પ્રકારની આ વાવમાં અનેકવિધ શિલ્પ જોઇ શકાય છે.

૪. **મશરૂ વણાટ :** પાટણમાં પટોળાંની જેમ મશરૂએ પણ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. રેશમ અને સૂતરની ગૂંથણીવાળું કાપડ એટલે 'મશરૂ. આ હસ્તકલાના કસબી અરુણભાઇ ચંપકલાલ ખત્રીએ પાટણના મશરૂને મશહુર બનાવવામાં સિંહફાળો આપ્યો છે.

પ્રાચીન સમયમાં મશરૂ શુધ્ધ રેશમમાંથી બનાવવામાં આવતું. આજનું મશરૂ આર્ટ સિલ્ક તથા કોટનયાર્નમાંથી બનાવવામાં આવે છે. આ મશરૂની ઉત્પાદન પ્રક્રિયા અટપટી છે તથા તેમાં કુશળતા માંગી લે છે. હાથસાળ પર વણાટપૂર્વે નવ જેટલી વિવિધ પ્રક્રિયાઓ થાય છે. મશરૂ શહેરોમાં સજાવટમાં વપરાય છે, તો આદિવાસી તિમાં લગ્નવસ્ત્રમાં, માતાજીના ચંદરવામાં વપરાય છે. યુવતઓના ણિયા, ચોળીમાં, બાળકોના ઘોડિયામાં તો અવિઠાના કફનમાં પણ તે વપરાય છે. શૈલી અને કાપડ મુજબ કટારિયા, કમખી, ટાંકણી, સોનેરિયા વગેરે પ્રકારો છે. મશરૂના ઉત્પાદનમાં ખત્રી પરિવારોની કુશળતા જાણીતી છે.

૫. **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી :** ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ની સ્થાપના પાટણ ખાતે ૧૭ મે ૧૯૮૬ના રોજ થઇ. ૨૨૭ એકર જમીનમાં પથરોયલી આ યુનિવર્સિટીના કેમ્પસમાં વહીવટીભવન, ગ્રંથાલય, મેનેજમેન્ટ, રસાયણ શાસ્ત્ર, કોમ્પ્યુટર, અંગ્રેજી, સંસ્કૃત, શિક્ષણ, ણિતશાસ્ત્ર, માઇક્રોબાયોલોજી ઉપરાંત અન્ય અભ્યાસક્રમોના ભવનો કાર્યરત છે. યુનિવર્સિટીના સુચારુ સંચાલન માટે વિવિધ સત્તામંડળોની સ્થાપના કરવામાં આવી છે. યુનિવર્સિટી કેમ્પસમાં ડાૅ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસકેન્દ્ર અને શેઠ તુલસીદાસ કિલાચંદ રંગભવન પણ બન્યું છે.

પ્રથમ કુલપતિ તરીકે સુપ્રસિધ્ધ શિક્ષણવિદ્ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકની નિયુકિત થઇ હતી. યુનિવર્સિટી દ્વારા ૧૯૯૧થી સંશોધનપત્ર 'ઉત્તરા' પ્રગટ કરવામાં આવે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના માનમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પુનઃ નામાભિધાન વર્ષ ૨૦૦૩ થી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કરવામાં આવ્યું. નેક એક્રીડીટેશનમાં A ગ્રેડ ધરાવતી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અંદાજિત ૩૬૨ ઉપરાંત કોલેજો જોડાયેલ છે અને અહી ૧,૭૦,૦૦૦ ઉપરાંત વિધાર્થીઓ શિક્ષણ મેળવી રહા છે તેમજ ૩૫૦ વિધાર્થીઓ બેસીને વાંચી શકે તેટલું મોટુ વાંચનાલય છે.



૬. **પ્રાચીન દરવાજાઓ અને કિલ્લો:** પાટણ શહેરના કિલ્લામાં બાર દરવાજા હતા અને એક બારી પણ બનાવી હોવાનું કહેવાય છે. પૂર્વકાળમાં મોટા શહેરોને બાર દરવાજા રાખવાની સામાન્ય પરંપરા હતી. તેથી જ અમદાવાદ, ખંભાત, વડોદરા, વડનગર વગેરે શહેરોને બાર દરવાજા બનાવેલા છે. જે તેના પુરદ્વારો ઉપરથી આજે પણ જાણી શકીએ છીએ.આ દરવાજાઓ પૈકી કનસડા દરવાજા, કોઠાકુઇ અને મોતીશા દરવાજાઓ પાટણ સુધરાઇએ વાહનવ્યવહારની સગવડ ખાતર પાડીનંખાવ્યા છે.બાર દરવાજા અને તેરમી બારી એવી લોકોકિત પાટણ માટે બોલાય છે.તે પ્રમાણે બારમી બારીનો દરવાજો ગુંગડી દરવાજા અને ખાનસરોવર દરવાજાની વચ્ચે આવેલો. જે ગુંગડી દરવાજાથી દોઢસો વાર દૂર હતો. એમ તેના એક શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. પાટણના દરવાજાઓનાં નામ અનુક્રમે બગવાડા,ગુંગડી,મીરાં,ભઠ્ઠીવાડો, ખાનસરોવર, મોતીશાહ, કનસડો, ફાટીપાળ, અધારો અને છીંડીયો મળી કુલ અગિયાર દરવાજાઓ છે. જ્યારે બારમી બારીના દરવાજાની મરામત હિજરી સંવત ૧૧૭૭ ઇ.સ. ૧૭૫૮ની આસપાસ, ફારમલ્લુસીદી અહમદકાસીમના વહીવટ વખતે કરવામા આવી હતી. એમ તેના એક શિલાલેખ ઉપરથી જાણી શકાય છે. આ સિવાય ફાટીપાળ અને કનસડા વચ્ચે એક ગણેશ બારી હતી. જેની નોંધ ફાર્બસ સાહેબે એકત્ર કરેલી પ્રાચીન નગરોની નોંધમાંથી મળે છે. આ બારી પૂરી નાખવામા આવેલી. પરંતુ ગણેશ દહેરીના અવશેષો હજુ ઉભા છે. પાટનગરોને ખાસ કરી બાર દરવાજા બનાવવામાં આવતા હતા. અમદાવાદને બાર દરવાજાઓ હતા એમ મિરાતે અહમદીની પૂરવણીમાં નોંધ્યું છે. આજે તો અમદાવાદને કુલ અઢાર દરવાજાઓ છે. તે પૈકી પંદર મોટા અને ત્રણ નાના. આ પંદર દરવાજાઓમાં બે બંધ કરી બે નવા પાડવામા આવ્યા છે.પરંતુ અમદાવાદનો કોટ બંધાવ્યો ત્યારે બાર દરવાજાઓ રાખવામા આવ્યા હતા. રાજવલ્લભમાં જણાવ્યા પ્રમાણે તેર રસ્તા ધરાવતું નગર મધ્યમ પ્રકારનું ગણાવ્યું. તે નિયમે પાટણના બાર દરવાજાઓ તરફ જવાના બાર માર્ગોનાનામોટા હશે.જ્યારે મુખ્ય રાજમાર્ગ પૂર્વથી પશ્ચિમ તરફ બગવાડાથી કનસડા સુધીનો મળી કુલ તેર રસ્તાઓ પાટણમાં હતા એમ માની શકાય. આમ શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે પાટણને મધ્યમ પ્રકારનું રાજનગર કહી શકાય તેમ છે.પાટણનો પ્રાચીન કિલ્લો વર્તમાન કાલિકા માતા મંદિર, સહસ્ત્રલિંગ તળાવ, રાણકી વાવ વગેરે મહત્ત્વના સ્મારકોના ફરતે રહ્યો હોય તેવા પુરાવા મળે છે,પરંતુ પ્રાચીન કિલ્લાનો એક માત્રબુરજ કાલિકા મંદિર પાસે વિધમાન છે.

હેરિટેજ વોક – કોઇ પણ ઐતિહાસિક નગરનાં ઇતિહાસ અને સંસ્કૃતિને ખુબ ઓછા સમયમાં જાણવા અને માણવા માટે હેરિટેજ વોક રૂટ તૈયાર કરવો શ્રેષ્ઠ માર્ગ છે. અમોએ પાટણ શહેરનો ૨.૫ કિમીનો હેરિટેજ વોક રૂટ તૈયાર કર્યો છે. જેમાં કુલ ૧૧ સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. છીંડીયા દરવાજાથી શરૂ થતી આ વોકમાં અનુક્રમે ત્રિકમ બારોટની વાવ, છત્રપતેશ્વેર મંદિર, પંચાસારા જૈન દેરાસર, અધારા દરવાજો, પ્રાચીન કિલ્લાની દીવાલ, ફાટીપાળ દરવાજો, કાલિકા માતાનું મંદિર, પટોળા હાઉસ મ્યુઝીયમ, પાટણ સિટી મ્યુઝીયમ અને અંતે રાણ કી વાવનો સમાવેશ થાય છે. આ વોક પ્રથમ અથવા અંતિમ બંને સ્થળોથી શરૂ કરી શકાય અને બે ભાષામાં (ગુજરાતી અને અંગ્રેજી) બ્રોશર્સ તૈયાર કરવામાં આવ્યા જેથી બહારથી આવનાર પ્રવાસી પોતાની અનુકુળતાએ જાતે જ વોક કરી શકે.

(લેખક અતુલ્ય વારસો સામયિકનાં તંત્રી છે.)

સ્નાન, દાન અને સન્માનનું મહત્વ સમજાવતો સિધ્ધપુરનો

કાર્તિકી પૂર્ણિમાનો મેળો



- અમિત ગઢવી

શ્રી સ્થળ તરીકે પુરાણોમાં પ્રચલિત સિદ્ધપુર નગરમાં પ્રતિ વર્ષ કારતક સુદ પૂનમનાં દિવસે આયોજિત થતો મેળો ખૂબ જ જાણીતો છે. આ મેળો પૌરાણિક અને અર્વાચીન બંને રીતે મહત્વ ધરાવે છે. પુરાણોમાં એક કથા છે કે દુઃશાસનના રકતપાનનું પાપ, કૌરવ કુળના નાશના મહાપાપના નિવારણ માટે શ્રી કૃષ્ણની સલાહથી શ્રી સ્થળ (સિધ્ધપુર) સરસ્વતી તેમજ બિંદુ સરોવરમાં સ્નાન કરી, દાન આપી, શ્રી માધવ ભગવાનનું પુજન–અર્ચન કરી ભીમસેન પાપ મુકત થયા હતા. તે દિવસે કાર્તિક સુદ ૧૪ નો દિવસ હતો. ગણેશ પુરાણમાં ઉલ્લેખ છે કે કાર્તિક પૂર્ણિમાએ ભગવાન શંકરે ત્રિપુર રાક્ષસનો સંહાર કર્યો હતો એટલે એ રાત્રિએ સર્વત્ર દિપોત્સવ થાય છે અને જે મનુષ્ય દિપોત્સવ કરતો નથી એનાં સર્વે પૂણ્યોનો નાશ થાય છે અને એને કોઈ કાર્યમાં યશ મળતો નથી. તેથી જ આજે પણ લોકો પૂર્ણિમાની રાત્રે નદીમાં દીવા તરતા મુકે છે.

વિક્રમ સંવત ૧૦૫૧માં રાજા મૂળરાજે પ્રાચીન સરસ્વતી નદીમાં સ્નાન કરી ઔદીચ્ય બ્રાહ્મણોને દાન પૂણ્ય કર્યુ હતું. તેથી તે દિવસ દાન દિન તરીકે ઓળખાય છે અને તેથી જ આજે પણ લોકો સ્નાન કરી, દાન કરી પૂણ્ય કમાવવાની ખેવના રાખે છે. કાર્તિકી માસમાં કરેલા સ્નાન, તપ, દાન, જપ, હોમ વગેરે બહુલ થાય છે. એટલે કે ઘણાં પ્રમાણમાં થાય છે. તેથી આ પૂર્ણિમાને "બહુલા પૂર્ણિમા" પણ કહેવામાં આવે છે.

આ દિવસોમાં માતૃશ્રાદ્ધનો મહિમા પણ ઘણો જ મોટો છે. વામન પુરાણમાં ઉલ્લેખ છે કે માતૃગયા તીર્થ સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધ કરવાથી વંશની વૃધ્ધિ થાય છે તથા ધન, આરોગ્ય અને વિજય પ્રાપ્ત થાય છે. આ પૌરાણિક કથાઓને આધારે આજે પણ આ લોકમેળો ઘણો પ્રચલિત છે.

આજે પણ કાર્તિકી ૧૪(ચૌદસ)ની રાત્રે બાર વાગે સરસ્વતી, ગંગા અને યમુનાનો ત્રિવેણી સંગમ થાય છે એવી લોકોની દૃઢ માન્યતા છે. આજે પણ આ લોક મેળોમાં રાધનપુર, વારાહી, સાંતલપુર, શિહોરી, ડીસા, પાટણ, પાલનપુર, ચાણસ્મા, સમી, હારીજ, અમદાવાદ, મહેસાણાની આજુબાજુનાં ગામોમાંથી લોકો મેળો માણવા હરખભેર આવે છે ક્યારેક વિદેશી પ્રવાસીઓ પણ મેળો માણવા આવે છે. આ મેળામાં



રબારી, ચૌધરી, પટેલ, ઠાકોર, અનુસુચિત જાતિ એમ વિવિધ સમાજનાં લોકો ધાર્મિક વિધિ માટે અને સ્નાન, દાન, જપ, તપ કરવા આવે છે અને બ્રાહ્મણોની ચોર્યાસી કરી અને ભોજન કરાવી દાન આપે છે.

આ મેળામાં અબાલ વૃદ્ધ આગવી રીતે મેળાની મજા લૂંટે છે. કાર્તિકી પૂર્ણિમાનો મેળો પહેલાં ત્રણ દિવસનો ભરાતો હવે છેલ્લા કેટલાય સમયથી સાત દિવસનો મેળો ભરાય છે. આ મેળામાં મનોરંજનનાં સાધનો જેવા કે નાના–મોટાં ચકડોળ, બીજી અધતન રાઈડો જેવી ટોરાટોરા, ક્રોસ ચકડોળ, મોટું નાવ, પાટાગાડી, સી પ્લેન, હરેકૃષ્ણ - હરેરામ ચકડોળ વિગેરે રાઈડો આવે છે. સાહસના ખેલો જેવા કે મોતનો કૂવો, સરકસ, જાદુના સ્ટોલ અને અન્ય સ્ટોલો વગેરે મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. આ મેળામાં વિવિધ પ્રકારની ચીઝ વસ્તુઓના વેચાણના સ્ટોલો જેવા કે બંગડીઓ, રમકડાં, અન્ય ઘરવપરાશની ચીજો વગેરે પણ ગોઠવવામાં આવે છે. જમવાની તેમજ નાસ્તા, ચા–પાણીના સ્ટોલો પણ રાખવામાં આવે છે. કાર્તિકી મેળામાં શેરડીનું વેચાણ મોટા પ્રમાણમાં થાય છે.

આ મેળાની અન્ય ધ્યાન ખેંચતી બાબત એ છે કે આ મેળામાં મોટા પ્રમાણમાં રાજસ્થાન તેમજ ગુજરાતના અન્ય સ્થાનોમાંથી મોટી સંખ્યામાં ઉંટો વેચાણ માટે આવે છે અને ઉંચી ઓલાદના ઘોડાઓનું પણ વેચાણ થાય છે. આમ પશુ બજારનો પણ મેળો મોટા પાયે ભરાય છે.

(લેખક પાટણના નાયબ માહિતી નિયામક છે.)

સાહિત્યમાં પાટણ



- ડૉ. શિવશંકર જોષી

ઐતિહાસિક નગરની ઓળખ ધરાવતું પાટણ સાહિત્ય અને શિક્ષણમાં પણ આગવી ઓળખ ધરાવે છે. પાટણ ગુજરાતના સામ્રાજ્યનું સત્તાકેન્દ્ર જ નહીં પણ વિધ્યાકળાનું કેન્દ્ર પણ રહ્યું છે. જેમાથી ગુજરાતની પોતાની આગવી સંસ્કારિતા તેમજ સાંસ્કુતિક અસ્મિતા પ્રગટી છે. અહીના જ્ઞાન ભંડારોમાં હજારો વર્ષ પુરાણા અને દુનિયાભરમાં અલભ્ય ગણાતા ગ્રંથો સચવાયલા છે . પાટણના જ્ઞાનભંડારોમાં તાડપત્ર, ભોજપત્ર,તેમજ કાપડ વગેરે પર લખાયેલા ગ્રંથો અને કેટલાકતો અદ્ભુત ચિત્રોથી સુશોભિત ગ્રંથો જોવા મળે છે. સ્થાપત્ય, શિલ્પ, કાપડ વણાટ, માટીના રમકડાં જેવી વિવિધ કલાનું કેન્દ્ર પાટણ સાહિત્યકલામાં પણ અગ્રેસર રહ્યું છે. અહી હેમચંદ્રાચાર્ય અને ભાલણ જેવા સમર્થ કવિઓએ સાહિત્ય સાધના કરી છે. સિધ્ધરાજ જયસિંહે માળવાના રાજા ભોજનો ગ્રંથભંડાર પાટણમાં લાવ્યા હતા. સિધ્ધરાજે હેમચંદ્રાચાર્યને વ્યાકરણ ના મૂળ સૂત્રો અને વિવેચન આધારિત સિધ્ધહેમ શબ્દાનુશાસન નામના ગ્રંથ રચવાની પ્રેરણા આપી. હેમચંદ્રાચાર્યએ જ્યારે આ ગ્રંથ લખી કાઢ્યો ત્યારે સિધ્ધરાજે આ મહાગ્રંથને સમ્માન આપવા માટે તેને શણગારેલા હાથી ઉપર આદરપૂર્વક મૂકી આખા પાટણ નગરમાં વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રાની વિશેષતા એ હતી કે ગ્રંથના રચયિતા હેમચંદ્રાચાર્ય અને ગુજરાતના રાજા સિધ્ધરાજ જયસિંહ બંને પગપાળા આ શોભાયાત્રામાં જોડાયા હતા।



હેમચંદ્રાચાર્ય જેઓ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર તરીકે ઓળખાય છે, સોલંકી યુગમાં થઇ ગયેલા જૈન મુનિ, વિદ્વાન, કવિ અને સાહિત્યકાર હતા. તેઓ સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમકાલીન હતા. ભારતીય ચિંતન, સાહિત્ય, અને સાધનાનાં ક્ષેત્રમાં આચાર્ય હેમચંદ્રનું નામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ એક મહાન ગુરુ, સમાજ-સુધારક, ધર્માચાર્ય અને અદ્ભુત પ્રતિભા હતા. સમસ્ત ગુર્જરભૂમિને તેમણે અહિંસામય બનાવી દીધી. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાડમયનાં દરેક અંગો પર નવા સહિત્યની રચના કરી તથા નવા પંથકોને આલોકીત કર્યાં. સંસ્કૃત અને પ્રાકૃત પર પણ તેમનું પ્રભુત્વ સમાન હતું. તેમણે લખેલા 'કાવ્યાનુશાસન' ગ્રંથે તેમને ઉચ્ચકોટિના કાવ્યશાસ્ત્રોનાં રચયિતાઓની શ્રેણીમાં પ્રસ્થાપિત કર્યાં. પૂર્વાચાર્યો પાસેથી ઘણું મેળવી તેમણે પરિવર્તિ વિચરકોનાં ચિંતન માટે વિપુલ સામગ્રી પ્રદાન કરી.

ભાલણ (૧૫મી સદી ઉત્તરાર્ધ-૧૬મી સદી પુર્વાર્ધ) મધ્યકાલીન ગુજરાતી કવિ હતા. તેઓ પાટણના વતની હતા અને સંસ્કૃતના પ્રકાંડ પંડીત હતા. તેઓ આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક હતા. તેમના ગુરુ શ્રીપત કે શ્રીપતિ હોવાનુ માનવામાં આવે છે. તેઓ સંસ્કૃતના સારા અભ્યાસી હતા અને તેમને વ્રજ ભાષાનું જ્ઞાન પણ હોવાની સંભાવના છે. જીવનના પ્રારંભિક વર્ષોમા દેવભક્ત હોય, પરંતુ એક થી વધારે દેવોની સ્તુતિ કરે છે એટલે સાંપ્રદાયિક નથી. જીવનના ઉત્તરાર્ધમા રામભક્તિ પર વધુ આસ્થા બનેલી દેખાય છે.

કવિના દશમસ્કંધ માંનાં કેટલાંક વ્રજ ભાષાનાં પદો પરથી કહી શકાય કે તેઓ વ્રજ ભાષાના જાણકાર હશે. પુરુષોત્તમ મહારાજ તરીકે એમની ખ્યાતિ હતી અને કવિ ભીમ પુરુષોત્તમને એમના ગુરુ તરીકે નિર્દેશ કરે છે. એ ભાલણ હોવાની સંભાવના છે. એણે સૌપ્રથમ વાર ગુજરાતી ભાષા માટે 'ગુજર ભાષા' એવો શબ્દપ્રયોગ કર્યો. ભાલણે આખ્યાનો અને પદોનું સર્જન કર્યું છે. અને બાણભટ્ટની મહિમાવંતી ગધકથા 'કાદંબરી 'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. કાદંબરી ભાલણની કીર્તિદા રચના છે. બાણભટ્ટની ગધકથા 'કાદંબરી'ને ૪૦ પધ-કડવાંવાળા આખ્યાન સ્વરૂપમાં ઢાળીને ભાલણે અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભાલણને 'આખ્યાનના પિતા' કહેવામાં આવે છે. કારણ કે એમની પૂર્વેની કવિતાઓમાં કથાત્મક કાવ્ય પ્રકારની ઉપાસના કરી છે, પરંતુ કડવાંબદ્ધ આખ્યાન શૈલીનો પ્રયોગ તો સૌપ્રથમ ભાલણે જ કર્યો હોવાનું જણાય છે.

ભાલણની રચનાઓમાં 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' સૌથી વધારે ધ્યાન ખેંચે છે. કનૈયાલાલ મુનશીની વિખ્યાત નવલકથા પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ ઉપરાંત તેની પહેલાંના ભીમદેવ સોલંકીના સમયમાં મહમદ ગઝનીના આક્રમણની કથા રજૂ કરતી જય સોમનાથ માં પાટણ કેન્દ્રમાં છે. એ સિવાય પણ સોલંકી કથા પર આધારિત નવલકથાઓમાં પાટણ કેન્દ્રવર્તી છે.તો કેટલાક ગીતોમાં, લોકસાહિત્યમાં અને લોકવાર્તામાં પણ પાટણનો ઉલ્લેખ જોવા મળે છે. આમ પાટણ પ્રાચીન કાળથી સાહિત્ય અને શિક્ષણમાં આગવી ઓળખ ધરાવે છે. આજે પણ પાટણના સાહિત્યકારો એનવી સર્જન કરી આ ધારાને શોભાવી રહ્યા છે.

(લેખક નાટ્યકાર અને વ્યવસાયે શિક્ષક છે.)

BAJAJ FINSERV

0% વ્યાજે

KING KOIL

Geeken
Seating Collection

સરળ હપ્તે ફર્નિચર વસાવો















ઘર તમારું... ફર્નિચર અમારું...



માપ લઈને ઓર્ડરથી ફર્નિચર
બનાવી આપવામાં આવશે.

કલાપી ફર્નિચર

(O.) 94263 23222
98250 71550

વી.કે.પ્લાઝાના ભોંયરામાં, SBI બેંકની બાજુમાં, ચતુર્ભુજ બાગની સામે, પાટણ.

ગુજરાત એટલે
ગૌરવ
ગુજરાત સ્થાપના દિવસની
હાર્દિક શુભકામના




શ્રી નરેન્દ્રભાઈ મોદી


શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ



BHAGWATI
jewellers

JAYRAJ ZAVERI
(PATANWALA)







www.bhagwatijewellersjz.com

શોરૂમ: ૭, ૮, ૯ સિલીકોન વેલી ગ્રાઉન્ડ ફ્લોર, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ
ફોન નંબર: +૯૧ ૯૮૭૯૫૧૯૨૯૮ | ૦૭૯ ૨૬૭૬૦૦૧૪/૧૫